# વિદ્યાપ્રવેશ

## (શાળા તત્પરતા કાર્યક્રમ)

## શિક્ષક આવૃત્તિ - ધોરણ ૧

(અજમાયશી)

વર્ષ 2022-23

| | |
|---|---|
| શિક્ષકનું નામ | |
| શાળાનું નામ | |

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન



# વિદ્યાપ્રવેશ

## (શાળા તત્પરતા કાર્યક્રમ)

## શિક્ષક આવૃત્તિ - ધોરણ ૧

(અજમાયશી)

વર્ષ 2022-23

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન


નિર્માણ

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.
ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૫

મુદ્રણ

तमसो मा ज्योतिर्गमय

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

**પ્રેરણા**

ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર-સમગ્ર શિક્ષા

**માર્ગદર્શન**

ડૉ. પી. એ. જલુ
નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
શ્રીમતી જયશ્રી દેવાંગન (IAS)
એ.એસ.પી.ડી., સમગ્ર શિક્ષા
શ્રી પી. કે. ત્રિવેદી
સચિવ, સમગ્ર શિક્ષા

**સંકલન**

વૈશાલીબેન ચાવડા
અનિલકુમાર ઉપાધ્યાય
ધર્મેશ રામાનુજ
ડૉ. હરેશ ચૌધરી
સૂચિત પ્રજાપતિ

**લેખન-સંપાદન**

રાજેશભાઈ પટેલ
પંકજકુમાર બારોટ
પ્રકાશભાઈ પ્રજાપતિ
નીલમબેન ડાભી
અતુલભાઈ પંચાલ
રીઝવાનાબેન મીરઝા
દીપાબેન પટેલ
નીમિષાબેન પ્રજાપતિ
મૌલીબેન સંખારીયા
જીજ્ઞાસાબેન પ્રજાપતિ
તરુણભાઈ કાટબામણા
રાજેન્દ્રભાઈ જાની
મિત્તલબેન પટેલ
મેઘનાબેન ચૌહાણ
અમિત શાહ

**સમીક્ષા**

કલ્પેશ પટેલ
નટવરસિંહ પરમાર
જશુભાઈ પટેલ
યાજ્ઞા સપાટવાલા
ડૉ. વિશ્વજીત યાદવ

**વિશેષ સહયોગ**

દક્ષિણામૂર્તિ - ભાવનગર


## પ્રસ્તાવના

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર શિક્ષણમાં ગુણવત્તા અને બાળકોમાં શાળા અભ્યાસક્રમ માધ્યમે જીવન શિક્ષણનું સિંચન થાય તે હેતુસર અહીં વિદ્યાપ્રવેશ અભિગમ મુજબ પ્રવૃત્તિ સભર અભ્યાસક્રમની રચના કરવામાં આવી છે.

દેશ સ્તરે સુનિશ્ચિત થયેલ અભિગમ મુજબ ધોરણની શરૂઆતના પ્રથમ ત્રણ માસ દરમિયાન પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન માટે બાળકોને તૈયાર કરવા માટે શાળા તત્પરતાને ધ્યાને લઈ વિદ્યાપ્રવેશની પ્રવૃત્તિઓ આપવામાં આવેલ છે. વિદ્યાપ્રવેશને બાળકનું આંગણવાડીમાંથી શાળાબાગ તરફ આવવાનું પ્રથમ ડગ માનીએ તો શાળામાં શિક્ષણ સાથે બાળકોને આવકાર, ઉષ્મા અને સમૂહનું સાનિધ્ય સારી રીતે મળી રહે તેવો આશય છે. આંગણવાડીમાં શિક્ષણની પ્રારંભિક સંકલ્પનાનો અનુભવ પામીને જે બાળક ભવિષ્યમાં શાળામાં પોતાનું શિક્ષણ કાર્ય શરૂ કરવા તરફ જઈ રહ્યાં છે તેના માટે પ્રારંભિક ત્રણ માસ સુધી શાળા સાથે વર્ગ તત્પરતાનું ભાવાવરણ નિર્માણ કરવાનું યજ્ઞકાર્ય કરવાનું છે.

અહીં વિદ્યાપ્રવેશ પ્રવૃત્તિ મોડ્યુલમાં ૧૦ સપ્તાહ માટે નિર્માણ થયેલ વિવિધ પ્રવૃત્તિઓ પ્રમુખ ત્રણ વિષયો પર આધારિત છે - ભાષા, ગણિત અને સ્વાસ્થ્ય સાથે અનુબંધિત પર્યાવરણ (FC, IL અને HW) અહીં બાળકોની પ્રવૃત્તિઓને કોઈ વિષયની સીમાઓમાં રાખીને શીખવવાની નથી, તેને સમૂહ, જોડી કે વ્યક્તિગત જે તે પ્રવૃત્તિ કરતાં-કરતાં અનુભવથી ખ્યાલ આવશે અને ધોરણ ૧ના અભ્યાસક્રમની અધ્યયન નિષ્પત્તિઓનું વિષયવસ્તુ શીખવાનો પાયો બળવત્તર બનશે.

વિદ્યાપ્રવેશ પ્રવૃત્તિ માટે દેશ સ્તરે નિર્માણ થયેલ વિષય આધારિત અધ્યયન નિષ્પત્તિઓનો લેખન-સંપાદનમાં પ્રમુખ આધાર લેવાયો છે. સાથે - સાથે ધોરણ ૧માં પ્રવેશ પામનાર બાળકના વય, રૂચિ, મનોવિજ્ઞાન, શારીરિક-માનસિક વિકાસની બાબતોને ધ્યાને લેવાયેલ છે. સમગ્ર વર્ષ દરમિયાન બાળકના શારીરિક, બૌદ્ધિક, સર્જનાત્મક, ભાષાકીય, સામાજિક અને ભાવનાત્મક વિકાસને પૂરતું પોષણ મળી રહે તેની દરેક પ્રવૃત્તિ રચના સમયે ખાસ કાળજી રાખવામાં આવી છે.

આપ સૌ વિદ્યાપ્રવેશની પ્રવૃત્તિઓ વર્ગમાં કરાવી શિક્ષણની ગુણવત્તા માટેની યાત્રામાં સહભાગી બનશો તેવી અભ્યર્થના...

**ડૉ. પી. એ. જલુ**
નિયામક, જી.સી.ઇ.આર.ટી.
ગાંધીનગર

**ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)**
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા
ગાંધીનગર

# અનુક્રમણિકા


| ક્રમ | વિષયવસ્તુ | પાન નંબર |
|---|---|---|
| ૧. | અધ્યયન નિષ્પત્તિ | ૧ |
| ૨. | મૂલ્યાંકન પત્રક - ૧ | ૬ |
| ૩. | મૂલ્યાંકન પત્રક - ૨ | ૯ |
| ૪. | મૂલ્યાંકન પત્રક - ૩ | ૧૨ |
| ૫. | સપ્તાહ - ૧ | ૧૫ |
| ૬. | સપ્તાહ - ૨ | ૨૨ |
| ૭. | સપ્તાહ - ૩ | ૨૯ |
| ૮. | સપ્તાહ - ૪ | ૩૮ |
| ૯. | સપ્તાહ - ૫ | ૪૭ |
| ૧૦. | સપ્તાહ - ૬ | ૫૫ |
| ૧૧. | સપ્તાહ - ૭ | ૬૪ |
| ૧૨. | સપ્તાહ - ૮ | ૭૩ |
| ૧૩. | સપ્તાહ - ૯ | ૮૪ |
| ૧૪. | સપ્તાહ - ૧૦ | ૯૩ |
| ૧૫. | મારી નોંધ | ૧૦૨ |

# નોંધ

## વિકાસાત્મક ઉદ્દેશ 1
## બાળકોનું શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય જળવાય
## (Health and Wellbeing = HW)

| મુખ્ય ક્ષમતાઓ | અધ્યયન નિષ્પત્તિઓ |
|---|---|
| • સ્વ જાગૃતિ<br>• સકારાત્મક સ્વસંકલ્પના<br>• સ્વ-નિયમન<br>• નિર્ણય શક્તિ અને સમસ્યા ઉકેલ<br>• સામાજિકતા તરફી વર્તનનો વિકાસ<br>• સ્વચ્છતાની જાળવણી, શૌચ, સ્વ-સુરક્ષાની સ્વાસ્થ્ય ટેવો પ્રત્યે સ્વજાગૃતિ<br>• શારીરિક હલનચલન / ગતિવિધિમાં સંતુલન (gross motor coordination) કૌશલ્યનો વિકાસ<br>• આંખ-હાથ સંકલન/તાલમેલ (eye hand coordination) અને fine motor skill કૌશલ્યનો વિકાસ<br>• વ્યક્તિગત અને સામૂહિક રમતોમાં ભાગીદારી | HW 3.1 : શારીરિક લક્ષણો, જાતિ, રસ, અણગમાને ધ્યાનમાં રાખીને પોતાનાં અને બીજાઓ વિશે વાત કરે છે.<br>HW 3.2 : સગાં સંબંધીઓ સાથે વ્યક્તિગત સંબંધ વિશેની સમજ કેળવે છે.<br>HW 3.3 : પ્રવૃત્તિઓ મુજબ સ્વાતંત્ર્ય વિચાર સાથે જોડાય છે.<br>HW 3.4 : સાદા નિયમો અને એક સાથે અપાયેલ એક કરતા વધુ સૂચનાને અનુસરે છે.<br>HW 3.5 : રોજિંદા સમયપત્રક/દિનચર્યામાં કોઈ ફેરફાર થાય તો અનુકૂલન સાધી શકે છે.<br>HW 3.6 : બીજાએ સોંપેલ કામ પૂરું કરવા ધ્યાન કેન્દ્રિત કરે છે.<br>HW 3.7 : શાબ્દિક અને અશાબ્દિક (ઈશારો, ચિત્ર દ્વારા) રીતે પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે.<br>HW 3.8 : પોતાના રસ મુજબ અગ્રતાને આધારે જવાબદારીનો સ્વીકાર કરે છે.<br>HW 3.9 : ઝઘડાઓના ઉકેલ સૂચવી અનુકૂલન સાધે છે.<br>HW 3.10 : રમત અને ચર્ચા દરમિયાન બીજાંના વિચારો સ્વીકારવાની તૈયારી દર્શાવે છે.<br>HW 3.11 : નાની અને મોટી જૂથ પ્રવૃત્તિઓ વખતે સહપાઠીઓને જરૂરિયાત મુજબ મદદ કરે છે.<br>HW 3.12 : વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની વિભિન્ન જરૂરિયાતોને સ્વીકારી તે અંગે સંવેદના વ્યક્ત કરે છે.<br>HW 3.13 : સામાન્ય સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને શૌચ સંબંધી સારી ટેવો વિકસાવે અને અનુસરે છે તેમજ યોગ્ય આહાર લે છે.<br>HW 3.14 : સારા-ખરાબ સ્પર્શ (વાલી અને શિક્ષકના માર્ગદર્શક થકી) બાબતે જાગૃત રહીને અજાણ્યાથી સલામત અંતર રાખે છે.<br>HW 3.15 : ઘર, શાળા અને રમતના મેદાનમાં સુરક્ષા અને સાવચેતીના સામાન્ય નિયમોને અનુસરે છે.<br>HW 3.16 : ચાલવું, દોડવું, કૂદવું, ચઢવું જેવી રોજિંદી પ્રવૃત્તિઓમાં શારીરિક હલનચલનમાં સંતુલન, નિયંત્રણ અને શક્તિ જાળવે છે. |

| | |
|---|---|
| | HW 3.17 : આસપાસની જગ્યામાં પ્રવૃત્તિ ઓળખે, ચકાસે, સંગીત અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદારી નિભાવે છે. |
| | HW 3.18a : ચોક્સાઈ અને નિયંત્રણ સાથે સુક્ષ્મ સ્નાયુ કૌશલ્ય (Fine motor skill) દાખવે છે.<br>HW 3.18b : સીધી લાઈનમાં કાપવું, રેડવું, બટન ખોલ બંધ કરવા જેવાં જટિલ કામ કરે છે.<br>HW 3.18c : લેખન, ચિત્રકામ માટે સાધન પર યોગ્ય પકડ (તર્જની/પહેલી આંગળી અને અંગુઠા વડે વસ્તુ પકડવી) સાથે સાધનનો ઉપયોગ કરે છે. |

## વિકાસાત્મક ઉદ્દેશ 2
## બાળકો અસરકારક પ્રત્યાયનકાર બને (EC)
## (Effective Communicators = EC)

| મુખ્ય ક્ષમતાઓ | અધ્યયન નિષ્પત્તિઓ (પ્રથમ ભાષા) |
|---|---|
| **બોલવું અને સાંભળવું**<br>● અર્થગ્રહણ સાથે સાંભળવું<br>● સર્જનાત્મક સ્વ-અભિવ્યક્તિ અને વાતચીત<br>● ભાષા અને સર્જનાત્મક વિચારણા<br>● શબ્દભંડોળનો વિકાસ<br>● સંવાદ અને વાતચીતનું કૌશલ્ય<br>● ભાષાના સાર્થક ઉપયોગો<br>**અર્થગ્રહણ સાથેનું વાચન**<br>● પુસ્તકો સાથે જોડાણ<br>● પ્રિન્ટ ચેતના અને અર્થનિર્માણ<br>● વાંચવાનો અભિનય (પ્રારંભિક વાચન)<br>● ધ્વનિ જાગૃતિ<br>● ધ્વનિ-ચિહ્ન સહસબંધ | ECL1 3.1 : ઘરે તથા શાળામાં નવા મિત્રો, અપરિચિત શિક્ષકો, શાળાની અન્ય વ્યક્તિઓ, બીજા મોટાઓ સાથે પોતાની ભાષામાં વાતચીત કરે છે. |
| | ECL1 3.2 : વાંચન કોર્નરમાંથી પુસ્તક પસંદ કરે અને ચિત્રોની મદદથી વાર્તા સમજવા પ્રયત્ન કરે, લેખિત સામગ્રી વિશે અનુમાન કરે છે. |
| | ECL1 3.3 : વાંચી સંભળાવેલ વાર્તા/કવિતા બાબતે પોતાનો અનુભવ પોતાની ભાષામાં કહે, તે વિશે મિત્રો સાથે વાતચીત કરે છે. |
| | ECL1 3.4 (a): પોતાની ભાષામાં રસપ્રદ કવિતાઓ, જોડકણાં, યોગ્ય ઉચ્ચાર અને આરોહ અવરોહ સાથે ગાય છે.<br>ECL1 3.4 (b): પોતાની ભાષામાં પરિચિત કવિતાઓ યોગ્ય ઉચ્ચાર સાથે અને લયબદ્ધ રીતે ગાય છે. |
| | ECL1 3.5 (a): પોતાને ગમતી વાર્તાનું પુસ્તક વાંચી સંભળાવવા શિક્ષકને આપે છે.<br>ECL1 3.5 (b): ચિત્રમાંની વસ્તુઓનું ધ્યાનપૂર્વક અવલોકન કરે છે, તેના વિશે વાત કરે છે અને નવા શબ્દોના નામ પોતાની રીતે લખે છે. |
| | ECL1 3.6 (a): પ્રિન્ટ સભાનતાની સમજ સાથે વાંચે છે.<br>ECL1 3.6 (b): ઘટનાઓના ક્રમ પ્રમાણે ચિત્રો ગોઠવીને વાર્તા કહે છે. |
| | ECL1 3.7 : પરિચિત વાર્તાઓ, કવિતાઓમાં પુનરાવર્તિત થતા ધ્વનિઓ-શબ્દો ઓળખે છે. |
| | ECL1 3.8 (a): વાર્તાઓ, કવિતાઓ અને ગીતોમાં પુનરાવર્તિત ધ્વનિઓ અને શબ્દો ઓળખે છે. |

| | |
|---|---|
| ● અનુમાન અને પૂર્વઅનુભવોનો ઉપયોગ<br>● આનંદ અને જુદા જુદા હેતુસર સ્વતંત્ર વાંચન<br>**સહેતુક લેખન**<br>● પ્રારંભિક સાક્ષરતા કૌશલ્યો<br>● સ્વ અભિવ્યક્તિ માટે લેખન<br>● અક્ષર અને ધ્વનિઓ વિશેના પોતાના જ્ઞાનનો ઉપયોગ કરે, લખવા માટે જુદા જુદા અક્ષરો જોડી નવા શબ્દો બનાવે (સાર્થક કે નિરર્થક) (Inventive spelling)<br>● પરંપરાગત રીતે લખવાના પ્રયત્ન કરે<br>● ચિત્ર કે શબ્દ અને અર્થપૂર્ણ વાક્યો સાથે વાંચીને પ્રતિક્રિયા આપે<br>● પ્રાસવાળા શબ્દો લખે<br>● નામ અને ક્રિયા સૂચવતા શબ્દોનો ઉપયોગ કરીને અર્થપૂર્ણ વાક્યો લખે<br>● મિશ્ર ભાષાના સંકેતોનો ઉપયોગ કરી પોતાને અભિવ્યક્ત કરવા માટે સંદેશા લખે<br>● વર્ગખંડની પ્રવૃત્તિઓમાં અને પોતાના ઘરે જુદા જુદા હેતુઓ માટે અર્થપૂર્ણ રીતે લખે જેમ કે યાદી બનાવવી, વડીલોને અભિવાદન કરવું, મિત્રોને લેખિત આમંત્રણ/ સંદેશો આપે | ECL1 3.8 (b): ચિત્ર અને લખાણનો, પૂર્વાનુભવ અને માહિતીનો, અક્ષર અને ધ્વનિના અનુબંધ વગેરેનો ઉપયોગ કરીને લેખિત સામગ્રી વિશે અનુમાન કરે છે.<br><br>ECL1 3.9 : પોતાનું/પોતાના મિત્રોનાં અને આસપાસની વસ્તુઓના નામ પોતાની રીતે લખવામાં અને લખાવવામાં રસ લે છે. |

## વિકાસાત્મક ઉદ્દેશ 3
## બાળકો સક્રિય અધ્યેતા બને અને નજીકના પર્યાવરણ સાથે જોડાય (IL)
## (Involved Learner = IL)

| મુખ્ય ક્ષમતાઓ | અધ્યયન નિષ્પત્તિઓ |
|---|---|
| **ઈન્દ્રિય વિકાસ**<br>● દૃષ્ટિ, અવાજ, સ્પર્શ, ગંધ, સ્વાદ | IL 3.1 : પર્યાવરણનું અવલોકન કરવા અને સમજવા માટે બધી ઈન્દ્રિયોનો ઉપયોગ કરે છે.<br>IL 3.2 : આસપાસના પર્યાવરણનાં વસ્તુઓ, અવાજ, પ્રાણી, પક્ષીનાં સૂક્ષ્મ/બારીક વિશેષતા નોંધે અને તેનું વર્ણન કરે છે. |
| **સંકલ્પના ઘડતર**<br>● રંગ, આકાર, અંતર, માપન, કદ, લંબાઈ, વજન, ઊંચાઈ, સમય<br>● આકાર, કદ, સ્થાન, દિશા, હિલચાલની સમજ<br>● એક એક સંગતતા (One to one correspondence) | IL 3.3 (a) : એકસાથે જોયેલી 4-5 વસ્તુ યાદ રાખે અને ફરી તે જણાવી શકે છે.<br>IL 3.3 (b) : પરિચિત વસ્તુના ચિત્રના 3 થી 5 ખૂટતા ભાગને ઓળખે છે.<br>IL 3.4 : બે જુદા જૂથની 5-6 વસ્તુઓ એક-એકની સાથે જોડે છે.<br>IL 3.5 : ત્રણ પરિબળો જેવાં કે આકાર, રંગ અને કદના આધારે વસ્તુઓની સરખામણી અને વર્ગીકરણ કરે છે.<br>સ્થાનવાચક શબ્દો (બાજુમાં, અંદર, નીચે...) યોગ્ય રીતે વાપરી વસ્તુનું વર્ણન કરે છે. |
| **માપન**<br>● લંબાઈ, દળ, જથ્થો, તાપમાન | IL 3.6 : આકાર, કદ, ઘટનાની સંખ્યાને આધારે 4 થી 5 વસ્તુ/ચિત્રકાર્ડને ક્રમિક રીતે ગોઠવે છે.<br>IL 3.7 : વાર્તા કહેવાતી હોય ત્યારે ઘટનાઓનો ક્રમ સમજે છે જેમ કે, 'પહેલાં શું થયું?', 'રાત્રે કોણ આવ્યું?' વગેરે |
| **બોધાત્મક કૌશલ્ય**<br>● અવલોકન, ઓળખ, સ્મૃતિ, જોડાણ, વર્ગીકરણ, ભાત, ક્રમિક વિચારણા, સર્જનાત્મક ચિંતન, વિવેચનાત્મક ચિંતન, સમસ્યા ઉકેલ, તાર્કિક ચિંતન, જિજ્ઞાસા, પ્રયોગશીલતા, શોધખોળ | IL 3.8 (a) : સાદી સમસ્યાનો કારણ સાથે ઉકેલ આપે છે.<br>IL 3.8 (b) : પર્યાવરણ અંગે શોધખોળ કરે (સમજે) અને તેમનો જુદી જુદી રીતે ઉપયોગ કરે, પ્રશ્નો પૂછે, શોધે અને પોતાનું મંતવ્ય ઘડે અને અનુમાન કરે છે.<br>IL 3.8 (c) : પર્યાવરણની ચિંતાઓ (જેમ કે પાણીનો બગાડ કરવો નહીં, જરૂર ન હોય ત્યારે વિજળીના સાધનો બંધ રાખવાં) બાબતે સભાનતા અને સંવેદના વ્યક્ત કરે છે. |
| **સંખ્યા જ્ઞાન**<br>● ગણે અને કેટલા છે તે કહે<br>● સંખ્યાની ઓળખ<br>● 10 સુધીની ક્રમિક સંખ્યાના ક્રમની સમજ | IL 3.9 : દસ વસ્તુઓ ગણે છે.<br>IL 3.10 : કોઈ ચોક્કસ અંકથી શરૂ કરીને 9 સુધી, આગળ કે પાછળની ગણતરી કરે છે.<br>IL 3.11 : 9 સુધીના અંકોને ઓળખે અને લખે છે.<br>IL 3.12 : વસ્તુઓ સંખ્યાત્મક રીતે ઘટતી જઈ છેવટે શૂન્ય થઈ જાય છે તે સમજ અભિવ્યક્ત કરે (ઉદા. એક ડાળખી પર ત્રણ પક્ષી છે, એક પછી એક એમ ઉડી ગયાં, છેલ્લે ડાળખી પર એક પણ પક્ષી રહ્યું નહિ) |

<table>
<tr><td rowspan="14">

**આકાર**

- દ્વિપરિમાણીય, ત્રિપરિમાણીય સીધી લીટી, વાંકી લીટી, સપાટ અને ખરબચડી સપાટી

**અનાજ**

- ભૌતિકઃ પાણી, હવા, ઋતુ, સૂર્ય, ચંદ્ર, દિવસ અને રાત
- સામાજિકઃ પોતે, કુટુંબ, વાહનવ્યવહાર, તહેવાર, સમાજ, સહાયકો વગેરે

**ગાણિતિક ક્રિયાઓ**

- સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર
- ડેટા હેન્ડલિંગ/માહિતી નિયમન
- તરાહ/Pattern
- કેલેન્ડરની પ્રવૃત્તિ
- તકનિકીનો ઉપયોગ

</td><td>IL 3.13 : 10 સુધીની સંખ્યા માટે બે સંખ્યા સરખાવે છે. 'થી વધારે' 'થી ઓછું' જેવા શબ્દોનો ઉપયોગ કરે છે.</td></tr>
<tr><td>IL 3.14 : 9 સુધીની સંખ્યા માટે વસ્તુઓના બે જૂથ ભેગાં કરે અને ફરીથી ગણે છે.</td></tr>
<tr><td>IL 3.15 : કોઈ જૂથમાંથી 9 સુધીની વસ્તુઓ લે અને ફરીથી ગણે છે.</td></tr>
<tr><td>IL 3.20 : ભારતીય ચલણી નોટો ઓળખે છે.</td></tr>
<tr><td>IL 3.21 : ત્રણ વસ્તુઓની લંબાઈને આધારે સરખાણી કરે છે. જેમ કે, 'સૌથી લાંબુ', 'થી લાબું', 'સૌથી ટૂંકું', 'થી ટૂંકું'</td></tr>
<tr><td>IL 3.22 : બે વસ્તુની વજનના સંદર્ભે સરખામણી કરે છે, જેમ કે, 'થી વજનદાર', 'થી હલકું'</td></tr>
<tr><td>IL 3.23 : બોટલ, પ્યાલા, ડોલ જેવી બે વસ્તુઓની ગુંજાશની સરખામણી કરે છે.</td></tr>
<tr><td>IL 3.25 : સમતલ પર દ્વિપરિમાણીય છાપને ત્રિપરિમાણીય વસ્તુ સાથે યોગ્ય રીતે જોડે છે.</td></tr>
<tr><td>IL 3.26 : રોજિંદા સંદર્ભમાં અડધી રોટલી, અડધું પવાલું પાણી એમ શબ્દોનો ઉપયોગ કરે છે.</td></tr>
<tr><td>IL 3.27 : પાનાં કે આંગળાં વગેરે જેવી વસ્તુઓની છાપ વડે નવી તરાહ (પેટર્ન) બનાવે છે.</td></tr>
<tr><td>IL 3.28 : આસપાસની પરિસ્થિતિઓના આધારે નિષ્કર્ષ કાઢે છે. જેમ કે, મારી પાસે લાલ કરતાં ભૂરી પેન વધારે છે.</td></tr>
<tr><td>IL 3.29 : અઠવાડિયાના વાર અને વર્ષના મહિનાના નામ બોલે છે.</td></tr>
<tr><td>IL 3.30 : આસપાસમાં સામાન્ય રીતે ઉપલબ્ધ તકનિકી સાધનોનો ઉપયોગ વર્ણવે છે.</td></tr>
</table>

**સ્રોતઃ NIPUN BHARAT**

અમલીકરણ માર્ગદર્શિકા, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર (MoE, 2021a)

https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/NIPUN_BHARAT_GUIDELINES_EN.pdf

# પ્રથમ મૂલ્યાંકન

**ઉદ્દેશ્ય:** બાળકોનો શાળાકીય કાર્યક્રમોમાં રસ વિકસાવવા અને શાળાના વાતાવરણ અને શિખવાની પ્રક્રિયામાં બાળકોને જોડાવા મદદ કરવી.

**બાળકનું નામ:** ______________________________ **નંબર:** ________

**વજન:** ________ **ઊંચાઈ:** ________

**વ્યક્તિગત સ્વચ્છતા (સુઘડ છે અથવા સુધારાની જરૂર છે)**

**કપડાં:** ________ **નખ:** ________ **દાંત:** ________ **આંખો:** ________

**કાન:** ________ **નાક:** ________ **વાળ:** ________

| અનુકૂલન અને નિત્યક્રમ/નિયમોનું પાલન | ભાગ્યે જ | ક્યારેક | હંમેશાં |
|---|---|---|---|
| શાળાએ ખુશીથી આવે છે. | | | |
| શિક્ષકો અને સહપાઠીઓને આવકારે છે. | | | |
| પોતાની અને અન્યની વસ્તુઓની કાળજી લે છે. | | | |
| વડીલો, લોકો, શિક્ષકો અથવા સહપાઠી સાથે સારો સંબંધ ધરાવે છે. | | | |
| સહપાઠી સાથે સામગ્રી વહેંચે છે. | | | |
| પોતાનો વારો આવે તેની રાહ જુવે છે. | | | |
| જૂથની પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લે છે. | | | |
| પ્રવૃત્તિઓ દરમિયાન પહેલ કરે છે. | | | |
| નિત્યક્રમ અને રમતના નિયમોને અનુસરે છે. | | | |
| સરળ સૂચનાઓને અનુસરે છે. | | | |

| આઉટડોર રમતો અને પ્રવૃત્તિઓમાં ભાગીદારી | મદદની જરૂર છે. | મુશ્કેલી સાથે કરી શકે છે. | કરી શકે છે. |
|---|---|---|---|
| શરીરનું સમતોલન રાખી આગળ-પાછળ અને વાંકા-ચૂંકા ચાલે છે. | | | |
| જરૂરિયાત અનુસાર ઝડપથી કે ધીમું દોડે છે. | | | |
| બન્ને હાથથી બોલ ફેંકે છે અને પકડે છે. | | | |

| સર્જનાત્મક સૌન્દર્યલક્ષી અને ફાઈન મોટર (સુક્ષ્મ સ્નાયુ કૌશલ્ય) સ્કીલના વિકાસ માટેની કલા પ્રવૃત્તિઓમાં ભાગીદારી | મદદની જરૂર છે. | મુશ્કેલી સાથે કરી શકે છે. | કરી શકે છે. |
|---|---|---|---|
| રંગ અને ક્રમ મુજબ માળા પરોવે છે. | | | |
| મુક્ત ચિત્રકામ (ફ્રી હેન્ડ ડ્રોઇંગ) સરળતાથી કરે છે. | | | |
| કાતરકામ અને ચીટકકામ કરે છે. | | | |
| ક્લે (માટી) અથવા લોટ વડે જુદા જુદા આકારો બનાવે છે. | | | |

| સંખ્યાજ્ઞાન કૌશલ્યો અને પર્યાવરણ જાગૃતિનું નિદર્શન | મદદની જરૂર છે. | મુશ્કેલી સાથે કરી શકે છે. | કરી શકે છે. |
|---|---|---|---|
| પર્યાવરણમાં રહેલી વસ્તુઓનું નિરીક્ષણ કરવા માટે જિજ્ઞાસા અને ઉત્સાહ દર્શાવે છે. | | | |
| ઇન્દ્રિયો (સ્પર્શ, ગંધ, સ્વાદ, દૃષ્ટિ અને અવાજ)નો ઉપયોગ કરીને પદાર્થોને ઓળખે છે. | | | |
| પદાર્થોને કોઈ એક લક્ષણ (આકાર/રંગ/કદ) સાથે જોડે છે. | | | |
| બે ચિત્રોની સરખામણી કરીને તફાવત શોધે છે. | | | |
| મૂળભૂત રંગોને જોડે છે, ઓળખે છે, નામ આપે છે અને અલગ તારવે છે. | | | |
| સમગ્ર અને તેનાં કોઈ એક ભાગનું સમજણપૂર્વક નિદર્શન કરે છે. | | | |

| મૌખિક અભિવ્યક્તિનું નિદર્શન | ભાગ્યે જ | ક્યારેક | હંમેશાં |
|---|---|---|---|
| વડીલો અને બાળકો સાથે મુક્ત રીતે વાત કરે છે. | | | |
| મૌખિક અને બિનમૌખિક હાવભાવ દ્વારા લાગણીઓ, જરૂરિયાતો વ્યક્ત કરે છે અને રસ દર્શાવે છે. | | | |
| આખા વાક્યો સ્પષ્ટ રીતે બોલે છે. | | | |

| ઉભરતા વાચન કૌશલ્યોનું નિદર્શન | ભાગ્યે જ | ક્યારેક | હંમેશાં |
|---|---|---|---|
| ચિત્રો, પુસ્તકો અને અન્ય છાપેલી સામગ્રીનું અવલોકન કરે છે. | | | |
| વાર્તાઓ અને જોડકણાં ધ્યાનથી સાંભળે છે. | | | |
| ચિત્રમાં રહેલ વસ્તુઓના નામ આપે છે. | | | |
| વાક્યમાં શબ્દો ઓળખે છે. | | | |
| પ્રાસવાળા શબ્દો ઓળખે છે. | | | |

| ઉભરતા લેખન કૌશલ્યોનું નિદર્શન | ભાગ્યે જ | ક્યારેક | હંમેશાં |
|---|---|---|---|
| યોગ્ય રીતે પેન્સિલ પકડે છે. | | | |
| રેતી અને હવામાં યોગ્ય રીતે આંગળીઓ ફેરવે છે. | | | |
| વિચારો, પરિસ્થિતિઓ, ઘટનાઓ વગેરેને પ્રસ્તુત કરવા માટે પોતાની રીતે લખી અથવા દોરી શકે છે. | | | |

**બાળકની વિશેષ રુચિઓ અને પ્રતિભાઃ** ____________________________________________

____________________________________________________________

____________________________________________________________

**હાજરી** **અત્યાર સુધીના કાર્ય દિવસ** _____ **નિયમિતતા** **હા** _____ **ના** _____

**અત્યાર સુધીના હાજર દિવસ** _____

**વિશેષ સૂચનઃ** ____________________________________________

____________________________________________________________

____________________________________________________________

**તારીખ સાથે શિક્ષકની સહીઃ** ____________________

**માતા-પિતા / વાલીની સહીઃ** ____________________

**મુખ્ય શિક્ષકની સહીઃ** ____________________

# દ્વિતીય મૂલ્યાંકન

**ઉદ્દેશ્ય:** પાયાનાં અધ્યયન કૌશલ્ય વિકસાવવા.

**બાળકનું નામ:** ______________________________ **નંબર:** ________

**વજન:** ________ **ઊંચાઈ:** ________

**વ્યક્તિગત સ્વચ્છતા (સુઘડ અથવા સુધારાની જરૂર છે)**

**કપડાં:** ________ **નખ:** ________ **દાંત:** ________ **આંખો:** ________

**કાન:** ________ **નાક:** ________ **વાળ:** ________

| અનુકૂલન અને નિત્યક્રમનું પાલન/નિયમો | ભાગ્યે જ | ક્યારેક | હંમેશાં |
|---|---|---|---|
| જૂથ પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લે છે. | | | |
| પ્રવૃત્તિઓ દરમિયાન પહેલ કરે છે. | | | |
| પરિસ્થિતિને અનુરૂપ લાગણીઓ વ્યક્ત કરે છે. | | | |
| અન્ય લોકોની લાગણીઓ તેમજ વાર્તાઓ અને ચિત્રોમાં વ્યક્ત થતી લાગણીઓને ઓળખે છે. | | | |
| અન્ય લોકો સાથે સામાજિક સંબંધો બાંધવાનો પ્રયાસ કરે છે. | | | |
| રમતના નિયમોને અનુસરે છે. | | | |
| વર્ગખંડ વ્યવહાર દરમિયાન રોજિંદા નિયમોને અનુસરે છે. | | | |
| એક સાથે અપાયેલી એક કરતાં વધુ સૂચનાઓને અનુસરે છે. | | | |
| સ્વતંત્ર રીતે વર્ગખંડની પ્રવૃત્તિઓ કરી શકે છે. | | | |
| પ્રવૃત્તિઓમાં સામેલગીરીના સમયમાં વધારો જોવા મળે છે. | | | |
| અભિનય અને નાટ્યીકરણમાં પોતાને જોડે છે. | | | |

| આઉટડોર રમતગમત પ્રવૃત્તિઓમાં ભાગ લેવો | મદદની જરૂર છે. | મુશ્કેલી સાથે કરી શકે છે. | કરી શકે છે. |
|---|---|---|---|
| ચોક્કસ દિશામાં દડો ફેંકે છે. | | | |
| ટૂંકા અંતરેથી ફેંકાયેલાં દડાને પકડે છે. | | | |
| રેતી અને પાણીની રમતોમાં પોતે સામેલ થાય છે. | | | |
| લક્ષ્ય અથવા ચોક્કસ દિશા તરફ દડાને લાત મારે છે. | | | |
| યોગ, સ્ટ્રેચિંગ કસરતો અને અભિનય ગીતમાં ચપળતા બતાવે છે. | | | |
| લંગડી કરીને આગળ અને પાછળ જાય છે. | | | |

| સર્જનાત્મક માટે કલા પ્રવૃત્તિઓમાં ભાગ લેવો, સૌંદર્યલક્ષી અને સરસ પ્રેરક વિકાસ | મદદની જરૂર છે. | મુશ્કેલી સાથે કરી શકે છે. | કરી શકે છે. |
|---|---|---|---|
| સરળ ઓરીગામી અથવા કાગળ કામ કરે છે. | | | |
| કાગળમાં કરચલીઓ પાડી અને ચોંટાડે છે. | | | |
| બારીક વિગતો સાથે ચિત્ર દોરે છે. | | | |
| નાની જગ્યાઓમાં રંગપૂરણી કરે છે. | | | |
| કલર સ્પ્રે વડે રંગકામ કરે છે. | | | |
| વિવિધ પ્રકારની વસ્તુઓ વડે છાપકામ કરે છે. | | | |
| ક્લે અથવા લોટ વડે મૂળભૂત આકારો બનાવે છે. | | | |

| સંખ્યાજ્ઞાન કૌશલ્યો અને પર્યાવરણીય જાગૃતિનું નિદર્શન | મદદની જરૂર છે. | મુશ્કેલી સાથે કરી શકે છે. | સરળતાથી કરી શકે છે. |
|---|---|---|---|
| માર્ગદર્શન આપવાથી સરળ કુદરતી ઘટનાઓનું અવલોકન કરે છે. | | | |
| એક કરતા વધુ લક્ષણ (આકાર/રંગ/કદ) પર આધારિત વસ્તુઓ અલગ કરે છે. | | | |
| વસ્તુઓને ક્રમમાં ગોઠવે છે. (કદ/લંબાઈ/ઊંચાઈ) | | | |
| પેટર્ન (તરાહ) ઓળખે છે અને પૂર્ણ કરે છે. (AA, BB/AB, BA) | | | |
| આકારોને ઓળખે છે અને નામ આપે છે. (વર્તુળ, ચોરસ, ત્રિકોણ, લંબચોરસ) | | | |
| 2 થી 4 અવરોધો સાથેની જટિલ ભુલભુલામણી (mazes) ઉકેલે છે. | | | |
| ખૂટતાં ભાગને ઓળખે છે. | | | |
| કદ (લંબાઈ અને ઊંચાઈ) ના આધારે વસ્તુઓને ક્રમમાં ગોઠવે છે. | | | |
| સરળ બિન-પ્રમાણભૂત માપન પ્રવૃત્તિઓ સ્વતંત્ર રીતે કરે છે. | | | |
| ટૂંકા, ઊંચા, મોટા, નાના, ભારે અને હલકું જેવા શબ્દોનો ઉપયોગ કરે છે. | | | |

| મૌખિક અભિવ્યક્તિનું નિદર્શન | ભાગ્યે જ | ક્યારેક | હંમેશાં |
|---|---|---|---|
| ધ્યાનથી સાંભળી ટૂંકાં લખાણો વિશે સમજણ આપે છે. | | | |
| ટૂંકાં વાક્યો વડે કોઈ પણ ઘટના અથવા દૃશ્યનું વર્ણન અને પુનરાવર્તન કરે છે. | | | |
| અક્ષરો ઓળખે છે, ભેળવે છે અને છૂટા કરે છે. | | | |
| સામાન્ય શબ્દોના શરૂઆતના અને અંતના ધ્વનિ ઓળખે છે. | | | |
| રચનાત્મક રીતે પોતાને વ્યક્ત કરે છે. | | | |
| ગીતો અને જોડકણાંનું ગાન કરે છે. | | | |

| પાંગરતા વાંચન કૌશલ્યનું નિદર્શન | ભાગ્યે જ | ક્યારેક | હંમેશાં |
|---|---|---|---|
| વારંવાર આવતા શબ્દોને ઓળખે છે. | | | |
| શબ્દો વાંચવાનો પ્રયાસ કરે છે. ધ્વનિ અને તેના ચિહ્નોના સંબંધને ઓળખે છે. | | | |
| ડાબેથી જમણે લખવું, ઉપરથી નીચે વાંચવું જેવી બાબતોને સમજવાનો પ્રયત્ન કરે છે. | | | |

| પાંગરતા લેખન કૌશલ્યનું નિદર્શન | ભાગ્યે જ | ક્યારેક | હંમેશાં |
|---|---|---|---|
| લેખનકાર્ય અથવા રંગકામ માટેનાં સાધનો સારી રીતે પકડી શકે છે. | | | |
| લેખન કાર્ય માટેના સાધનનો યોગ્ય રીતે ઉપયોગ કરે છે. | | | |
| પોતાનાં ચિત્રો સમજે છે અને તેને સરળ શબ્દોનો ઉપયોગ કરીને સમજાવે છે. | | | |

**બાળકની વિશેષ રુચિઓ અને પ્રતિભાઃ** ____________________

____________________

____________________

**હાજરી** **અત્યાર સુધીના કાર્ય દિવસ** _____ **નિયમિતતા** **હા** _____ **ના** _____

**અત્યાર સુધીના હાજર દિવસ** _____

**વિશેષ સૂચનઃ** ____________________

____________________

____________________

**તારીખ સાથે શિક્ષકની સહીઃ** ____________________

**માતા-પિતા / વાલીની સહીઃ** ____________________

**મુખ્ય શિક્ષકની સહીઃ** ____________________

# તૃતીય મૂલ્યાંકન

ઉદ્દેશ્યઃ પાયાના શૈક્ષણિક કૌશલ્યો વિકસાવવા.

બાળકનું નામઃ ______________________ નંબરઃ ________

વજનઃ ________ ઊંચાઈઃ ________

વ્યક્તિગત સ્વચ્છતા (સુઘડ અથવા સુધારાની જરૂર છે)

કપડાંઃ ________ નખઃ ________ દાંતઃ ________ આંખોઃ ________

કાનઃ ________ નાકઃ ________ વાળઃ ________

| અનુકૂલન અને નિત્યક્રમનું પાલન/નિયમો | ભાગ્યે જ | ક્યારેક | હંમેશાં |
|---|---|---|---|
| અન્ય લોકો સાથે સામાજિક સંબંધો બાંધવાનો પ્રયત્ન કરે છે. | | | |
| પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. | | | |
| સમસ્યાઓના ઉકેલો સૂચવે છે અને સમાયોજન કરે છે. | | | |
| સાચા અને ખોટા વચ્ચેનો ભેદ પારખે છે. | | | |
| શાળામાં વડીલો/શિક્ષકો અથવા બાળકોને મદદ કરે છે. | | | |
| અન્યની, ખાસ કરીને દિવ્યાંગ બાળકોની લાગણીઓ અને જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે. | | | |
| પોતાની સામગ્રી વહેંચીને ભાઈચારો અને જૂથ ભાવના દર્શાવે છે. | | | |
| એક સાથે એક કરતાં વધારે સૂચનાઓને અનુસરે છે. | | | |

| મેદાની રમતગમત પ્રવૃત્તિઓમાં ભાગ લેવો | મદદની જરૂર છે. | મુશ્કેલી સાથે કરી શકે છે. | સરળતાથી કરી શકે છે. |
|---|---|---|---|
| દડા વડે લક્ષ્ય તાકે છે. | | | |
| સ્થળ પર કૂદી શકે છે/હોપિંગ રેસ (કૂદવાની હરીફાઈ)માં ભાગ લે છે. | | | |
| રમતો, નૃત્ય અને યોગ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. | | | |

| સર્જનાત્મક સૌંન્દર્યલક્ષી અને ફાઈન મોટર (સુક્ષ્મ માંસપેશી) કૌશલ્ય વિકાસ માટે કલાની પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. | મદદની જરૂર છે. | મુશ્કેલી સાથે કરી શકે છે. | સરળતાથી કરી શકે છે. |
|---|---|---|---|
| કાતરના ઉપયોગ વડે ચિત્રો કાપીને ચોંટાડે છે. | | | |
| આંગળીના ટેરવા વડે છાપકામ કરે છે. | | | |
| ટપકાં જોડીને ચિત્રમાં રંગ પૂરે છે. | | | |
| કાગળને કાતર વડે કાપીને ચોંટાડે છે. | | | |

| સંખ્યાજ્ઞાન કૌશલ્યો અને પર્યાવરણીય જાગૃતિનું નિદર્શન | મદદની જરૂર છે. | મુશ્કેલી સાથે કરી શકે છે. | સરળતાથી કરી શકે છે. |
|---|---|---|---|
| સરળ કુદરતી ઘટનાઓનું અવલોકન કરે છે અને તેનું વર્ણન કરે છે. | | | |
| પૂછવામાં આવે ત્યારે ક્રમમાં 1 થી 10 અંકો બોલે છે. | | | |
| મહત્તમ 10 અંક સુધી સંખ્યામાં વધારો કરવાની સમજ દર્શાવે છે. | | | |
| આપેલ અંકથી આગળની સંખ્યા ગણી શકે છે. (10 સુધી) | | | |
| ઓછા અને વધારે જથ્થાની સમજ ધરાવે છે. | | | |
| બટન, કઠોળ જેવી વગેરે સામગ્રીનો ઉપયોગ કરીને અંકોના આકાર બનાવે છે. | | | |
| 1 થી 10 સુધી અંકો લખે છે. | | | |
| પેટર્ન આગળ વધારે છે અને બનાવે છે. | | | |
| ભૂલભુલામણી (મેઝ) અથવા કોયડાઓ ઉકેલે છે. | | | |
| વસ્તુઓ અને ઘટનાઓ બાબતે વિચારે છે અને તેને ક્રમબદ્ધ વર્ણવે છે. | | | |

| મૌખિક અભિવ્યક્તિનું નિદર્શન | ભાગ્યે જ | ક્યારેક | હંમેશાં |
|---|---|---|---|
| શ્રવણ અર્થગ્રહણ કરે છે અને જવાબો આપે છે. | | | |
| આખા વાક્યોમાં વર્ણન કરે છે. | | | |
| અર્થપૂર્ણ વાતચીતમાં જોડાય છે. | | | |
| શબ્દોના પહેલા અને છેલ્લાં ધ્વનિને ઓળખે છે. | | | |
| સર્જનાત્મક રીતે જવાબો આપે છે અને પ્રશ્નો પૂછે છે. | | | |

| ઉભરતા વાંચન કૌશલ્યનું નિદર્શન | ભાગ્યે જ | ક્યારેક | હંમેશાં |
|---|---|---|---|
| પરિચિત વાર્તાની શરૂઆત, મધ્ય અને અંતની ઘટનાઓને ક્રમબદ્ધ કહે છે.<br>વાચન કોર્નરમાંથી પુસ્તકો પસંદ કરે છે. | | | |
| ચિત્રોની મદદથી શબ્દો સમજે છે. | | | |

| ઉભરતા વાંચન કૌશલ્યનું નિદર્શન | ભાગ્યે જ | ક્યારેક | હંમેશાં |
|---|---|---|---|
| શબ્દો અને ચિત્રો વડે વિચારો વ્યક્ત કરવાનો પ્રયાસ કરે છે. | | | |
| મૂળાક્ષરો અને સંખ્યાઓ લખવાનો પ્રયાસ કરે છે. | | | |

**બાળકની વિશેષ રુચિઓ અને પ્રતિભાઃ** ______________________________

______________________________

______________________________

**હાજરી** **અત્યાર સુધીના કાર્ય દિવસ** _____ **નિયમિતતા** **હા** _____ **ના** _____

**અત્યાર સુધીના હાજર દિવસ** _____

**વિશેષ સૂચનઃ** ______________________________

______________________________

______________________________

**તારીખ સાથે શિક્ષકની સહીઃ** ____________________

**માતા-પિતા / વાલીની સહીઃ** ____________________

**મુખ્ય શિક્ષકની સહીઃ** ____________________

# સપ્તાહ: ૧

| ક્રમ | ક્ષેત્ર | સમય | પ્રવૃત્તિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દિવસ 1 | દિવસ 2 | દિવસ 3 | દિવસ 4 | દિવસ 5 | દિવસ 6 |
| 1 | સર્કલ ટાઇમ, આવકાર, હાજરી | 15 min | શિક્ષક બાળકોને ફૂલ આપી દરેક બાળકનું નામ પૂછે.<br>બે બાળકોની જોડી બનાવવી અને બન્ને એકબીજાનો પરિચય આપશે. | | | | | |
| 2 | વર્ગખંડ મુક્તરમત | 30 min | વર્ગખંડમાં ઉપલબ્ધ સામગ્રીના આધારે શિક્ષકના માર્ગદર્શન હેઠળ બાળકોને ગમતી પ્રવૃત્તિ કરાવવી. જેમ કે, મણકા પરોવવા બ્લોક ગોઠવવા, તરાહ બનાવવી, આકારો મુજબ વર્ગીકરણ વગેરે. | | | | | |
| 3 | ગણિત, પર્યાવરણ | 30 min | (1) બાળગીત:<br>નાની મારી આંખ | (6)<br>• કોણ શું પહેરે?<br>• દાદા ચાલોને હુતુતુતુ રમીએ | (11)<br>વર્ગીકરણની પ્રવૃત્તિ | (16)<br>મારું કુટુંબ પરિચય | (21)<br>અવાજ ઓળખો | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 4 | સર્જનાત્મક પ્રવૃત્તિ | 30 min | (2)<br>મુક્ત ચિત્રકામ | (7)<br>કાગળના ડૂચા બનાવવા | (12)<br>મુક્ત ચિત્રકામ | (17)<br>કાગળના ડૂચા બનાવવા | (22)<br>મુક્ત ચિત્રકામ | |
| નાસ્તો | | | | | | | | |
| 5 | ભાષા | 30 min | (3)<br>મારો પરિચય<br>• એક બિલાડી જાડી | (8)<br>• શિક્ષક કહે તે અંગ પર આંગળી મૂકો<br>• હાથીભાઈ તો જાડા | (13)<br>ચિત્રવર્ણન ચિત્ર પરથી વાતચીત | (18)<br>• રેપર પરના લખાણનું અનુમાન<br>• હાથીભાઈ તો જાડા | (23)<br>ચિત્રવર્ણન ચિત્ર પરથી વાતચીત | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 6 | મેદાનની રમત | 30 min | (4)<br>દડાની રમત | (9)<br>ચકલી દોડ | (14)<br>દડાની રમત | (19)<br>ચકલી દોડ | (24)<br>દડાની રમત | |
| 7 | વાર્તા | 15 min | (5)<br>ઉંદર સાત પૂંછડીવાળો | (10)<br>તરસ્યો કાગડો | (15)<br>ઉંદર સાત પૂંછડીવાળો | (20)<br>તરસ્યો કાગડો | (25)<br>ઉંદર સાત પૂંછડીવાળો | |
| 8 | વિદાય | 15 min | આખા દિવસની વાતચીત, શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા/વાતચીત | | | | | |

## સપ્તાહ: 1

## દિવસ: 1

### પ્રવૃત્તિ: 1 બાળગીત

**શિક્ષક બાળકને નીચેનું બાળગીત ગવડાવશે અને પ્રશ્નોત્તરી કરશે. (ગણિત / પર્યાવરણ)**

નાની મારી આંખ એ જોતી કાંક કાંક,
એ તો કેવી અજબ જેવી વાત છે...

નાક મારું નાનું એ સૂંઘે ફૂલ મજાનું
એ તો કેવી અજબ જેવી વાત છે...

નાના મારા કાન એ સાંભળે દઈને ધ્યાન,
એ તો કેવી અજબ જેવી વાત છે...

નાનું મોઢું મારું એ બોલે સારું સારું,
એ તો કેવી અજબ જેવી વાત છે...

પગ મારા નાના એ ચાલે છાનામાના,
એ તો કેવી અજબ જેવી વાત છે...

**- ઉપેન્દ્ર આચાર્ય**

❖ વર્ગ પ્રવૃત્તિ - જુદા જુદા સ્વાદની ઓળખ માટેની પ્રવૃત્તિ કરાવવી
❖ વર્ગ પ્રવૃત્તિ - આંખો બંધ કરીને જુદા જુદા અવાજની ઓળખ માટેની પ્રવૃત્તિ કરાવવી
❖ વર્ગ પ્રવૃત્તિ - આંખો બંધ કરીને જુદી જુદી ગંધની ઓળખ માટેની પ્રવૃત્તિ કરાવવી
❖ વર્ગ પ્રવૃત્તિ - આંખો બંધ કરીને સ્પર્શ વડે જુદી જુદી વસ્તુઓની ઓળખ માટેની પ્રવૃત્તિ કરાવવી

### પ્રવૃત્તિ: 2 મુક્ત ચિત્રકામ

**સામગ્રી:** ક્રેયોન રંગ, કાગળ

**પદ્ધતિ:** બાળકોને તેમની પરિચિત વસ્તુનાં ચિત્રો દોરવા આપવાં.

- જે ચિત્ર કે ચિત્ર જેવું દોરે તે વિશે તેની સાથે ચર્ચા કે વાતચીત કરવી.
- બાળક પોતાની ઈચ્છા મુજબનું ચિત્ર દોરે ત્યારે તેની પ્રશંસા કરવી અને તેમાં કંઈ ઉમેરી શકાય તેવું હોય તો ઉમેરવું.

### પ્રવૃત્તિ: 3 મારો પરિચય

આ પ્રવૃત્તિનો હેતુ બાળક પોતાના વિષે વધુમાં વધુ બોલે તે છે. જો બાળક બોલવામાં ખચકાટ અનુભવે તો શિક્ષક તેને પ્રોત્સાહન આપે.

પોતાનું નામ, માતા-પિતાનાં નામ, ભાઈ-બહેનનાં નામ, સગાં-સંબંધીનાં નામ, વગેરે જે કંઈ બોલે તે સ્વીકારવું.

- જોડકણાનું ગાન કરાવવું.

## એક બિલાડી

એક બિલાડી જાડી, તેણે પહેરી સાડી
સાડી પહેરી ફરવા ગઈ,
તળાવમાં તે તરવા ગઈ.
તળાવમાં તો મગર, બિલ્લીને આવ્યા ચક્કર,
સાડી-છેડો છૂટો થયો
મગરના મોંમાં આવી ગયો
મગરને મોટી વાઈ થઈ,
બિલ્લી મગરને ખાઈ ગઈ.
સાડી-છેડો છૂટી ગયો.
મગર બિલ્લીને ખાઈ ગયો.

- ચંદ્રવદન મહેતા

**પ્રવૃત્તિઃ 4 દડાની રમત**

બાળકોને દડાની રમત મેદાનમાં લઈ જઈ રમાડવી.

- ❖ તમામ બાળકો વર્તુળના પાટા પર ઊભા હશે.
- ❖ શિક્ષક રૂમાલનો દડો (કોઈ પણ એક વસ્તુ લઈ શકાય) એક બાળકને આપશે.
- ❖ પોતે વર્તુળની વચ્ચે ઊભા રહી, આંખો બંધ કરી કરરર... એમ બોલશે.
- ❖ જે બાળક પાસે દડો હતો તે જલદીથી બીજાને, બીજો ત્રીજાને, ત્રીજો ચોથાને એમ આપશે.
- ❖ શિક્ષક કરરર... વચ્ચે એકદમથી 'કટ' એમ બોલશે. તે વખતે જેના હાથમાં દડો હશે તે આઉટ થશે.
- ❖ આઉટ થનાર પોતાની જગ્યા પર નીચે બેસશે.
- ❖ રમત ફરી આગળ ચાલશે.

**પ્રવૃત્તિઃ 5 વાર્તાકથન**

## ઉંદર સાત પૂંછડીવાળો

એક ઉંદરડીના નાના બચ્ચાને સાત પૂંછડી હતી.

ઉંદરડી તેનું બહુ જતન કરતી હતી. એ સાત પૂંછડિયો ઉંદર થોડો મોટો થયો એટલે માએ એને નિશાળે ભણવા મોકલ્યો.

નિશાળમાં છોકરાઓને ઉંદરની સાત પૂંછડીઓ જોઈને રમૂજ થઈ. છોકરાઓ ઉંદરને ખીજવવા લાગ્યા.

ઉંદર સાત પૂંછડિયો! ઉંદર સાત પૂંછડિયો!

છોકરાઓના મોંઢે આવું સાંભળી ઉંદર રડતો રડતો ઘેર આવ્યો.

ઉંદરડીએ પૂછ્યું - બેટા રડે છે કેમ?

ઉંદર કહે - મા નિશાળમાં મને છોકરાઓ સાત પૂંછડિયો કહીને ખીજવે છે.

ઉંદરડી કહે - બેટા, એમાં રડવાનું ન હોય. જા એક પૂંછડી કપાવી આવ.

માની વાત સાંભળીને ઉંદર એક પૂંછડી કપાવી આવ્યો.

ઉંદર બીજે દિવસે નિશાળે ગયો. છોકરાઓ બરાબર પૂંછડીઓ ગણી પાછા ખીજવવા લાગ્યા.

ઉંદર છ પૂંછડિયો! ઉંદર છ પૂંછડિયો!

ઉંદર નિશાળમાંથી ભાગ્યો અને ઘેર આવી માને કહે - મા મને તો હજુ છોકરાઓ 'ઉંદર છ પૂંછડિયો' કહીને ખીજવે છે.

મા કહે - કાંઈ વાંધો નહિ, જા એક પૂંછડી કપાવી આવ. ઉંદર વળી પાછો એક પૂંછડી કપાવી આવ્યો.

આમ ઉંદર દરરોજ એક પૂંછડી કપાવે. એમ કરતાં કરતાં ઉંદરને એક જ પૂંછડી રહી. તો પણ નિશાળમાં બધા છોકરાઓએ ઉંદરને ખીજવ્યો.

ઉંદર એક પૂંછડિયો! ઉંદર એક પૂંછડિયો!

છોકરાઓથી કંટાળીને ઉંદર ઘરે આવી માને પૂછ્યા વિના બાકીની છેલ્લી પૂંછડી પણ જાતે જ કપાવી નાખી. પછી અરીસામાં જોયું ને બોલ્યો - હવે મારે પૂંછડી જ નથી. એટલે છોકરાઓ મને ખીજવી નહિ શકે.

બીજે દિવસે ઉંદર નિશાળે ગયો તો છોકરાઓને વધારે ગમ્મત પડી. એ તો ઉંદરને ઘેરી વળીને ખીજવવા લાગ્યા.

ઉંદર બાંડો! ઉંદર બાંડો!

ઉંદરે ઘરે આવી માને ફરિયાદ કરી. ઉંદરડી કહે - બેટા, તારે તારી બધી પૂંછડીઓ કપાવી નાખવાની જરૂર ન હતી. બધા ઉંદરને એક પૂંછડી તો હોય જ.

ઉંદર રડતાં રડતાં બોલ્યો - મા, ગમે તેમ કર, મને મારી પૂંછડી પાછી જોઈએ છે.

મા વિચાર કરીને કહે - જા, તારી કપાયેલી પૂંછડી લઈ આવ તો.

ઉંદરે દોડતા જઈને પોતાના ઓરડામાંથી પૂંછડી લઈ આવી માને આપી.

માએ ખૂબ મહેનત કરી, ઉંદરને તેની કપાયેલ પૂંછડી ફરી સરસ રીતે લગાવી આપી અને કહ્યું કે હવે પછી છોકરાઓને જે બોલવું હોય તે ભલે બોલે પણ તું તેના તરફ બિલકુલ ધ્યાન આપીશ નહિ.

ઉંદરભાઈ તો પછી રોજ નિશાળે જવા લાગ્યા અને માત્ર ભણવામાં ધ્યાન આપવા લાગ્યા. છોકરાઓએ થોડા દિવસ સુધી ઉંદરને ખીજવવાની કોશિશ કરી જોઈ પણ ઉંદરે તો તેમના તરફ કોઈ ધ્યાન આપ્યું નહિ એટલે તેમણે પણ ઉંદરને હેરાન કરવાનું છોડી દીધું. પછી ઉંદરભાઈ હોંશે હોંશે ભણવા લાગ્યા.

## દિવસઃ 2

### પ્રવૃત્તિઃ 6 કોણ શું પહેરે?

બાળક તેના પરિચયમાં જેટલાં પણ સભ્યો છે તેમના પહેરવેશ વિશે જાણે છે. શિક્ષક દરેક સભ્ય શું શું પહેરે છે તે પ્રશ્નો પૂછીને મળેલા જવાબ બોર્ડ પર નોંધશે અથવા તેનાં ચિત્રો દોરશે. કપડાં પહેરવાનો અભિનય પણ કરી શકશે. (આ પ્રવૃત્તિને પહેરવેશના ભાગ તરીકે જ જોવી તેમજ બાળક લઘુતાગ્રંથી ન અનુભવે તેનું ધ્યાન રાખવું.)

- ગીતનું ગાન કરાવવું.

### હો દાદા! હાલોને હુતુતુતુ રમીએ

હે દાદા! હાલોને હુતુતુતુ રમીએ (૨)
ભાઈ ને બેન જઈ રમે અખાડે
હે દાદા! તમે એમ કેમ રમો નહીં?
હે દાદા! હાલો.....

ભાઈ ને બેનને દાંત ઝીણા ઝીણા
હે દાદા! તમારે દાંત કેમ નહીં?
હે દાદા! હાલો.....

ભાઈ ને - બેનને વાળ કાળા કાળા
હે દાદા! તમારે ટાલ કેમ થઈ?
હે દાદા! હાલો.....

ભાઈ ને - બેનને પેટ નાનાં નાનાં
હે દાદા! તમારે ફાંદ કેમ થઈ?
હે દાદા! હાલો.....

### પ્રવૃત્તિઃ 7 કાગળના ડૂચા બનાવવા.

બાળકોને નકામા કાગળ, છાપાની પસ્તીના કાગળ આપવા. બાળક તેની ઈચ્છા મુજબ તેના ડૂચા બનાવશે.

ત્યારબાદ જમીન પર ગોળ, ચોરસ, ત્રિકોણ, લંબચોરસ જેવા આકારો જમીન પર બનાવશે.

### પ્રવૃત્તિઃ 8 શિક્ષક કહે તે અંગ પર આંગળી મૂકો.

શિક્ષક બાળકને શરીરનાં અંગો પર આંગળી મૂકવાનું કહેશે. જેમ કે, આંખ, કાન, નાક, ગળું, પગ, કમર, માથું વગેરે...

* જોડકણાનું ગાન કરાવવું.

## હાથીભાઈ તો જાડા

હાથીભાઈ તો જાડા,
લાગે મોટા પાડા,
આગળ લટકે લાંબી સૂંઢ,
પાછળ લટકે ટૂંકી પૂંછ,
પેટ મોટું કોઠી જેવું,
સૂપડા જેવા કાન.

### પ્રવૃત્તિ: 9 ચકલીદોડની રમત રમાડવી

❖ એક બાળક પોતાના બંને હાથ કમર પર મૂકશે.

❖ બંને પગ ભેગા રાખી, કૂદકા મારતાં-મારતાં તે બીજાં બાળકોને અડકવા જશે.

❖ જેમને-જેમને તેઓ અડકશે તે આઉટ થશે.

### પ્રવૃત્તિ: 10 વાર્તાકથન કરો.

## તરસ્યો કાગડો

એક કાગડો હતો. ઉનાળાના દિવસોમાં ઊડતો ઊડતો તે ઘણે દૂર નીકળી ગયો. એવામાં તેને બહુ જ તરસ લાગી. તરસથી તેનો કંઠ શોષાવા લાગ્યો. આજુબાજુ કોઈ નદી કે તળાવ ન હતું.

પાણીની શોધમાં તે આમતેમ ભટકવા માંડ્યો. ઘણી શોધ કરવા છતાં તેને ક્યાંય પાણી મળ્યું નહિ.

અચાનક તેની નજર એક કોઠી પર પડી. તેના આનંદનો પાર ન રહ્યો. ઝડપથી તે કોઠી પાસે પહોંચી ગયો. તેને થયું, મહેનતનું ફળ મળ્યું ખરું!

જુએ તો કોઠીમાં પાણી તો હતું, પણ ઠીક ઠીક નીચે હતું. તરસ્યા કાગડાએ પાણી પીવા ડોક લંબાવી પણ તેની ચાંચ પાણી સુધી પહોંચી નહિ.

પાણી પીવા તેણે ઘણી મહેનત કરી. ખૂબ ઊંચોનીચો થયો, પરંતુ બધી જ મહેનત નકામી ગઈ.

પણ તે હિંમત ન હાર્યો. ખંતથી કામ લેવાનું તેણે નક્કી કર્યું, કોઈ પણ યુક્તિ કરીને તરસ છિપાવવી એમ તેણે વિચાર્યું.

તે ચતુર હતો. તેણે આજુબાજુ નજર કરી. બાજુમાં કાંકરાનો ઢગલો પડેલો હતો તે જોઈને તે મનમાં હરખાયો. તેને યુક્તિ સૂઝી ગઈ. તેણે ચાંચ વડે ઢગલામાંથી એક કાંકરો ઉપાડીને કાંકરાને કોઠીમાં નાખ્યો. તેણે વારાફરતી ઊડી ઊડીને કાંકરા કોઠીમાં નાખવા માંડ્યા.

કોઠીમાં કાંકરા જેમ જેમ પડતા ગયા તેમ તેમ કોઠીનું પાણી ઊંચે આવતું ગયું. પાણી છેક કાંઠા સુધી ઉપર આવ્યું ત્યાં સુધી કાંકરા નાંખ્યા.

પછી તો કાગડાએ ચાંચ બોળી ધરાઈને પાણી પીધું. પાણી પીને તે પોતાના મુકામ તરફ ઊડી ગયો.

## દિવસઃ 3

**પ્રવૃત્તિઃ 11 વર્ગીકરણની પ્રવૃત્તિ**

સરખા અને અલગ લક્ષણોવાળી વસ્તુઓ ઓળખવાની પ્રવૃત્તિઓ આપવી.

વર્ગખંડમાં ઉપલબ્ધ વસ્તુઓ આપીને વર્ગીકરણ કરાવવું.

નરમ - કઠણ લાકડાં કે લોખડની, ગોળ-ચોરસ વસ્તુઓનું વર્ગીકરણ કરાવવું.

**પ્રવૃત્તિઃ 12 મુક્ત ચિત્રકામ**

શિક્ષક બાળકોને મુક્ત ચિત્રકામ કરાવશે.

**પ્રવૃત્તિઃ 13 ચિત્રવર્ણન / ચિત્ર પર વાતચીત**

શિક્ષક વર્ગખંડમાં ઉપલબ્ધ કોઈ પણ ચિત્ર બાળકોને બતાવશે અને (ચિત્ર કેલેન્ડરનો પણ ઉપયોગ કરી શકશે) તે આધારિત પ્રશ્નો પૂછી બાળકો સાથે વાતચીત કરશે.

**પ્રવૃત્તિઃ 14 દડાની રમત (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 15 ઉંદર સાત પૂંછડીવાળો (પુનરાવર્તન)**

## દિવસઃ 4

**પ્રવૃત્તિઃ 16 મારું કુટુંબ - પરિચય**

શિક્ષક બાળકને તેના કુટુંબમાં કયા કયા સભ્યો છે તેનો પરિચય આપવા કહેશે.

બાળકોનો જવાબ બોર્ડ પર લખો.

**પ્રવૃત્તિઃ 17 કાગળના ડૂચા બનાવવા. (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 18 રેપર પરના લખાણનું અનુમાન**

જુદી જુદી વસ્તુઓનાં રેપર ભેગાં કરવાં. દરેક રેપર બાળકોને બતાવવું. રેપર પરના લખાણ વિશે અનુમાન કરવા કહેવું. બાળક પોતાના અનુભવોના આધારે જવાબો આપશે, જે સ્વીકારવા.

- **હાથીભાઈ તો જાડા (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 19 ચકલીદોડ (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 20 તરસ્યો કાગડો વાર્તા (પુનરાવર્તન)**

## દિવસઃ 5

**પ્રવૃત્તિઃ 21 અવાજ ઓળખો**

**સાધનોઃ** ચમચી, લાકડું, છાલિયું, પેન્સિલ વગેરે.

**રીતઃ** વર્ગખંડની અંદરની જ 15-20 વસ્તુઓ બાળકોને બતાવવી. ત્યારબાદ બાળકોને દેખાય નહીં તે રીતે વિરુદ્ધ દિશામાં રાખી આંખો બંધ કરાવવી. વસ્તુઓને વારાફરથી પછાડવી અને શેનો અવાજ છે તે ઓળખવા કહેવું. બાળકો સાથે પણ વસ્તુઓ પછાડી અવાજ કરાવવા.

**પ્રવૃત્તિઃ 22 મુક્ત ચિત્રકામ (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 23 ચિત્રવર્ણન / ચિત્ર પરથી વાતચીત (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 24 દડાની રમત (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 25 ઉંદર સાત પૂંછડીવાળો વાર્તા (પુનરાવર્તન)**

● ● ●

# સપ્તાહઃ ૨

| ક્રમ | ક્ષેત્ર | સમય | પ્રવૃત્તિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દિવસ 1 | દિવસ 2 | દિવસ 3 | દિવસ 4 | દિવસ 5 | દિવસ 6 |
| 1 | સર્કલ ટાઇમ, આવકાર, હાજરી | 15 min | તમામ બાળકો એક બીજા સાથે હાથ મિલાવશે.<br>બાળકોને હાથ અને પગની હળવી કસરત કરાવવી. | | | | | |
| 2 | વર્ગખંડ મુક્તરમત | 30 min | ચિત્રવાર્તાની ચોપડીઓ બાળકોને આપવી અને તેમને ગમતી ચોપડી જાતે પસંદ કરવા દઈ અવલોકન કરવા કહેવું. | | | | | |
| 3 | ગણિત, પર્યાવરણ | 30 min | (1) વ્યવસાયકારોનો પરિચય<br>• કારીગરોનાં જોડકણાઃ<br>• જુઓ અને કહો | (6) વ્યવસાયકારોનો પરિચય<br>• કારીગરોનાં જોડકણાઃ<br>• સાંભળો અને કહો | (11) વ્યવસાયકારોને ઓજારો સાથે જોડવા (વર્કશીટ-2)<br>• અવાજનું અનુમાન કરો | (16) વ્યવસાયકારનું ચિત્ર બતાવી એક વાક્ય બોલાવવું.<br>• ગંધનું અનુમાન | (21) સલામતી અંગે ચર્ચા (વર્કશીટ-6)<br>• સૂંઘો અને કહો | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 4 | સર્જનાત્મક પ્રવૃત્તિ | 30 min | (2) રંગપૂરણી (વર્કશીટ-1) | (7) માટીકામ | (12) મહોરાં બનાવવાં. | (17) શરીરના ભાગોને જોડો (વર્કશીટ-4) | (22) માટીકામ | |
| | | | નાસ્તો | | | | | |
| 5 | ભાષા | 30 min | (3) જોડકણુંઃ મામાનું ઘર કેટલે (પ્રાસવાળા શબ્દોની ઓળખ) | (8) બોલો હું કોણ?<br>• બાળગીતઃ ચાલો જોવા જઈએ મેળો | (13) ચિત્રનું નામ જેટલા અક્ષરનું હોય, તેટલા ખાનામાં રંગ પૂરો (વર્કશીટ-3) | (18) ન મૂળાક્ષરથી શરૂ થતા ચિત્રોને ઓળખો (વર્કશીટ-5) | (23) વર્ગમાં રહેલ કોઈ વસ્તુ હાથમાં લઈ તેના વિશે એક વાક્ય બોલાવવું | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 6 | મેદાનની રમત | 30 min | (4) બે મોઢાળી બંબોડી | (9) વાંદરાની પૂંછડી | (14) બે મોઢાળી બંબોડી | (19) વાંદરાની પૂંછડી | (24) બે મોઢાળી બંબોડી | |
| 7 | વાર્તા | 15 min | (5) સસ્સારાણા સાંકળિયા | (10) સમજુ બકરીઓ | (15) સસ્સારાણા સાંકળિયા | (20) સમજુ બકરીઓ | (25) સસ્સારાણા સાંકળિયા | |
| 8 | વિદાય | 15 min | આખા દિવસની વાતચીત, શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા વાતચીત | | | | | |

## સપ્તાહ: 2

## દિવસ: 1

**પ્રવૃત્તિ: 1 ચાર જેટલા વ્યવસાયકારોનો પરિચય.**

બાળકોને જુદા - જુદા વ્યવસાયકારોનાં નામ આપો. દરેક શું શું કાર્ય કરે છે અને આપણને શું ઉપયોગી છે તે બોલવા કહો.

દા.ત. ટપાલી, દરજી, કુંભાર, ડૉક્ટર, વગેરે.

- **જોડકણાનું ગાન કરાવવું.**

(1) સુથારભાઈ લાકડું લઈને,
કરવત વડે કાપે;
ટેબલ ખુરશી કરવા માટે,
આડું ઊભું માપે.

(2) દરજી મારું શર્ટ સીવે ને,
ઉપર બટન ટાંકે;
બે'ના માટે ઘાઘરી સીવે,
ઉપર આભલાં રાખે.

(3) કુંભારની લાકડીએ કેવો
ચાકડો ફરતો જાય;
કૂંડીકૂંડી મટકા સાથે
દોણા-દોણી થાય.

(4) દાદાજીની દાઢી કરવા
વાળંદ ઘરે આવે;
નાનો બાબો જોયા કરતો
સાબુ કેમ લગાવે?

- **જુઓ અને કહો.**

**સાધન/સામગ્રી:** રસોડામાં વપરાતાં શાકભાજી / ફળો

**પદ્ધતિ:** બાળકોને અર્ધવતુર્ળમાં બેસાડો. તેમને થોડી મિનિટો માટે શાકભાજી કે ફળો બતાવીને ત્યારબાદ તેને ઢાંકી દો. હવે તેમણે જે જોયું છે તે યાદ કરવા કહો. બાળકો બતાવેલ શાકભાજી / ફળોનાં નામ બોલશે.

**પ્રવૃત્તિ: 2 રંગપૂરણી (વર્કશીટ-1)**

આપેલ વર્કશીટમાં બાળકો રંગપૂરણી કરશે અને ઓજારો વિશે શિક્ષક પરિચય આપશે.

**પ્રવૃત્તિ: 3 જોડકણું**

મામાનું ઘર કેટલે?
દીવો બળે એટલે,
દીવો મેં તો દીઠો,
મામો લાગે મીઠો.

- ❖ પ્રાસવાળા શબ્દોની ઓળખ કરાવવી.

  દા.ત. કેટલે - એટલે, દીઠો - મીઠો આવા બીજા શબ્દોની ઓળખ કરાવવી.

**પ્રવૃત્તિ: 4 બે મોઢાળી બંબોડીની રમત રમાડવી.**

- ❖ બે બાળકોની પીઠ અડકે તેમ બંનેને ઊભા રાખો.

  તેમના પગ વચ્ચેથી એક લાકડી પસાર કરી બંનેને એક - એક હાથે લાકડી પકડવા કહો.

  બંને જણા લાકડીને પકડેલી રાખીને જ એક સાથે વર્તુળમાં રહેલાં બાળકોને પકડવા જશે.

  જેમને - જેમને તેઓ અડકશે તે આઉટ થશે.

**પ્રવૃત્તિ: 5 વાર્તાકથન**

## સસ્સારાણા સાંકળિયા

એક હતું શિયાળ અને એક હતો સલલો. બંને જણને એકવાર ભાઈબંધી થઈ. બેઉ જણા એક વાર ગામ ચાલ્યા. રસ્તામાં બે મારગ આવ્યા. એક મારગ હતો ચામડાનો અને બીજો હતો લોઢાનો. શિયાળ કહે - હું ચામડાને રસ્તે ચાલું. પછી શિયાળ ચામડાને રસ્તે ચાલ્યું ને સસલો લોઢાને રસ્તે ચાલ્યો.

લોઢાને રસ્તે ચાલતાં એક સાધુની મઢી આવી. સસલાને ખૂબ ભૂખ લાગી હતી તેથી તે સાધુની મઢીમાં ગયો. મઢીમાં આમતેમ જોયું ત્યાં તો ભાઈને ગાંઠિયા ને પેંડા હાથ લાગ્યા. સસલાભાઈએ તો ખૂબ ખાધું ને પછી લાંબા થઈને મઢીનાં બારણાં બંધ કરીને સૂતા. એટલામાં સાધુઆવ્યો ને મઢીનાં બારણાં બંધ જોઈ સાધુએ પૂછ્યું - એ, મારી મઢીમાં કોણ છે? અંદરથી સસલાભાઈ તો ખૂબ રોફથી બોલ્યા -

એ તો સસ્સારાણા સાંકળિયા,
ડાબે પગે ડામ; ભાગ સાધુ,
નહિતર તારી તુંબડી તોડી નાખું!

સાધુ તો બીને નાઠો. ગામમાં જઈને એક પટેલને તેડી આવ્યો. પટેલ ઝૂંપડી પાસે જઈને બોલ્યો - સાધુની ઝૂંપડીમાં કોણ છે? અંદરથી રોફ કરી ફરી સસાભાઈ બોલ્યા -

એ તો સસ્સારાણા સાંકળિયા,
ડાબે પગે ડામ; ભાગ પટેલ,
નહિતર તારી પટલાઈ તોડી નાખું!

પટેલ પણ બીને ભાગી ગયો. પછી પટેલ મુખીને તેડીને આવ્યો.

મુખી કહે - કોણ છે ત્યાં સાધુની ઝૂંપડીમાં? સૂતાં સૂતાં સસલાભાઈએ રોફબંધ કહ્યું -

એ તો સસ્સારાણા સાંકળિયા,

ડાબે પગે ડામ; ભાગ મુખી,

નહિતર તારી મુખીપણું તોડી નાખું!

આ સાંભળીને મુખી પણ બીને નાસી ગયો. પછી તો સાધુ પણ ગયા. બધાના ગયા પછી સસલાભાઈ મઢીમાંથી બહાર નીકળ્યા. શિયાળને મળ્યા ને બધી વાત કહી. શિયાળને પણ ગાંઠિયા-પેંડા ખાવાનું મન થયું. તે કહે - ત્યારે હું પણ મઢીમાં જઈને ખાઈ આવીશ. ફરીથી સાધુ પોતાની મઢીએ આવ્યા, "અંદર કોણ છે?" શિયાળભાઈએ જવાબ આપ્યો.

એ તો શિયાળભાઈ સાંકળિયા,

ડાબે પગે ડામ; ભાગ સાધુ,

નહિતર તારી તુંબડી તોડી નાખું!

સાધુ તો સાદ પારખી ગયા એટલે કહે - ઓહો. આ તો શિયાળ છે! પછી સાધુએ બારણાં ખોલ્યાં અને અંદર જઈ શિયાળને બહાર કાઢી ખૂબ માર માર્યો.

શિયાળભાઈને ગાંઠિયા-પેડા ઠીક ઠીક મળ્યા!

## દિવસઃ 2

**પ્રવૃત્તિઃ 6 ચાર વ્યવસાયકારોનો પરિચય (પુનરાવર્તન)**

- **કારીગરોનાં જોડકણાં (પુનરાવર્તન)**
- **સાંભળો અને કહો.**

**સાધન સામગ્રીઃ** કોઈ પણ ઓડિયો સાધન (મોબાઈલનો પણ ઉપયોગ કરી શકાય)

**પદ્ધતિઃ** ઓડિયો પ્લેઇંગ સાધન દ્વારા પ્રાણીઓ કે પક્ષીઓના અવાજ સંભળાવો. શિક્ષક બાળકોને પૂછશે કયા પ્રાણી/પક્ષીઓનો અવાજ છે? તેના વિશે ચર્ચા કરશે.

**પ્રવૃત્તિઃ 7 માટીકામ**

**સાધનોઃ** ચીકણી માટી, પાણી, ડોલ

**પદ્ધતિઃ** માટીમાંથી વિવિધ રમકડાં બનાવવા કહો

**પ્રવૃત્તિઃ 8 બોલો હું કોણ? (HW - 3.4)**

**પદ્ધતિઃ** વર્ગમાં શિક્ષક બાળકોની વિરૂધ્ધ દિશામાં ઊભા રહી બાળકોને કોઈ પણ એક વસ્તુ ધારવા કહેશે અને તે જ વસ્તુના 'હા' કે 'ના'માં જવાબ મળે તેવા પ્રશ્નો પૂછશે.

**દા.ત.** 1. શું તે વસ્તુ આપણા વર્ગમાં છે?

2. શું તે ગોળ છે?

3. શું તે ખાઈ શકાય તેમ છે?

આવા પ્રશ્નો પૂછીને જે જવાબો મળે તેના આધારે ધારેલ શબ્દ કે વસ્તુનો જવાબ શોધી શકાય છે. આ રીતે પ્રવૃત્તિ આગળ ચાલતી રહેશે.

- બાળગીત ગવડાવો.

## ચાલો જોવા જઈએ મેળો

ચાલો જોવા જઈએ મેળો (૨)

મેળામાં મજા કરીશું, ચાલો જોવા જઈએ (૨)

મેળામાં જઈ શું શું કરશું?

ચક્કર ચક્કર ચકડોળમાં ફરશું

જાડા પાડા હાથી પર બેસશું

ચાલો જોવા જઈએ મેળો...

મેળામાં જઈ શું - શું ખાશું?

તીખી - તીખી ભેળ ખાશું

ઠંડો ઠંડો આઈસ્ક્રીમ ખાશુ...

ચાલો જોવા જઈએ મેળો...

મેળામાં જઈ શું શું લઈશું?

બેન માટે બંગડી લઈશું.

ભાઈ માટે ભમરડો લઈશું.

મમ્મી માટે માળા લઈશું.

પપ્પા માટે પાકીટ લઈશું.

ચાલો જોવા જઈએ મેળો...

### પ્રવૃત્તિ: 9 વાંદરાની પૂંછડી રમત રમાડવી.

❖ દરેક બાળકની પાછળ રૂમાલ ભરાવી પૂંછડી બનાવવી.

એક બાળક બીજા બાળકની પૂંછડી ખેંચશે.

દરેક જણ પોતાની પૂંછડી બચાવશે અને બીજાની પૂંછડી ખેંચવાનો પ્રયત્ન કરશે.

જેની-જેની પૂંછડી ખેંચાઈ જાય તે આઉટ થશે.

**પ્રવૃત્તિ: 10 વાર્તાકથન**

## સમજુ બકરીઓ

એક નાના ગામની વચ્ચે એક નદી વહેતી હતી.

નદી હંમેશા પાણીથી ભરેલી રહેતી હતી. નદીના બંને કિનારાને જોડતો નાનો સાંકડો પુલ હતો. પુલ પરથી એક સમયે એક જ જણ પસાર થઈ શકતું. એક દિવસ આ પુલ પર એક બકરી પુલના એક તરફના છેડેથી આવતી હતી. એ જ વખતે પુલના બીજી તરફના છેડેથી બીજી બકરી આવતી હતી.

બંને બકરી પુલની વચ્ચે ભેગી થઈ ગઈ. બંનેને એકમેકથી સામેના કાંઠે જવું હતું. બકરીઓ વિચારમાં પડી ગઈ. પાછા જઈ શકાય તેમ ન હતું. એક બીજાની બાજુમાં થઈને પણ નીકળી શકાય તેમ ન હતું. બકરીઓ સમજુ હતી. તે ગભરાઈ નહિ. તેમજ તે લડી ઝઘડી પણ નહિ. એક બકરી નીચે બેસી ગઈ. બીજી બકરી તેના પર થઈને આગળ નીકળી ગઈ. કેવી સમજુ હતી આ બકરીઓ!

થોડી વાર પછી આ પુલ પર પુલના બન્ને છેડેથી આવતા બે કૂતરા પુલની વચ્ચે ભેગા થઈ ગયા. બન્ને સામ સામેના કિનારે પહેલા પહોંચવા માટે ઝઘડવા લાગ્યા. એક પણ કૂતરો પાછો ખસવા તૈયાર ન હતો, બંને એક બીજાને બચકાં ભરી મારામારી કરવા લાગ્યા. તેમનું ધ્યાન રહ્યું નહિ ને બન્ને નીચે નદીના ઊંડા પાણીમાં જઈ પડ્યા.

પાણીમાં તાણ ઘણું હતું એટલે દૂર સુધી તણાઈ ગયા. સારું હતું કે બેઉ કૂતરાને તરતાં સારું આવડતું હતું એટલે જેમ તેમ કરી પોતાનો જીવ બચાવી શક્યા અને મહા મુસીબતે કિનારે આવ્યા પણ બન્ને પોતાના અણસમજુ અને ઝગડાખોર સ્વભાવને કારણે બહુ જ હેરાન પરેશાન થઈ ગયા.

### દિવસ: 3

**પ્રવૃત્તિ: 11 વ્યવસાયકારોને ઓજારો સાથે જોડો. (વર્કશીટ-2)**

કારીગરોના ચિત્રને અનુરૂપ ઓજાર સાથે જોડો

- **અવાજનું અનુમાન (IL - 3.1)**

**સાધન/સામગ્રી:** સ્થાનિક રીતે ઉપલબ્ધ સંગીતના સાધનો

**પદ્ધતિ:** બાળકોને વર્ગખંડની બહાર લઈ જાઓ. તેમને આંખો બંધ કરવા કહો. વિવિધ પ્રકારનાં વાદ્યો વગાડીને વિવિધ અવાજો કરો. આંખો બંધ રાખીને અવાજો ઓળખવા માટે તેમને પ્રોત્સાહિત કરો. બાળકોના અનુભવોની ચર્ચા કરો.

**પ્રવૃત્તિ: 12 મહોરા બનાવવાં.**

❖ શિક્ષક બાળકને મહોરા બનાવતાં શીખવશે અને નિદર્શન કરશે.

(દા.ત. પ્રાણી, પક્ષી, ફળ, શાકભાજી)

**પ્રવૃત્તિ: 13 ચિત્રનું નામ જેટલા અક્ષરનું હોય તેટલાં ખાનામાં રંગ પૂરવો. (EC - 3.5b, HW - 3.18c) (વર્કશીટ-3)**

**સામગ્રી:** વર્કશીટ, રંગ

**પદ્ધતિ:** વર્કશીટમાં આપેલાં ચિત્રોનાં નામ બાળકો બોલે. નામમાં આપેલા અક્ષરો મુજબના ખાનામાં રંગ પૂરો.

**પ્રવૃત્તિ: 14 બે મોઢાવાળી બંબોડી (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 15 સસ્સારાણા સાંકળિયા (પુનરાવર્તન)**

## દિવસ - 4

**પ્રવૃત્તિ: 16 વ્યવસાયકારનું ચિત્ર બતાવો અને તે વિશે એક વાક્ય બોલાવો. (IL - 3.1)**

- **ગંધનું અનુમાન (IL - 3.1)**

**સાધન/સામગ્રી:** ડુંગળી, લસણ, ફૂલો, અગરબતી, ફૂદીનો, તીવ્ર ગંધ હોય તેવી વસ્તુઓ

**પદ્ધતિ:** બાળકોનાં જૂથ બનાવો અને તેમને અર્ધવતુર્ળ કે હરોળમાં બેસાડો. તેમને ઉપરોક્ત વસ્તુઓ સુંઘાડો અને તેમાંથી દરેકને ઓળખાવો. હવે, બાળકોને એક પછી એક આંખે પાટા બાંધીને ફરીથી ગંધ લેવા અને તે વસ્તુઓને ઓળખવા માટે કહો.

**પ્રવૃત્તિ: 17 શરીરના ભાગોને શરીર સાથે જોડો. (EC - 3.2) (વર્કશીટ-4)**

**પ્રવૃત્તિ: 18 'ન' મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રોને ઓળખો અને ✓ કરો. (વર્કશીટ-5)**

**પ્રવૃત્તિ: 19 વાંદરાની પૂંછડીની રમત રમાડવી. (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 20 સમજુ બકરીઓ વાર્તાનું કથન કરાવવું. (પુનરાવર્તન)**

## દિવસ: 5

**પ્રવૃત્તિ: 21 વર્કશીટમાં આપેલ ચિત્ર આધારે ચર્ચા કરવી. (IL - 3.1) (વર્કશીટ-6)**

**દા.ત. આ ચિત્ર શાનું છે? તમારાં ઘરમાં સ્ટવ કેવો છે? તમારાં ઘરે રસોઈ બનાવવા શું વપરાય છે? આ વસ્તુઓનો ઉપયોગ શું છે? વગેરે...**

- **સૂંઘો અને કહો.**

**પ્રક્રિયા:** ગંધ પરખ, જોડી બનાવવી.

**સાધનો:** જુદી-જુદી સુગંધની વસ્તુઓની ગંધ

**રીત:** શાળામાં ઉપલબ્ધ પાંચ ગંધ દર્શાવતી વસ્તુઓ મૂકવી. બાળકને આંખો બંધ કરાવવી અને તેની ઓળખ કરાવવી. દા.ત. તુલસી, ફુદીનો, વિક્સની ડબ્બી, મીઠો લીમડો.

**પ્રવૃત્તિ: 22 માટીકામ (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 23 વર્ગમાં રહેલ કોઈ વસ્તુ હાથમાં લઈ તેના વિશે એક વાક્ય બોલાવો. (EC - 3.3)**

**સામગ્રી:** કોઈ પણ નાનીમોટી વસ્તુઓ

**પદ્ધતિ:** શિક્ષક બાળકોને એક વસ્તુ બતાવશે અને બાળકોને તેના વિશે એક એક વાક્ય બોલવા કહેશે. પ્રોત્સાહન માટે શિક્ષક બાળકને મદદ કરશે.

**પ્રવૃત્તિ: 24 બે મોઢાળી બંબોડીની રમત રમાડવી. (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 25 વાર્તાકથન સસ્સારાણા સાંકળિયા (પુનરાવર્તન)**

● ● ●

# સપ્તાહ: ૩

| ક્રમ | ક્ષેત્ર | સમય | પ્રવૃત્તિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દિવસ 1 | દિવસ 2 | દિવસ 3 | દિવસ 4 | દિવસ 5 | દિવસ 6 |
| 1 | સર્કલ ટાઇમ, આવકાર, હાજરી | 15 min | કા.પા. પર ત્રણ સિમ્બોલ દોરવા. (1) હાથ મિલાવવા (2) ગળે મળવું (3) છોટા ભીમ બાળક જે સિમ્બોલ બતાવે, તે મુજબ બાળકને આવકારવું. | | | | | |
| 2 | વર્ગખંડ મુક્તરમત | 30 min | બાળકોનાં જૂથ બનાવી તેમને વિવિધ ટુકડા જોડી પઝલ બનાવવાની પ્રવૃત્તિ કરવા આપવી. જેમ કે વિવિધ ચિત્રો, શાકભાજી, ફળ, પ્રાણીચિત્રોનાં કટિંગ્સ | | | | | |
| 3 | ગણિત, પર્યાવરણ | 30 min | (1) બાળગીતઃ સાઈકલ મારી સરરર<br>• આપણાં રાષ્ટ્રીય પ્રતીકો વિશે ચર્ચા | (6) બાળગીતઃ પંખી બની ઊડી જઈએ<br>• આપણાં રાષ્ટ્રીય પ્રતીકોઃ ટપકાં જોડી રંગ પૂરો (વર્કશીટ-7)<br>• ચાખો અને કહો | (11) બાળગીતઃ સાઈકલ મારી સરરર<br>• તહેવારો વિશે ચર્ચા<br>• સ્પર્શ કરો અને કહો | (16) બાળગીતઃ પંખી બની ઊડી જઈએ<br>• તહેવારો વિશે ચર્ચા | (21) બાળગીતઃ સાઈકલ મારી સરરર<br>• ચિત્ર આધારે તહેવારની ચર્ચા (વર્કશીટ-10) | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 4 | સર્જનાત્મક પ્રવૃત્તિ | 30 min | (2) હાથના પંજા દોરવા | (7) કાગળની પટ્ટીઓ બનાવવી | (12) સ્પ્રે પેઇન્ટિંગ | (17) મધમાખીને ફૂલ સુધી પહોંચાડો (વર્કશીટ-8) | (22) કાગળની પટ્ટીઓ બનાવવી | |
| | | | નાસ્તો | | | | | |
| 5 | ભાષા | 30 min | (3) વાક્યમાં રહેલ શબ્દો જેટલી તાળી પાડો.<br>• જોડકણું: મીઠાં ટહુકા કરતો મોર | (8) શબ્દનિર્માણ<br>• જોડકણું: અડકોદડકો | (13) વર્ગખંડની વસ્તુઓની ઓળખ અને નામ ચોંટાડવાં<br>• જોડકણું: મીઠા ટહુકા કરતો મોર | (18) 'મ' અક્ષરથી શરૂ થતા નામવાળાં ચિત્રો ઓળખો. (વર્કશીટ-9)<br>• જોડકાં: અડકોદડકો | (23) 'ગ' અક્ષરથી શરૂ થતાં નામવાળાં ચિત્રો ઓળખો. (વર્કશીટ-11)<br>• જોડકણું: મીઠા ટહુકા કરતો મોર | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 6 | મેદાનની રમત | 30 min | (4) રેલગાડીનો ડબ્બો | (9) મોબાઇલ કે અરીસો | (14) રેલગાડીનો ડબ્બો | (19) મોબાઇલ કે અરીસો | (24) રેલગાડીનો ડબ્બો | |
| 7 | વાર્તા | 15 min | (5) પોપટ ભૂખ્યો નથી | (10) બે બિલાડી અને વાંદરો | (15) પોપટ ભૂખ્યો નથી | (20) બે બિલાડી અને વાંદરો | (25) પોપટ ભૂખ્યો નથી | |
| 8 | વિદાય | 15 min | આખા દિવસની વાતચીત, શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા વાતચીત | | | | | |

## સપ્તાહ: 3

## દિવસ: 1

**પ્રવૃત્તિ: 1 ગીતનું ગાન કરાવવું.**

### સાઈકલ મારી સરરરર... જાય

સાઈકલ મારી સરરરર જાય,

ટ્રિન ટ્રિન ટોકરી બજાવતી જાય,

ડોશીમા ડોશીમા આઘાં ખસો,

આઘા ખસો નહીંતર પડી જશો,

સાઈકલ મારી સરરરર જાય,

ટ્રિન ટ્રિન ટોકરી બજાવતી જાય,

શેઠજી શેઠજી ચાલ્યા રે ક્યાં,

ચોપડા લઈને ચાલ્યા ક્યાં,

આઘા ખસો નહીંતર પડી જાશો,

સાઈકલ મારી સરરરર જાય,

ટ્રિન ટ્રિન ટોકરી બજાવતી જાય.

- **આપણાં રાષ્ટ્રીય પ્રતીકો વિશે ચર્ચા. (IL - 3.2)**

  રાષ્ટ્રીય પ્રતીકો (મોર, કમળ, વાઘ, રાષ્ટ્રધ્વજ) જેવાં ચિત્રો બતાવી ચર્ચા.

  (૧) રાષ્ટ્રધ્વજમાં કેટલા રંગો હોય છે?

  (૨) રાષ્ટ્રધ્વજ ક્યારે ફરકાવવામાં આવે છે?

  (૩) તમે કમળનું ફૂલ જોયું છે?

  (૪) કમળના ફૂલ કેવા કેવા રંગના હોય છે?

  (૫) કયું પક્ષી તમને વધુ સુંદર લાગે?

**પ્રવૃત્તિ: 2 હાથના પંજા દોરવા.**

❖ બાળકોને કોરા કાગળ આપવા તેમને પોતાનો હાથ કાગળ પર રાખી પંજો દોરવા કહેવું.

**પ્રવૃત્તિ: 3 વાક્યમાં રહેલ શબ્દો જેટલી તાળી પાડો. (HW - 3.4)**

(૧) મહેશ રમે છે. (૩ તાળી - ૩ શબ્દો)

(૨) આ કમળનું ફૂલ છે. (૪ તાળી - ૪ શબ્દ)

(૩) હું લાડુ ખાઉં છું. (૪ તાળી - ૪ શબ્દ)

(૪) મીના અમદાવાદ ગઈ. (૩ તાળી - ૩ શબ્દ)

(૫) નીલમબેન ગીત ગાય છે. (૪ તાળી - ૪ શબ્દ)

- **જોડકણું**

મીઠા ટહુકા કરતો મોર
તા તા થૈ થૈ નાચે મોર,
દાણા ખાવા આવે મોર,
પીંછું દઈને જાતો મોર.

**પ્રવૃત્તિ: 4 રેલગાડીની રમત રમાડવી.**

❖ બે ટીમ પાડવી.

બંને ટીમ બે ત્રણ મીટર દૂર દોરેલા પાટા પર ચહેરા સામ-સામે રહે તેમ ઊભી રહેશે.

હવે એક ટીમનું દરેક બાળક પોતાનો જમણો હાથ આગળ ધરશે.

બીજી ટીમનું એક બાળક પહેલી ટીમનાં બાળકો સામે તેમને ખબર ન પડે તે રીતે પોતાનો ડબ્બો બતાવવા જશે.

જો તે બાળક હાથ ધરેલાં બાળકો પૈકી કોઈ એકને તાળી મારી પોતાના પાટા સુધી પહોંચી જશે તો, તેને તાળી મારી તે બાળક તેનો ડબ્બો બનશે.

પરંતુ તાળી પાડનાર બાળક પોતાના પાટા સુધી પહોંચે તે પહેલાં જ જેને તાળી મળી છે, તે બાળક તેને અડકી જાય તો તાળી પાડનાર બાળક ડબ્બો બનશે.

ક્યારેક એવું બનશે કે એક ટીમમાં એક જ બાળક રહ્યું હશે. પોતાની ટીમના દરેક બાળક સામેની ટીમમાં ડબ્બા બની ગયા હશે, પરંતુ છેલ્લે તે એકલું પણ હોશિયારીપૂર્વક સામેની ટીમનાં બધાં બાળકોને પોતાના ડબ્બા બનાવી શકશે.

**પ્રવૃત્તિ: 5 વાર્તાકથન**

## પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી

એક હતો પોપટ. પોપટ બહુ જ ભલો ને ડાહ્યો હતો.

એક દિવસ પોપટને એની મા કહે - ભાઈ, કમાવા જા ને!

પોપટ તો 'ઠીક' કહી કમાવા ચાલ્યો. ચાલતાં ચાલતાં ખૂબ દૂર ગયો ત્યાં એક મોટું સરોવર આવ્યું. સરોવરની પાળે એક મજાનો આંબો હતો. તેના ઉપર પોપટ બેઠો.

આંબે કાચી અને પાકી ઘણી બધી કેરીઓ આવેલી. પોપટ કેરીઓ ખાય, આંબાડાળે હીંચકે ને ટહુકા કરે. ત્યાંથી ગાયોનો એક ગોવાળ નીકળ્યો. પોપટ ગાયોના ગોવાળને કહે - એ ભાઈ, ગાયોના ગોવાળ, ગાયોના ગોવાળ! મારી માને એટલું કહેજે...

પોપટ ભૂખ્યો નથી
પોપટ તરસ્યો નથી

પોપટ આંબાની ડાળ

પોપટ સરોવરની પાળ

પોપટ કાચી કેરી ખાય

પોપટ પાકી કેરી ખાય

પોપટ ટહુકા કરે

ગોવાળ કહે - બાપુ! આ ગાયો રેઢી મૂકીને હું તે તારી બાને કહેવા ક્યાં જાઉં? તારે જોઈતી હોય તો આમાંથી એક સારી મજાની ગાય લઈ લે. પોપટે તો એક ગાય લીધી ને આંબાના થડે બાંધી દીધી.

થોડીક વાર થઈ ત્યાં તો ત્યાંથી ભેંસોનો ગોવાળ નીકળ્યો. પોપટ ભેંસોના ગોવાળને કહે - એ ભાઈ, ભેંસોના ગોવાળ, ભાઈ ભેંસોના ગોવાળ. મારી માને એટલું કહેજે...

પોપટ ભૂખ્યો નથી

પોપટ તરસ્યો નથી

પોપટ આંબાની ડાળ

પોપટ સરોવરની પાળ

પોપટ કાચી કેરી ખાય

પોપટ પાકી કેરી ખાય

પોપટ ટહુકા કરે

ભેંસોનો ગોવાળ કહે - બાપુ! મારાથી તો કહેવા નહિ જવાય. તારે જોઈએ તો આમાંથી એક પાડિયાળી ભેંસ લઈ લે. પોપટે તો એક સારી મજાની ભેંસ લીધી ને આંબાના થડે બાંધી. થોડીક વાર થઈ તો ત્યાંથી બકરાંનો ગોવાળ નીકળ્યો. પોપટ બકરાંના ગોવાળને કહે - એ ભાઈ, બકરાંના ગોવાળ, બકરાંના ગોવાળ! મારી માને એટલું કહેજે...

પોપટ ભૂખ્યો નથી

પોપટ તરસ્યો નથી

પોપટ આંબાની ડાળ

પોપટ સરોવરની પાળ

પોપટ કાચી કેરી ખાય

પોપટ પાકી કેરી ખાય

પોપટ ટહુકા કરે

બકરાંનો ગોવાળ કહે - અરે બાપુ! આ બકરાં રેઢાં મૂકીને મારાથી તારી માને કહેવા નહિ જવાય. તારે જોઈએ તો બે-ચાર બકરાં લઈ લે. પોપટે તો બે-ચાર રૂપાળાં બકરાં લઈ લીધાં ને આંબાના થડે બાંધી દીધાં.

વળી ત્યાંથી ઘેટાંનો ગોવાળ નીકળ્યો. ઘેટાંના ગોવાળે પોપટને ચાર-પાંચ ઘેટાં આપ્યાં.

પછી તો ત્યાંથી ઘોડાનો ગોવાળ, હાથીનો ગોવાળ અને સાંઢિયાનો ગોવાળ એક પછી એક નીકળ્યા. ઘોડાના ગોવાળે પોપટને એક ઘોડો આપ્યો. હાથીના ગોવાળે પોપટને એક હાથી આપ્યો. સાંઢિયાના ગોવાળે પોપટને એક સાંઢિયો આપ્યો.

પછી પોપટ તો ગાય, ભેંસ, બકરાં, ઘેટાં, ઘોડા, હાથી ને સાંઢિયો બધાંયને લઈને એક મોટા શહેરમાં આવ્યો. બધાંયને વેચી દીધાં એટલે એને તો ઘણા બધા રૂપિયા મળ્યા. થોડાક રૂપિયાનું એણે સોનુ-રૂપું લીધું ને તેનાં ઘરેણાં ઘડાવ્યાં.

પછી એણે ઘરેણાં નાકમાં, કાનમાં ને ચાંચમાં પહેર્યાં; બાકીના રૂપિયાને પાંખમાં અને ચાંચમાં ભર્યા. પછી પોપટભાઈ ઘર ભણી ચાલ્યા. આવતાં આવતાં મોડી રાત થઈ ગઈ. ઘરનાં બધાં ઊંઘી ગયાં હતાં. પોપટે તો સાંકળ ખખડાવી માને સાદ કરીને કહ્યું -

મા, મા!

બારણાં ઉઘાડો

પાથરણાં પથરાવો

ઢોલિયા ઢળાવો

શરણાઈઓ વગડાવો

પોપટભાઈ પાંખ ખંખેરે.

મા બિચારી આખો દિવસ ઘરનું કામ કરી કરીને ખૂબ થાકી ગઈ હતી. કોણ આવ્યું છે તે એને બરાબર સમજાયું નહિ. એને થયું, અત્યારે કોઈ ચોરબોર આવ્યો હશે ને ખોટું ખોટું બોલતો હશે. એણે તો બારણાં ઉઘાડ્યાં નહિ. પછી પોપટ કાકીને ઘેર ગયો. કાકીને ઘેર જઈને કહે...

કાકી, કાકી!

બારણાં ઉઘાડો

પાથરણાં પથરાવો

ઢોલિયા ઢળાવો

શરણાઈઓ વગડાવો

પોપટભાઈ પાંખ ખંખેરે.

કાકીએ તો સૂતાં સૂતાં જ સંભળાવી દીધું - અત્યારે અડધી રાતે કોઈ બારણાં ઉઘાડતું નથી. આવવું હોય તો સવારે આવજે, પછી પોપટ પોતાની બહેનના ઘેર ગયો. જઈને કહે -

બહેન, બહેન!

બારણાં ઉઘાડો

પાથરણાં પથરાવો

ઢોલિયા ઢળાવો

શરણાઈઓ વગડાવો

પોપટભાઈ પાંખ ખંખેરે.

બહેન કહે - અત્યારે કાળી રાતે તે મારો ભાઈ ક્યાંથી હોય? ભાગી જા! તું કોઈ ચોર લાગે છે. પછી પોપટ તો માસી, ફોઈબા વગેરે ઘણાં સગાંવહાલાંને ઘેર ગયો પણ કોઈએ બારણાં ઉઘાડ્યાં નહિ.

છેવટે પોપટ એની મોટીબાને ત્યાં ગયો. એની મોટીબા એને ખૂબ વહાલ કરતાં હતાં.

મોટીબાએ તો તરત પોપટનો સાદ ઓળખ્યો. તે કહે - આવી ગયો, મારા દીકરા! આ આવી; લે બારણાં ઉઘાડું છું, બાપુ! પછી બારણાં ઉઘાડ્યાં એટલે પોપટભાઈ અંદર આવ્યા અને મોટીબાને પગે લાગ્યા. મોટીબાએ એનાં દુખણાં લીધાં.

પછી તો મોટીબાએ પોપટ માટે પાથરણાં પથરાવ્યાં, ઢોલિયા ઢળાવ્યા ને ઉપર સુંવાળા સુંવાળાં ગાદલાં

પથરાવ્યાં. પછી કહે - દીકરા! જરા અહીં બેસજે, હોં. હમણાં શરણાઈવાળાને બોલાવું છું. મોટીબા તરત ત્રણચાર શરણાઈવાળાને બોલાવી લાવ્યા. શરણાઈયું પૂઉંઉંઉં કરતી વાગવા માંડી.

પોપટભાઈ તો ખુશખુશ થઈ ગયા ને પાંખમાંથી ને ચાંચમાંથી રૂપિયા ખંખેરવા લાગ્યા. થોડી વારમાં તો આખું ઘર રૂપિયાથી ભરાઈ ગયું. પોપટભાઈ આટલા બધા રૂપિયા કમાઈને આવ્યા એ જોઈ મોટીબા પણ ખૂબ રાજી થયાં.

શરણાઈ સાંભળતાં સાંભળતાં પોપટભાઈને ઊંઘ આવી ગઈ. સવારે ઊઠીને મોટીબાએ પોપટભાઈની માને બોલાવી પોપટભાઈના રૂપિયા - ઘરેણાં એને આપી દીધાં અને પોપટભાઈને જવાનું મન નહોતું તો પણ પરાણે માની સાથે એના ઘરે મોકલાવી દીધા.

### દિવસઃ 2

**પ્રવૃત્તિઃ 6 ગીતનું ગાન કરાવવું. (IL - 3.1, 3.2, HW - 3.18c)**

### પંખી બની ઊડી

પંખી બની ઊડી જઈએ... (૨)

હો... હો... હો... ચાંદામામાના દેશમાં

કાળો કાળો વાદળનો દેશ ચાંદામામા

વાદળ બની વરસી જાશું (૨)

હો... હો... હો... ચાંદામામાના દેશમાં (૨)

ટમટમતા તારલાનો દેશ ચાંદામામા

તારલા બની ચમકી જાશું (૨)

હો... હો... હો... ચાંદામામા દેશમાં

રૂપાળી પરીઓનો દેશ ચાંદામામા

પરી બની ઊડી (૨)

હો... હો... હો... ચાંદામામાના દેશમાં (૨)

- **ટપકાં જોડી ચિત્ર પૂ રું કરો અને રંગ પૂરો.** (વર્કશીટ-7)
- **ચાખો અને કહો.**

તુલસી, ફુદીનો, ખાંડ, મીઠું, મીઠા લીમડાનાં પાન વગેરે વસ્તુઓ બાળકને આંખ બંધ કરાવી ચખાડવા અને પૂછવું કે આ કઈ વસ્તુ છે?

**પ્રવૃત્તિઃ 7 કાગળની પટ્ટીઓ બનાવવી.**

છાપાના નકામા કાગળમાંથી જુદી જુદી પટ્ટીઓ હાથથી ફડાવવી.

**પ્રવૃત્તિ: 8 શબ્દનિર્માણ (HW - 3.4, EC - 3.4a)**

- ❖ એક બાળક 'ના' બોલે અને બીજો બાળક "ક" બોલે તો બાકીનાં બધાં બાળકો નાક બોલે. આવા બે કે ત્રણ અક્ષરના શબ્દો બોલાવવા.

- **અડકો દડકો જોડકણાનું ગાન કરાવવું.**

અડકો દડકો, દહીં દડૂકો,
શ્રાવણ ગાજે, પીલું પાકે,
ઊલ મૂલ ધતૂરાનું ફૂલ
સાકર શેરડી ખજૂર
બાઈ તમારા છૈયા છોકરા
જાગે છે કે ઊંઘે છે
અસ મસને ઢસ!!!

**પ્રવૃત્તિ: 9 મોબાઈલ - અરીસાની રમત રમાડવી.**

- ❖ તમામ બાળકોને વર્તુળના પાટા ઉપર ઊભાં રાખો.

શિક્ષકે બતાવવું કે તેઓ જ્યારે 'મોબાઈલ' એમ બોલે, ત્યારે દરેક બાળક પોતાના કાન પાસે હાથ વડે મોબાઇલ ફોનથી વાત કરતાં હોય તેવો અભિનય કરશે. જ્યારે શિક્ષક અરીસો કહે, ત્યારે તે જ હાથ વડે તુરંત અરીસામાં ચહેરો જોતાં હોય તેવો અભિનય કરશે. જે બાળક ભૂલ કરે તે આઉટ.

**પ્રવૃત્તિ: 10 વાર્તાકથન**

## બે બિલાડી અને વાંદરો

એક હતી કાળી બિલાડી ને એક હતી ધોળી બિલાડી. હવે એકવાર એવું થયું કે તેમને એક રોટલો મળ્યો. ધોળી બિલાડી કહે: 'આ રોટલો મારો.' ને કાળી બિલાડી કહે: 'ના, આ રોટલો મારો.' પછી તો ભાઈ, એ બંને વચ્ચે ભારે ઝઘડો થયો. રોટલાના બે સરખા ભાગ કરતાં બેમાંથી કોઈને આવડે નહીં. હવે કરવું શું?

નજીકના ઝાડ પર બેઠેલો વાંદરો આ જોતો હતો. તેણે વિચાર્યું કે એવી યુક્તિ કરું કે તે લડતી રહે ને રોટલો મારા પેટમાં. એમને ખબરેય ના પડે. એટલે તે પેલી બિલાડીઓ પાસે આવ્યો. બિલાડીઓએ પોતાની વાત કહી તે ઠાવકો થઈ સાંભળી રહ્યો. પછી કહે: 'અરે! એમાં શું? ચપટી વગાડતામાં બે ભાગ કરી દઉં. પણ એકદમ સરખા તોલવા હોય તો ત્રાજવું જોઈએ.' ધોળી બિલાડી નજીકના ઘરમાં જઈ ત્રાજવું લઈ આવી. વાંદરાભાઈએ રોટલાના બે ટુકડા ત્રાજવાનાં બે પલ્લાંમાં મૂક્યા. પણ આ શું! એક કટકો મોટો હતો. તે પલ્લું નીચું થઈ ગયું. ને બીજું પલ્લું ઊંચું? બેઉ કટકા સરખા તો કરવા જ પડે ને! એટલે વાંદરાભાઈએ જે કટકો મોટો હતો તેમાંથી એક બટકું ભરી લીધું અને પલ્લામાં મૂક્યું. ને ત્રાજવું કર્યું ઊંચું. તો આ શું? હવે બીજું પલ્લું નમેલું હતું. બે ભાગ સરખા કરવા તેણે એમાંથી એક ટુકડો ખાધો. ફરી ત્રાજવામાં મૂક્યું. ફરી ત્રાજવું ઊંચું કર્યું. તો હવે? હવે પાછું પહેલું પલ્લું નીચું હતું.

આ જોઈ ધોળી બિલાડી કહે, 'પણ તમે આમ બટકાં ભર્યા કરો છો તે રોટલો તો પૂરો થવા આવ્યો છે. આમ બટકાં ન ભરો.' તો વાંદરો કહે 'પણ મારે બે ભાગ સરખા તો કરવા પડે ને! સરખા કરવા બટકાં

ભરવાંય પડે.' એમ આખોય રોટલો વાંદરાભાઈ ખાઈ ગયા. બિલાડીઓ જોતી રહી. વાંદરાભાઈ તો જતા રહ્યા.

કાળી બિલાડી બોલીઃ 'આપણે સંપીને રોટલો ખાધો હોત તો કેવું સારું થાત!'

**દિવસઃ 3**

**પ્રવૃત્તિઃ 11 સાઈકલ મારી સરર જાય (પુનરાવર્તન) (IL - 3.1)**

- **તહેવારો વિશે ચર્ચા**

**સામગ્રીઃ** તહેવારનાં ચિત્રો

(૧) તમને કયો તહેવાર વધુ ગમે છે?

(૨) તમારા ગામ કે શેરીમાં કયો તહેવાર ભેગા મળી ઉજવો છો?

(૩) કયા તહેવારમાં તમે એકબીજા પર રંગ છાંટો છો?

(૪) કયા તહેવારના દિવસે તમે ફટાકડા ફોડો છો?

(૫) ઉત્તરાયણના દિવસે તમે શું કરો છો?

**નોંધઃ-**
- પ્રશ્નો પૂછી ચર્ચા કરવી.
- તહેવારનાં ચિત્રો બતાવી વાતચીત કરવી.

- **સ્પર્શ કરો અને કહો (ઓળખો)**

**સામગ્રીઃ** જુદા જુદા પ્રકારની નાનકડી વસ્તુઓ જેવી કે પેન્સિલ, કાંસકો, રમકડાં, ફળો, શાકભાજી વગેરે તેમજ થેલી.

**પદ્ધતિઃ** એક મોટી થેલી લઈ તેમાં બાળકોને પરિચિત હોય, તેવી વિવિધ વસ્તુઓ મૂકો અને બાળકોને વારાફરતી બોલાવી થેલીમાં રહેલી કોઈ એક વસ્તુને જોયા વિના માત્ર સ્પર્શ કરી ઓળખવા કહો. બાળકોના હાથમાં મોજાં પહેરવીને આ પ્રવૃત્તિ ફરીથી કરાવો. હવે બાળકોને પૂછો કે તે વસ્તુને સરળતાથી ઓળખી શકે છે?

તેના કારણ વિશે ચર્ચા કરો.

**પ્રવૃત્તિઃ 12 સ્પ્રે પેઈન્ટિંગ**

**સામગ્રીઃ** કલર કે ટૂથબ્રશ, ચિત્ર, કાગળ

નકામા ટૂથબ્રશને કલરમાં બોળી જે ચિત્રનું ચિત્રકામ કરવું છે તે મૂકી તેની આસપાસ બ્રશથી સ્પ્રે કરવું.

**પ્રવૃત્તિઃ 13 વર્ગખંડની વસ્તુઓની ઓળખ કરવી અને નામ ચોંટાડવાં. (HW - 3.3, 3.18a)**

**સામગ્રીઃ** કાગળ, પેન, ગુંદર

**પદ્ધતિઃ** શિક્ષકે વર્ગની વસ્તુઓ, જેવી કે ડસ્ટર, બારી, બારણું, ફલક, બોટલ, ખુરશી, ટેબલ વગેરે પર તેનું નામ લખી ચોંટાડવું. બાળકને પરિચય કરાવવો.

- **મીઠા ટહુકા કરતો મોર (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 14 રેલગાડીનો ડબ્બોની રમત રમાડવી. (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 15 પોપટ ભૂખ્યો નથી (વાર્તા) (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 16 પંખી બની ઊડી જઈએ (પુનરાવર્તન) (IL - 3.29)**

- તહેવારો વિશે ચર્ચા (પુનરાવર્તન):

**પ્રવૃત્તિ: 17** મધમાખીને ફૂલ સુધી પહોંચાડો. (વર્કશીટ-8)
(વિદ્યાર્થી પેન્સિલ/ક્રેયોન વડે ડોટેડ લાઇન જોડશે)

**પ્રવૃત્તિ: 18** 'મ' અક્ષરથી શરૂ થતા નામવાળાં ચિત્રો ઓળખો. (EC - 3.5b) (વર્કશીટ-9)
જે ચિત્રનાં શબ્દોમાં 'મ' આવતો હોય તે ચિત્રને નીચેના ◯ માં વિદ્યાર્થી રંગ પૂરશે.

- જોડકણું: અડકો દડકો (પુનરાવર્તન)

**પ્રવૃત્તિ: 19** મોબાઇલ કે અરીસો રમત રમાડવી. (પુનરાવર્તન)

**પ્રવૃત્તિ: 20** બે બિલાડી અને વાંદરો (પુનરાવર્તન)

## દિવસ: 5

**પ્રવૃત્તિ: 21** સાઇકલ મારી સરર જાય (પુનરાવર્તન) (EC - 3.2, HW - 3.18a)

- વસ્તુઓની મદદથી પેટર્નનિર્માણ.

**સામગ્રી:** પેન્સિલ, રબર, સંચો, ચિત્રકાર્ડ જેવાં કે વિવિધ ફળો - આકારો વગેરે.

**પદ્ધતિ:** કોઈપણ બે વસ્તુ લઈ ગોઠવો અને બાળકો પાસે આ પેટર્નને આગળ વધારાવો જેમ કે સફરજન, કેળું, સફરજન, કેળું... આ રીતે વિવિધ વસ્તુઓના ઉપયોગથી વિવિધ પેટર્ન લગાવડાવો.

- શિક્ષક ચિત્રને આધારે તહેવારોની ચર્ચા કરશે. (વર્કશીટ-10)

**પ્રવૃત્તિ: 22** કાગળની પટ્ટીઓ બનાવવી. (પુનરાવર્તન)

**પ્રવૃત્તિ: 23** 'ગ' અક્ષરથી શરૂ થતા નામવાળાં જે ચિત્રોનાં શબ્દમાં 'ગ' આવતો હોય તે ચિત્રની નીચેના ◯ માં વિદ્યાર્થી રંગ પૂરશે. (EC - 3.5b) (વર્કશીટ-11)

- મીઠા ટહુકા મોર: (પુનરાવર્તન)

**પ્રવૃત્તિ: 24** રેલગાડીનો ડબ્બો (પુનરાવર્તન)

**પ્રવૃત્તિ: 25** પોપટ ભૂખ્યો નથી (પુનરાવર્તન)

● ● ●

# સપ્તાહ: ૪

| ક્રમ | ક્ષેત્ર | સમય | પ્રવૃત્તિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દિવસ 1 | દિવસ 2 | દિવસ 3 | દિવસ 4 | દિવસ 5 | દિવસ 6 |
| 1 | સર્કલ ટાઇમ, આવકાર, હાજરી | 15 min | પંખીની જેમ ઊડતાં-ઊડતાં વર્ગમાં આવવું.<br>કોઈ પણ મુદ્દા પર મુક્ત વાતચીત કરવી. જેમ કે મને ગમતું રમકડું | | | | | |
| 2 | વર્ગખંડ મુક્તરમત | 30 min | બાળકોને ચલણી નોટો અને ચલણી સિક્કાના નમૂના આપી વર્ગીકરણ કરાવવું તેમજ તેના મૂલ્યના ક્રમમાં ગોઠવણી કરાવવી. | | | | | |
| 3 | ગણિત, પર્યાવરણ | 30 min | (1) ગાંધીજીનો પરિચય<br>• બાળગીત: આવો પારેવાં<br>• સમસ્યા ઉકેલ વાર્તા આધારે | (6) રાણી લક્ષ્મીબાઈનો પરિચય<br>• બાળગીત: નાનું નાનું સસલું<br>• ચિત્રોને વાર્તાના ક્રમમાં ગોઠવો. | (11) જોડકણું: ચોખ્ખું ઘરનું આંગણું<br>• વ્યક્તિગત સ્વચ્છતા: ચર્ચા | (16) મારો વિકાસ, ઊંચાઈ અને વજન<br>• જોડકણું: મછલી જલ કી રાની હૈ<br>• ચોક્કસ આકાર અને રંગની વસ્તુઓ શોધાવવી. | (21) જોડકણું: ચોખ્ખું ઘરનું આંગણું<br>• રમત: પગથિયાં<br>• ચિત્રનો ખૂટતો ભાગ જોડો (વર્કશીટ-14) | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 4 | સર્જનાત્મક પ્રવૃત્તિ | 30 min | (2) ગડીકામ | (7) છાપકામ | (12) ગડીકામ | (17) છાપકામ | (22) ગડીકામ | |
| | | | નાસ્તો | | | | | |
| 5 | ભાષા | 30 min | (3) ઉખાણાં<br>• અડધી વાર્તા કહેવી અને બાળકો પાસે વાર્તા પૂરી કરાવવી | (8) ઉખાણાં<br>• આપેલા શબ્દના પ્રાસવાળા શબ્દો બોલાવવા જેમ કે કાન - પાન - દાન ચોર - મોર - શોર | (13) અધૂરાં વાક્યો પૂરાં કરો.<br>• ચહેરો શું કહે છે? (વર્કશીટ-12)<br>• બાળગીત: આવો પારેવાં | (18) નામમાં 'ચ' આવતો હોય તેવાં ચિત્રોમાં રંગ પૂરો (વર્કશીટ-13)<br>• બાળગીત: નાનું નાનું સસલું | (23) ચિત્રના નામમાં 'મ' આવતો હોય તેવાં ચિત્રોમાં રંગ પૂરો (વર્કશીટ-15)<br>• બાળગીત: આવો પારેવાં | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 6 | મેદાનની રમત | 30 min | (4) રૂમાલ દાવ | (9) તાળીની રમત | (14) રૂમાલ દાવ | (19) તાળીની રમત | (24) રૂમાલ દાવ | |
| 7 | વાર્તા | 15 min | (5) લપલપિયો કાચબો | (10) નાનીને ઘેર જાવા દે | (15) લપલપિયો કાચબો | (20) નાની ને ઘેર જાવા દે | (25) લપલપિયો કાચબો | |
| 8 | વિદાય | 15 min | આખા દિવસની વાતચીત, શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા વાતચીત | | | | | |

## સપ્તાહ: 4

## દિવસ: 1

### પ્રવૃત્તિ: 1 ગાંધીજીનો પરિચય (IL - 3.7, 3.8a)

❖ ચિત્ર બતાવી વાતચીત

- ગાંધીજી આપણા રાષ્ટ્રપિતા છે.
- તેમના પિતાનું નામ કરમચંદ અને માતાનું નામ પૂતળીબાઈ હતુ.
- તેમના પત્નીનું નામ કસ્તૂરબા હતુ.
- તેમનો જન્મ પોરબંદરમાં થયો હતો.

- ગીતનું ગાન કરાવવું.

### આવો પારેવાં

આવો પારેવાં, આવો ને ચકલાં,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો પોપટડા, મેનાને લાવજો,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો કાબરબાઈ, કલબલ ના કરશો,
ચોકમાં દાણા નાખ્યા છે.
બંટી ને બાજરો, ચોખા ને બાવટો,
ચોકમાં દાણા નાખ્યા છે.
ધોળી છે જાર ને ઘઉં છે રાતડા,
ચોકમાં દાણા નાખ્યા છે.
નિરાંતે ખાજો, નિરાંતે ખૂંદજો,
ચોકમાં દાણા નાખ્યા છે.
બિલ્લી નહીં આવે, કૂતરો નહીં આવે,
ચોકમાં દાણા નાખ્યા છે.
કચકચ કરજો ને કટકટ કરજો,
ચોકમાં દાણા નાખ્યા છે.

- ગિજુભાઈ બધેકા

- **સમસ્યા - ઉકેલ (વાર્તા આધારે)**

**સામગ્રી:** શિયાળ અને કાચબાની વાર્તાનાં ચિત્રો અથવા કોઈ પણ ચિત્રવાર્તાનાં ચિત્રો.

જંગલમાં રહેતા શિયાળને જ્યારે કાચબો સામે મળ્યો ત્યારે શિયાળે કાચબાને ખાઈ જવાનો વિચાર કર્યો. તેણે કાચબાની પીઠને તોડવાનો પ્રયાસ કર્યો, પણ સફળતા ન મળી. કાચબો ચતુર હતો. તેણે કહ્યું કે મને નજીકના તળાવ પાસે લઈ જઈ પાણીમાં ફેંકી દે, જેથી મારી પીઠ નરમ થઈ જશે, પછી તું મને ખાઈ જજે. મૂર્ખ શિયાળ કાચબાને ઊંચકીને તળાવે લઈ ગયું. પછી કાચબાને તળાવમાં નાખ્યો. કાચબો તરીને ઊંડા પાણીમાં જતો રહ્યો.

શિયાળે કાચબાને ખાઈ જવાનો વિચાર કર્યો પછી કાચબાએ પોતાનો જીવ કેવી રીતે બચાવ્યો હશે બાળકો સાથે તે વિશે ચર્ચા કરો.

બાળકો ઉકેલ જણાવે પછી વાર્તા પૂરી કરો.

## પ્રવૃત્તિ: 2 ગડીકામ

❖ નકામા કાગળમાંથી ગડી વાળી ચોરસ, ત્રિકોણ, લંબચોરસ બનાવવા.

## પ્રવૃત્તિ: 3 ઉખાણાં (IL - 3.8b, HW - 3.3)

(૧) રંગે પીળું
ખાટું સ્વાદે
શરબત માટે રાખે
ચતુર હોય તે ચાખે

**લીંબુ**

(૨) લૂમખે ઝૂમખે થાઉં છું
નાની હું લાગુ છું,
સ્વાદે ખાટી-મીઠી છું,
વેલા પર હું લટકી છું,
બોલો, હું કોણ છું!

**દ્રાક્ષ**

- **અડધી વાર્તા કહેવી અને બાળકો પાસે વાર્તા પૂરી કરાવવી.**

(ઉ.દા. એક કીડી અને કબૂતર મિત્ર હતાં. એક દિવસ શિકારી આવ્યો અને કબૂતરને તીર મારવા જતો હતો..............)

હવે આ રીતે કોઈ પણ વાર્તા અધૂરી કહીને બાળકો પાસે વાર્તા પૂરી કરાવવી.

## પ્રવૃત્તિ: 4 રૂમાલ દાવ (મેદાનની રમત)

❖ મેદાન પર ત્રણેક મીટર જગ્યા રહે તેમ બે સમાંતર પાટા દોરો.

બંને પાટા પર એક - એક ટીમને સામ-સામે ચહેરા રહે તેમ ઊભી રાખો.

હવે બંને ટીમને સંખ્યા મોટેથી બોલાવો. (એક, બે, ત્રણ, ચાર... દસ એમ)

સમાંતર પાટાની વચ્ચે એક નાનું વર્તુળ દોરી તેમાં રૂમાલ જેવી વસ્તુ મૂકો.

હવે બંને ટીમમાંથી પહેલા - પહેલા નંબરવાળા બાળકને રૂમાલ લેવા નાના વર્તુળ પાસે બોલાવવા.

બંને એકબીજા સાથે હાથ મિલાવશે. એકબીજાને ખબર ન પડે તેવી રીતે રૂમાલ લઈ જવા પ્રયત્ન કરશે.

જે ટીમનું બાળક રૂમાલ લઈ જાય તે ટીમને એક પોઈન્ટ આપવો.

છેલ્લે સૌથી વધુ પોઈન્ટ મેળવનાર ટીમ વિજેતા બનશે.

**પ્રવૃત્તિ: 5 વાર્તાકથન**

## લપલપિયો કાચબો

એક તળાવ હતું. તળાવમાં એક કાચબો રહે. તેને બોલ-બોલ કરવાની ટેવ. કોઈ ન મળે તો એકલો-એકલો પણ બોલ્યા કરે. એકવાર માનસરોવરના બે હંસ તળાવ પાસે આવ્યા. એમને તો તળાવ ગમી ગયું. એ તો તળાવ કાંઠે જ રહી ગયા. પેલા લપલપિયા કાચબાને તો બંને હંસ સાથે ભાઈબંધી થઈ ગઈ. કાચબો હંસ સાથે ફરવા જાય, તરવા જાય. કાચબો વાતો કહ્યા કરે, હંસ વાતો સાંભળ્યા કરે.

ઉનાળો આવ્યો એટલે બંને હંસ માનસરોવર જવા તૈયાર થયા. કાચબાને માનસરોવર જોવાનું મન થઈ ગયું. એણે તો હંસોને કહ્યું ''મારે આવવું છે! માનસરોવર જોવું છે!'' હંસો કહે, ''પણ, અમે તને કેમ કરીને લઈ જઈએ! તને ઊડતાં તો આવડતું નથી!''

કાચબો કહે - ''કોઈ ઉપાય કરીને પણ મને લઈ જાઓ! હવે તો આપણે ભાઈબંધો કહેવાઈએ!''

હંસોએ એક ઉપાય કર્યો. એ તો એક લાકડી લઈ આવ્યા. લાકડીને બે છેડેથી ચાંચ વડે પકડી. કાચબાને મોઢા વડે વચ્ચેથી લાકડી પકડાવી. સાથે-સાથે એમણે શરત કરી. કાચબાને કહ્યું કે, ''તારે બોલ બોલ કરવાની ટેવને ભૂલવી પડશે. ખબરદાર જો મોઢું ખોલ્યું છે તો!''

માનસરોવર જોવાની લાલચને લીધે કાચબાએ શરતને કબૂલ રાખી.

હંસો તો ભાઈ ચાંચોમાં લાકડી પકડીને ઊડ્યા. સાથે કાચબાભાઈ પણ! રસ્તામાં મોટાં-મોટાં જંગલો, મોટાં-મોટાં સરોવર ને મોટા-મોટા પહાડો આવ્યા. મોટી-મોટી નદીઓ પણ આવી. રસ્તામાં એક ગામ પણ આવ્યું. ગામલોકોએ ઊંચે નજર કરી. કાચબાભાઈને ઊડતા જોઈ સહુ હસવા લાગ્યા. કાચબાભાઈની નજર પડી. એમને થયું, ગામલોકોને કંઈક સંભળાવું! પણ, જેવા કંઈક બોલવા ગયા એવી જ લાકડી છૂટી ગઈ અને કાચબાભાઈ જમીન પર પડ્યા.

### દિવસ: 2

**પ્રવૃત્તિ: 6 રાણી લક્ષ્મીબાઈનો પરિચય. (EC - 3.6b)**

- ❖ રાણી લક્ષ્મીબાઈનું ચિત્ર બતાવી તેમના વિશે ચર્ચા.
- ● બાળગીત:

## નાનું નાનું સસલું

નાનું નાનું સસલું
ધોળું ધોળું સસલું
આમ દોડે તેમ દોડે
અમને જોઈને નાસી જાય
ગાજર ખાય,
પાણી પીએ,
આમ દોડે તેમ દોડે
ડુંગર ઉપર દોડી જાય

ઊંચા એના કાન છે

લાલ એની આંખ છે

આમ દોડે તેમ દોડે

અમને જોઈને નાસી જાય

- **ચિત્રોને વાર્તાના ક્રમમાં ગોઠવો.**

**સામગ્રીઃ** કોઈ પણ ચિત્રવાર્તાનાં ચિત્રો

**પદ્ધતિઃ** બાળકોને ચિત્રવાર્તાના આધારે વાર્તા કહ્યા બાદ તેનાં ચિત્રો આપી તેમને વાર્તાના ક્રમમાં ગોઠવવા કહો.

**પ્રવૃત્તિઃ 7 છાપકામ**

**સામગ્રીઃ** ભીંડા, બટાટા, કલર કાગળ

**પદ્ધતિઃ** કોરા કાગળમાં ભીંડા અને બટાટા વડે છાપકામ કરાવવું.

**પ્રવૃત્તિઃ 8 ઉખાણાં (EC - 3.7, 3.8a)**

(૧) હલે છે પણ જીવ નથી,
ચાલે છે પણ પગ નથી
બેઠક છે પણ બાજઠ નથી
ખવાય છે પણ ખૂટતો નથી

**હીંચકો**

(૨) પઢતો પણ પંડિત નહિ,
પૂર્યો પણ નહિ ચોર
ચતુર હોય તો ચેતજો
મધુર પણ નહિ મોર

**પોપટ**

- **આપેલ શબ્દના પ્રાસવાળા શબ્દો બોલાવવા.**

**ઉદા.**

ચોર મોર શોર

કાન દાન પાન

હાક ધાક પાક

**પ્રવૃત્તિઃ 9 તાળીની રમત રમાડવી**

- **તાળીની રમતો**

સાદી તાળી

લાડુ તાળી

રોટલા તાળી

- **સાદી તાળી (પાંચ)**

બાળકોને વર્તુળાકારે બેસાડવાં અને તેમની સાથે બેસવું.

બાળકોને સૂચના આપવી કે હું જે રીતે તાળી પાડું તે રીતે બધાં બાળકો એક સાથે તાળી પાડે.

બંને હાથને માથાની ઉપરની બાજુએ લઈ જઈને એક સાદી તાળી પાડવી. બાળકો પાસે તેવી રીતે તાળી પડાવવી. જ્યાં સુધી રીધમ ન પકડાય ત્યાં સુધી તાળી પડાવવી.

હવે 'એક-બે' એમ બોલીને બે તાળી પડાવવી. બાળકો પણ એક - બે બોલીને તાળી પાડશે. આ રીતે ક્રમશઃ પાંચ સુધી તાળી પડાવવી. છેલ્લે માત્ર અંક બોલવો અને અંક મુજબ તાળી પડાવવી.

- **લાડુતાળી (પાંચ લાડુતાળી)**

  જે રીતે સાદી તાળી અંક બોલતા પડાવવી તે રીતે અંક બોલતા બોલતાં ક્રમશઃ એકથી પાંચ લાડુતાળી પડાવવી. લાડુતાળી લાડવા વાળતા હોય તે રીતે બંને હાથ સામે લાવીને પડાવવી.

- **રોટલાતાળી (પાંચ રોટલાતાળી)**

  રોટલા ઘડવા બેસે તે રીતે બાળકોને બેસાડવાં અને ઉપર મુજબ (રોટલા ઘડતા હોય તે રીતે) રોટલાતાળી પડાવવી.

  હવે ત્રણેયમાંથી કોઈ પણ પ્રકારની તાળી પાડવાનું કહીને તાળી પડાવવી. જેમકે... બે લાડુતાળી,, પાંચ સાદી તાળી, ત્રણ રોટલાતાળી.

**પ્રવૃત્તિઃ 10 વાર્તાકથન**

## નાનીને ઘેર જાવા દે

એક હતું ઘેટાનું બચ્ચું. તે એક વાર તેની મોટી માને ત્યાં જવા ચાલ્યું. ચાલતાં ચાલતાં રસ્તામાં તેને એક શિયાળ મળ્યું.

શિયાળ ઘેટાંનાં બચ્ચાને કહેઃ ''હું તને ખાઉં.''

બચ્ચું કહેઃ ''નાનીને ઘેર જાવા દે,

ખૂબ તાજું થાવા દે,

પછી મને ખાજે.''

શિયાળ કહેઃ ''ઠીક''

બચ્ચું જરા દૂર ચાલ્યું ત્યાં એક ગીધ મળ્યું.

ગીધ કહેઃ ''હું તને ખાઉં''

ઘેટાનું બચ્ચું કહેઃ ''નાનીને ઘેર જાવા દે,

ખૂબ તાજું થાવા દે,

પછી મને ખાજે.''

ગીધ કહેઃ ''ઠીક''

ઘેટાનું બચ્ચું તો આગળ ચાલ્યું. ત્યાં વળી રસ્તામાં તેને એક વાઘ મળ્યો.

વાઘ કહેઃ ''હું તને ખાઉં''

બચ્ચું કહેઃ ''નાનીને ઘેર જાવા દે,

ખૂબ તાજું થાવા દે,

પછી મને ખાજે.''

વાઘ કહેઃ ''ઠીક''

પછી રસ્તામાં એ પ્રમાણે તેને વરુ, સિંહ, કૂતરો વગેરે જાનવરો મળ્યાં ને ઘેટાનું બચ્ચું સૌને ઉપર પ્રમાણે કહીને છૂટું થયું.

પછી ઘેટું તો માને ત્યાં જઈ માને કહેઃ “મા, મા! મને ખૂબ ખવરાવ. મેં જાનવરોને વચન આપ્યું છે, માટે એ બધાં મને ખાઈ જવાનાં છે.” બચ્ચાએ તો ખૂબ ખાધું-પીધું ને સારી રીતે જાડું થયું.

પછી તે મોટી માને કહેઃ “મા! મને એક ચામડાનું ઢોલકું કરી આપો એટલે હું એમાં બેસીને જાઉં, ને મને કોઈ ઓળખે નહીં; મને તેથી કોઈ ખાય નહિ...”

મોટી માએ તો બચ્ચાને માટે એક સારું મજાનું ઢોલક બનાવ્યું; અંદર રૂપાળું રૂ પાથર્યું. પછી તેની અંદર બચ્ચું બેઠું. પછી ઢોલકાને ધક્કો માર્યો ને, તે ઢોલકું દડતું દડતું ચાલ્યું. ત્યાં રસ્તામાં ગીધ મળ્યું.

ગીધ કહેઃ “ભાઈ! ક્યાંય ઘેટાનું બચ્ચું જોયું?”

ઢોલકમાંથી બચ્ચું બોલ્યુંઃ “ક્યાંનું બચ્ચું, ક્યાંનો તું?

ચલ ઢોલકડા ઢમકા ઢું!”

આમ, જવાબ આપતું આપતું ઘેટું ઘણે દૂર નીકળી ગયું. છેવટે શિયાળભાઈ મળ્યા.

શિયાળ કહેઃ “ક્યાંય ઘેટાનું બચ્ચું દીઠું?”

અંદરથી બચ્ચું બોલ્યુંઃ

“ક્યાંનું બચ્ચું, ક્યાંનો તું?

ચાલ ઢોલકડા ઢમકા ઢું!”

આ રીતે ઘેટાનું બચ્ચું વરુ, સિંહ અને કૂતરાને જવાબ આપીને સલામત રીતે નીકળી ગયું.

## દિવસઃ 3

### પ્રવૃત્તિઃ 11 જોડકણાંનું ગાન કરાવવું. (HW - 3.13)

ચોખ્ખું ઘરનું આંગણું
ચોખ્ખો ઘરનો ચોક;
ચોખ્ખો ઘરનો ઓટલો,
ચોખ્ખાં મેડી ગોખ.
ચોખ્ખા ઘર, કપડાં થકી,
માણસ બહુ સોહાય,
શરીર ચોખ્ખું રાખીએ,
રોગ કદી નવ થાય.
નાહ્યેથી તન સાફ રહે,
સાચેથી મન સાફ.
મન, તન, ઘર છે સાફ,
દૂર રહે નિત પાપ.

- **વ્યક્તિગત સ્વચ્છતા**

❖ શિક્ષક બાળકો સાથે શરીર, ઘર અને શાળાની સ્વચ્છતા વિશે વાતચીત કરે.

**પ્રવૃત્તિ: 12 ગડીકામ (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 13 અધૂરાં વાક્યો પૂરાં કરો. બાળકોનાં જવાબ જુદાં જુદાં હોય તો પણ સ્વીકારવા. (દા.ત. રમકડું નાનું છે - તૂટી ગયું છે - મારે લેવું છે...) (IL - 3.7, HW - 3.17)**

(૧) રોનક ઉત્તરાયણના દિવસે...............................

(૨) કેરી આંબાના...............................

(૩) રીનાનું રમકડું...............................

(૪) મોહન ઝાડ...............................

(૫) નેહા દોડતી...............................

- **ચહેરો શું કહે છે? (વર્કશીટ-12)**

સમાન ચહેરાની જોડ બનાવો. આ ચહેરાઓ કેવા કેવા ભાવ વ્યક્ત કરે છે તેની ચર્ચા શિક્ષકે કરવી. મોટે ભાગે બાળકો આ હાવભાવ ઓળખે તે રીતે ચર્ચા કરવી.

- **બાળગીત: આવો પારેવાં... (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 14 રૂમાલ દાવની રમત રમાડવી. (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 15 લપલપિયો કાચબો (વાર્તા) (પુનરાવર્તન)**

## દિવસ: 4

**પ્રવૃત્તિ: 16 મારો વિકાસ: ઊંચાઈ અને વજન (HW - 3.18a, 3.18c)**

**સામગ્રી:** છાપાના કાગળ, સેલોટેપ

**પદ્ધતિ:** વર્ગખંડમાં ઊંચાઈ ચાર્ટ લગાવી દરેક બાળકની ઊંચાઈ માપો અને બાળકોને કહો.

બાળકોનું વજન વજનકાંટા વડે કરવું. (ત્રણ ચાર મહિનાના અંતે ફરીથી ઊંચાઈ અને વજનનું માપન કરવું.)

આરોગ્ય અંગે જરૂરી માર્ગદર્શન આપવું.

- **જોડકણું**

મછલી જલ કી રાની હૈ
જીવન ઉસકા પાની હૈ
હાથ લગાઓ તો ડર જાયેગી
બાહર નિકાલો તો મર જાયેગી
પાની મેં ડાલો તો તૈર જાયેગી
ખાના ખિલાઓગે તો ખા જાયેગી

- **ચોક્કસ આકાર અને રંગની વસ્તુઓ શોધાવવી.**

**સામગ્રી:** સરળતાથી હાથવગી બને તેવી વિવિધ સામગ્રી જેમકે બ્લૉક્સ, ચૉક, મણકા, બૉટલનાં ઢાંકણાં, દડા, લીંબુ વગેરે.

**પદ્ધતિ:** બાળકને ઓછામાં ઓછી 8 થી 10 વસ્તુઓ આપી તેને આકાર અને રંગ મુજબ વર્ગીકરણ કરવા કહો.

**પ્રવૃત્તિ: 17 છાપકામ (પુનરાવર્તન)**

પ્રવૃત્તિ: 18 નામમાં 'ચ' આવતો હોય તેવાં ચિત્રોની નીચે આપેલ ગોળમાં તમને ગમતા રંગ પૂરો. (EC - 3.5b) (વર્કશીટ-13)

- બાળગીત - નાનું નાનું સસલું (પુનરાવર્તન)


પ્રવૃત્તિ: 19 તાળીની રમત રમાડવી. (પુનરાવર્તન)

પ્રવૃત્તિ: 20 નાનીને ઘેર જાવા દે (પુનરાવર્તન)

દિવસ: 5

પ્રવૃત્તિ: 21 ચોખ્ખું ઘરનું આંગણું (પુનરાવર્તન)

- રમત - પગથિયાં: (HW - 3.3, 3.4)




જમીન ઉપર આ રીતે પગથિયાં દોરવાં અને બાળકોને ક્રમસર લંગડી સાથે રમાડવા.

- ચિત્રનો ખૂટતો ભાગ જોડો. (વર્કશીટ-14)

પ્રવૃત્તિ: 22 ગડીકામ (પુનરાવર્તન)

પ્રવૃત્તિ: 23 ચિત્રના નામમાં 'મ' આવતો હોય તેવાં ચિત્રોમાં રંગ પૂરો. (EC - 3.5b) (વર્કશીટ-15)

- બાળગીત આવો પારેવાં (પુનરાર્વતન)

પ્રવૃત્તિ: 24 રૂમાલદાવની રમત રમાડવી (પુનરાર્વતન)

પ્રવૃત્તિ: 25 લપલપિયો કાચબો (વાર્તા) (પુનરાર્વતન)

# સપ્તાહ: ૫

| ક્રમ | ક્ષેત્ર | સમય | પ્રવૃત્તિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દિવસ 1 | દિવસ 2 | દિવસ 3 | દિવસ 4 | દિવસ 5 | દિવસ 6 |
| 1 | સર્કલ ટાઇમ, આવકાર, હાજરી | 15 min | બાળકો ગરબા ગાતા કે ડાન્સ કરતા વર્ગમાં આવે.<br>બાળકના ઘરે બનેલ ઘટના કે પ્રસંગ વિશે વર્ગમાં રજૂઆત કરાવવી. | | | | | |
| 2 | વર્ગખંડ મુક્તરમત | 30 min | વર્ગમાં રહેલી વિવિધ વસ્તુઓનું તેના કદ અને રંગના આધારે વર્ગીકરણ કરાવવું. | | | | | |
| 3 | ગણિત, પર્યાવરણ | 30 min | (1) લક્ષ્ય તાકવું<br>• બાળગીત: એકડો સાવ સળેકડો<br>• પાંચ વસ્તુ મૂકી ગણાવવી | (6) સસલાની જેમ કૂદકા મારતાં દોડવું<br>• બાળગીત: પિપૂડીવાળાનો પેલો તનમનિયો<br>• દશ વસ્તુ મૂકી ગણાવવી. | (11) સ્વચ્છતાની સાદી ક્રિયાઓ - ગીત<br>• એકડો સાવ સળેકડો<br>• રંગોને જોડવા | (16) શરીર સંબંધિત પ્રશ્નોત્તરી<br>• બાળગીત: પિપૂડીવાળાનો પેલો તનમનિયો<br>• શોધો અને જોડો | (21) સ્વચ્છતા સંબંધિત જોડકણાં<br>• બાળગીત: એકડો સાવ સળેકડો<br>• જુદી પડતી વસ્તુ શોધો. | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 4 | સર્જનાત્મક પ્રવૃત્તિ | 30 min | (2) રેતી/માટીમાં આંગળીઓથી લીટા કરવા | (7) રેતી/માટીમાં સળીથી લીટા કરવા | (12) રેતી કે માટીમાં આંગળીથી લીટા કરવા | (17) રેતી કે માટીમાં આંગળીથી લીટા કરવા | (22) રેતી કે માટીમાં આંગળીથી લીટા કરવા | |
| | નાસ્તો | | | | | | | |
| 5 | ભાષા | 30 min | (3) ચિત્રવર્ણન (વર્કશીટ-16)<br>• શબ્દમાં 'જ' આવતો હોય તે શબ્દ પરથી તાળી પાડવી<br>• જોડકણાગાન: વાર્તા રે વાર્તા | (8) સૂચના મુજબ ચિત્ર દોરો.<br>• જોડકણાગાન: એક - બે - ત્રણ -ચાર | (13) શબ્દમાં છેલ્લે 'ર' આવતો હોય તે ચિત્ર પર ✓ ની નિશાની કરો. (વર્કશીટ-17)<br>• જોડકણાગાન: વાર્તા રે વાર્તા | (18) જે શબ્દમાં 'વ' આવતો હોય તેમાં તાળી પાડો.<br>• જોડકણાગાન: એક - બે - ત્રણ - ચાર | (23) 'ગ' મૂળાક્ષરથી શરૂ થતા શબ્દો બોલાવવા.<br>• જોડકણાગાન: વાર્તા રે વાર્તા | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 6 | મેદાનની રમત | 30 min | (4) ગાંડો હાથી | (9) તાળીની રમત | (14) ગાંડો હાથી | (19) તાળીની રમત | (24) ગાંડો હાથી | |
| 7 | વાર્તા | 15 min | (5) બે મિત્રો | (10) ટોપીવાળો ફેરિયો | (15) બે મિત્રો | (20) ટોપીવાળો ફેરિયો | (25) બે મિત્રો | |
| 8 | વિદાય | 15 min | આખા દિવસની વાતચીત, શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા વાતચીત | | | | | |

## સપ્તાહ: 5

## દિવસ: 1

**પ્રવૃત્તિ: 1 લક્ષ્ય તાકવું (HW - 3.4, 3.15, 3.16)**

❖ એક ઉપર એક વસ્તુ ગોઠવી બૉલ વડે તાકીને પાડવું.

- **બાળગીત**

### એકડો સાવ સળેકડો

એકડો સાવ સળેકડો ને બગડો ડિલે તગડો,
બન્ને બથ્થંબથ્થી કરતાં થઈ ગયો મોટો ઝઘડો.
ત્રગડો તાળી પાડે ને નાચે તાતા થઈ,
ચોગડાની ઢીલી ચડ્ડી સરરર ઊતરી ગઈ!
પાંચડો પેંડા ખાતો એની છગડો તાણે ચોટી,
સાતડો છાનોમાનો આવી લઈ ગયો બધી લખોટી,
આઠડાને પેન્સિલ આપી નવડો કહેતો લખ,
એકડે મીંડે દસ વાગ્યા ત્યાં આવી સ્કૂલની બસ.

**- રમેશ પારેખ**

- **પાંચ મૂર્ત વસ્તુ લઈ શિક્ષકે ગણાવવી.**

❖ એક વસ્તુમાં એક ઉમેરતાં બે થાય, બેમાં એક ઉમેરતાં ત્રણ થાય... એમ ક્રમશઃ ગણાવવું.

**પ્રવૃત્તિ: 2 રેતી/માટીમાં આંગળીઓથી લીટા કરવાં**

**સામગ્રી:** રેતી, માટી, પાણી

**પદ્ધતિ:** રેતીમાં કે ભીની માટીમાં આંગળી વડે લીટા કરવા.
રેતીમાં કે ભીની માટીમાં આંગળી વડે મૂળાક્ષરો લખવા.
રેતીમાં કે ભીની માટીમાં આંગળી વડે ૧ થી ૯ અને ૦ અંક લખવા.

**પ્રવૃત્તિ: 3 ચિત્રવર્ણન (EC - 3.5b) (વર્કશીટ-16)**

**સામગ્રી:** બાળકોને ચિત્રનું અવલોકન કરાવવું, બાળકો સાથે ચર્ચા કરતાં કરતાં ચિત્રની સમજ આપવી.

- **જે શબ્દમાં 'જ' આવતો હોય તે શબ્દ પર તાળી પાડવા કહેવું.**

| | | |
|---|---|---|
| જગ | વજન | પતંગ |
| મગર | ભજન | આજ |
| જમના | કમળ | રાજ |
| જલેબી | અજય | કેરી |

● જોડકણાગાન

## વાર્તા રે વાર્તા

વાર્તા રે વાર્તા, ભાભો ઢોર ચારતા.
ચપટી બોર લાવતા.
છોકરાં સમજાવતા
એક છોકરો રીસાણો.
કોઠી પાછળ સંતાણો
કોઠી પડી આડી,
છોકરાએ બૂમ પાડી.
અરરર...... માડી......

**પ્રવૃત્તિઃ 4 ગાંડો હાથી રમત રમાડવી.**

- એક બાળક પોતાના એક હાથ વડે નાક પકડશે.
  નાક અને હાથ વચ્ચેથી બીજો હાથ પસાર કરી હાથીની સૂંઢ જેવી રચના કરશે.
  વર્તુળમાં રહેલાં બાળકોને તે સૂંઢ વડે અડકવા જશે.
  આઉટ થનાર બહાર થશે.

**પ્રવૃત્તિઃ 5 વાર્તાકથન**

## બે મિત્રો

બે મિત્રો હતા. એક વાર તે બંને પરદેશ જવા નીકળ્યા. તેઓ જંગલમાં થઈને પસાર થઈ રહ્યા હતા. અચાનક જંગલની ઝાડીમાંથી એક જંગલી રીંછ આવી ચડ્યું. બેમાંથી એક મિત્રે રીંછને દૂરથી જ આવતું જોઈ લીધું. આ મિત્ર બહુ સ્વાર્થી હતો. તે પોતાના મિત્રને ચેતવણી આપવા પણ ન થોભ્યો અને પોતાનો જીવ બચાવવા માટે પાસેના ઝાડ પર સડસડાટ ચડી ગયો.

બીજા મિત્રે રીંછને જોયું. એની નજીકમાં પણ ઝાડ હતું, પરંતુ શરીરથી એ મિત્રની પાસે એટલો સમય પણ ન હતો કે તે ઝટપટ ઝાડ પર ચડી શકે. તેમ છતાં તે તીવ્ર બુદ્ધિનો હતો. એણે રીંછના સંબંધમાં એક વાત સાંભળી હતી, તે યાદ આવી ગઈ કે રીંછ કદી મરેલા માણસના મડદાને ખાતું નથી. તે હંમેશાં શિકાર કરીને જ ખાય છે. તરત જ તે જમીન પર ચત્તોપાટ સૂઈ ગયો. શ્વાસ રુંધીને પડ્યો રહ્યો.

રીંછ એની નજીક આવ્યું. આ માણસ જીવતો છે કે મરેલો તેની ખાતરી કરવા રીંછે એનાં નાક, હાથપગ, કાન, આંખ અને એ પ્રમાણે એનું આખું શરીરને જોયું. શરીરમાં કશીજ હલનચલન થતી નહોતી તેથી આ માણસ મરેલો છે એવી પોતાના મનથી ખાતરી થતાં ત્યાંથી ચાલ્યું ગયું. પેલો સ્વાર્થી મિત્ર ઝાડ પર બેઠો બેઠો આ બધું જોયા કરતો હતો. રીંછના ચાલ્યા ગયા પછી એ ઝાડ પરથી નીચે ઊતરી આવ્યો.

તેણે પૂછ્યુંઃ કેમ ભાઈ, આ રીંછ તારું કાંઈ સગું થતું હોય એમ લાગે છે. પણ એ તો કહે, એણે તારા કાનમાં મોઢું ઘાલીને તને શું કહ્યું?' બુદ્ધિશાળી મિત્રે ધીમેથી જવાબ આપ્યોઃ 'ભાઈ, એણે મારા કાનમાં એક ખૂબ જ અગત્યની વાત કરી છે. એણે મને કાનમાં કહ્યું કે, સંકટના સમયે પોતાનો જીવ બચાવવા નાસી જનાર સ્વાર્થી મિત્રથી હંમેશાં ચેતતો રહેજે!'

પેલો સ્વાર્થી મિત્ર આ સાંભળીને એકદમ શરમાઈ ગયો.

## દિવસઃ 2

### પ્રવૃત્તિઃ 6 સસલાની જેમ કૂદકા મારતાં દોડવું. (IL - 3.10, 3.15, HW - 3.16)

જ્યાંથી દોડ શરૂ અને પૂર્ણ કરવાની છે તેની નિશાની કરવી. શરૂની નિશાનીએ બાળકો લાઈનમાં ઊભા હશે અને શિક્ષક કહે ત્યારે સસલાની જેમ દોડીને, દોડ પૂરી થાય છે ત્યાં સુધી પહોંચશે.

- ગીતનું ગાન કરાવવું.

### પિપૂડીવાળાનો પેલો તનમનિયો

પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો
ચોરી ગયો એ તો કેરીનો કરંડિયો
કેરી ખવાય છે, ગોટલા ફેંકાય છે,
ચોરી પકડાય છે, ડંડા મરાય છે
મનમાં ને મનમાં તનમનિયો મૂંઝાય છે
પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો
ચોરી ગયો એ તો કેળાંનો કરંડિયો
કેળાં ખવાય છે, છોતરાં ફેંકાય છે,
ચોરી પકડાય છે, ડંડા મરાય છે
મનમાં ને મનમાં તનમનિયો મૂંઝાય છે
પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો

- દસ વસ્તુઓ મૂકી ગણાવવી.

**સામગ્રીઃ** દસની સંખ્યામાં જુદી જુદી વસ્તુઓ

**પદ્ધતિઃ** 10 વસ્તુઓને એક હારમાં ગોઠવી બાળકો પાસે તે વસ્તુઓ ગણાવવી. બાળકોને વિવિધ સંખ્યા મુજબ પણ વસ્તુઓ ગણવા કહેવું, જેમ કે, 10 વસ્તુ ગણી બતાવો.

### પ્રવૃત્તિઃ 7 રેતી / માટીમાં સળીથી લીટા કરવા.

**સામગ્રીઃ** રેતી, માટી, પાણી, સળી

**પદ્ધતિઃ** રેતી કે ભીની માટીમાં સળી વડે લીટા કરવા.

રેતી કે ભીની માટીમાં સળી વડે મૂળાક્ષરો લખવા.

રેતી કે ભીની માટીમાં સળી વડે ૧ થી ૯ અને ૦ અંકો લખવા.

### પ્રવૃત્તિઃ 8 સૂચના મુજબ ચિત્ર દોરો. (HW - 3.18c, IL - 3.9)

- મોહનની આંખો મોટી છે. વાળ વાંકડિયા છે.
- ટેબલ ઉપર સફરજન છે.

સૂચના આપી બાળકોને દોરવા કહેવું. બાળકો જેવું દોરે તેવું સ્વીકારવું. શિક્ષકે દરેક બાળકને કાગળ અને પેન્સિલ આપવા.

● જોડકણાનું ગાન કરાવવું.

એક બે ત્રણ ચાર
ચાલો ને સૌ રમવા યાર
અહીં આવો, ભાઈ! અહીં આવો
પાંચ, છ, સાત, આઠ
ચાલો ને સૌ રમવા યાર
કરો ધમાલ
નવ, દસ, અગિયાર, બાર
ચાલો ને સૌ રમવા યાર

## પ્રવૃત્તિ: 9 તાળીની રમત

**દા.ત. સંગીત વગાડો અને સૂચના મુજબ બાળકો તાલ અને રીધમ સાથે અભિનય કરશે.**

- તાળી પાડવી
- ચપટી વગાડવી
- બ્રશ કરવું
- ડાન્સ કરવો
- ક્રિકેટ રમવુ વગેરેનો અભિનય કરાવવો

## પ્રવૃત્તિ: 10 વાર્તાકથન

### ટોપીવાળો ફેરિયો

ઘણાં વરસો પહેલાંની વાત છે. એક ફેરિયો ટોપીનો વેપાર કરતો હતો. તે ગામેગામ ફરી લોકોને કહેતો 'રંગબેરંગી ટોપી લઈ લો - ટોપી લઈ લો.' એની રંગીન ટોપી લોકોને ગમતી હતી. લોકો તે ખરીદી લેતા હતા ને પહેરી ખુશ થતા હતા.

એક દિવસ ટોપીનું પોટલું લઈ ખૂબ ચાલી ફેરીયો થાકી ગયો હતો. રસ્તામાં એક મોટું ઝાડ આવ્યું. તેને થયું કે લાવ બે ઘડી આરામ કરું. ઝાડની છાયામાં તે પગ લંબાવી સૂતો. ઝાડ નીચે સરસ ઠંડો પવન આવતો હતો. થોડીવારમાં તો તે ઘસઘસાટ ઊંઘી ગયો.

એ ઝાડ ઉપર વાંદરા બેઠા હતા. વાંદરાઓએ રંગબેરંગી ટોપીનું પોટલું જોયું ને નીચે ઊતરી આવ્યા. એક અટકચાળા વાંદરાને તોફાન સૂઝ્યું. તેણે ટોપીઓનું પોટલું છોડી નાંખ્યું અને એક ટોપી કાઢી પહેરી લીધી. એનું જોઈને બાકીના બધા વાંદરાઓએ પણ ટોપીઓ લઈને પહેરી લીધી. કોઈએ એક રંગની ટોપી પહેરી તો બીજાએ બીજા રંગની ટોપી માથે ચડાવી.

થોડીવારે ફેરિયો જાગ્યો. એણે જોયું તો પોટલું ખાલી ને ટોપીઓ ગુમ. આજુબાજુ બધે જોયું તો ક્યાંય ટોપીઓ ન દેખાય. પછી ઉપર નજર કરી તો દેખાયું કે ઝાડ ઉપર ઘણા બધા વાંદરાંઓ ટોપી પહેરી કૂદાકૂદ કરતા હતા.

થોડા વખત માટે તો તે વિચારમાં પડી ગયો કે હવે કરવું શું? વિચાર કરતાં કરતાં ફેરિયાને એક યુક્તિ જડી ગઈ. તે જાણતો હતો કે વાંદરા નકલખોર હોય છે. તેણે પોતે પહેરેલી ટોપી પોતાના માથેથી ઉતારી હાથમાં લીધી અને વાંદરાઓની તરફ જોરથી દૂર ફેંકી. વાંદરાંઓએ આ જોયું અને તેમણે પણ ફેરિયાની નકલ કરી. ફેરિયાની જેમ જ દરેક વાંદરાએ પોતાના માથેથી ટોપી ઉતારી ફેરિયા તરફ ફેંકી.

બધી ટોપીઓ ટપોટપ નીચે આવી ગઈ. ફેરિયાએ બધી ટોપી વીણી લીધી અને તે પોટલામાં બાંધી ત્યાંથી ઝટપટ રવાના થઈ ગયો.

## દિવસ: 3

### પ્રવૃત્તિ: 11 સ્વચ્છતાની સાદી ક્રિયાઓ - બાળગીત (HW - 3.13)

**પદ્ધતિ:** બાળકોને વર્તુળાકારે બેસાડી સ્વાસ્થ્ય અને શૌચ સંબંધી સાદી ક્રિયાઓની માહિતી આપવી.

દા.ત.
- નેઇલ-કટરથી નખ કાપવા
- સાબુથી હાથ ધોવા
- રૂમાલથી નાક સાફ કરવું
- બટન બંધ કરવાં... વગેરે

ત્યાર બાદ બાળકોને નીચેનું ગીત કરાવવું.

આ રીતે હું દાંત સાફ કરું... દાંત સાફ કરું... વહેલી સવારે
આ રીતે હું માથું ઓળાવું... માથું ઓળાવું... વહેલી સવારે
આ રીતે હું હાથ સાફ કરું... હાથ સાફ કરું... વહેલી સવારે
આ રીતે હું મોં સાફ કરું... મોં સાફ કરું... વહેલી સવારે
આ રીતે હું બટન બંધ કરું... બટન બંધ કરું... વહેલી સવારે
આ રીતે નાક સાફ કરું... નાક સાફ કરું... વહેલી સવારે

હવે ગીતમાં આવતી સારી ટેવોનાં નામ બોલી તેનો અભિનય કરવા કહો.

- ગીત - એકડો સાવ... (પુનરાવર્તન)
- રંગોને જોડવા.

બાળકોને વર્તુળાકાર બેસાડવા. બાળકોને વિવિધ રંગનાં કાર્ડ આપવાં. તે રંગનાં એક એક કાર્ડ બાળકોની વચ્ચે મૂકવાં. હવે દરેક બાળકને તેની પાસે રહેલા કાર્ડને વચ્ચે મુકેલ કાર્ડમાં રહેલ સરખા રંગના કાર્ડ પાસે ક્રમમાં ગોઠવાવી સરખા રંગની પેટર્ન બનાવડાવો. આ જ રીતે પાંદડાં, ફૂલો વગેરે વડે પેટર્ન બનાવડાવો.

### પ્રવૃત્તિ: 12 રેતી કે માટીમાં આંગળીથી લીટા કરવા. (પુનરાવર્તન)

### પ્રવૃત્તિ: 13 શબ્દમાં છેલ્લે 'ર' આવતો હોય તે ચિત્ર પર ✓ની નિશાની કરો. (EC - 3.5b) (વર્કશીટ-17)

- જોડકણું: વાર્તા રે વાર્તા (પુનરાવર્તન)

### પ્રવૃત્તિ: 14 રમત - ગાંડો હાથી રમત રમાડવી (પુનરાવર્તન)

### પ્રવૃત્તિ: 15 વાર્તા - બે મિત્રો (પુનરાવર્તન)

## દિવસઃ 4

**પ્રવૃત્તિઃ 16 શરીર સંબંધી પ્રશ્નોત્તરી (HW - 3.17)**

**પદ્ધતિઃ** શિક્ષકે બાળકોને ક્રિયા વિષયક પ્રશ્ન પૂછવા, તે ક્રિયા જે બાળક કરતા હશે તે ''હા ભાઈ હા'' અને નહીં કરતા હોય તે ''ના ભાઈ ના'' બોલશે.

- તમે હાથ સાફ કરો છો?
- તમે નાક સાફ કરો છો?
- તમે પાણી બગાડો છો?
- તમે રમવા જાઓ છો?
- તમે ખોરાકનો બગાડ કરો છો?
- તમે મોડા ઊઠો છો?
- તમે વાસણ ધુઓ છો?
- તમે બ્રશ કરો છો?

- **પિપૂડીવાળાનો.... (પુનરાવર્તન)**
- **શોધો અને જોડો.**

**સામગ્રીઃ** તાળું-ચાવી, મીણબત્તી-દીવાસળી, કપ-રકાબી જેવી જોડી ધરાવતી વસ્તુઓ.

જેને સરળતાથી જોડી ઓળખી શકાય તેવી વિવિધ વસ્તુઓ ભેગી કરી તેમાંથી કોઈ એક વસ્તુ લઈ તેની જોડની વસ્તુ બાળકો પાસે શોધાવો. જેમ કે, શિક્ષક સંચો બતાવે તો બાળક પેન્સિલ શોધી લાવે.

**પ્રવૃત્તિઃ 17 રેતી કે માટીમાં સળી વડે લીટા કરવા. (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 18 જે શબ્દમાં 'વ' આવતો હોય તેમાં તાળી પાડો. (EC - 3.5b)**

| | | |
|---|---|---|
| વહાણ | સાવજ | તાવ |
| વડ | નાગ | પતંગ |
| નખ | મગજ | વટાણા |

- **જોડકણુંઃ એક, બે, ત્રણ, ચાર (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 19 રમતઃ તાળીની રમત રમાડવી. (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 20 વાર્તાઃ ટોપીવાળો ફેરિયો (પુનરાવર્તન)**

## દિવસઃ 5

**પ્રવૃત્તિઃ 21 સ્વચ્છતા સંબંધી જોડકણાં. (HW - 3.13)**

<table>
<tr><td colspan="2">કચરા માટે કચરાપેટી,<br>કચરો એમાં નાખું છું.<br>આગળ-પાછળ ચોખ્ખાઈ કરી,<br>હું રોજે હરખાઉં છું.</td></tr>
<tr><td>શાક-ફળને હું ધોઉં છું.<br>ધોયેલાં હોય તો ખાઉં છું.<br>ધોયા વગર એ ન જ ખવાય,<br>ગંદું ખાવાથી બીમાર થવાય.</td><td>રોજ સવારે જાગું છું.<br>દાતણ પાણી કરું છું.<br>દાંત ચોખ્ખા રાખું છું.<br>દાંત દેખાડી હસું છું.</td></tr>
<tr><td>મમ્મી મારું માથું ઓળે,<br>તો મારું મોંઢુ પકડે છે.<br>હું જાતે જ્યારે માથું ઓળું,<br>બેનડી મોઢું જકડે છે.</td><td>ઘરકામમાં હું મદદ કરું.<br>ઘરમાં રાજા થઈને ફરું<br>જ્યારે મારી જરૂર પડે,<br>મમ્મીનો તો સાદ પડે.</td></tr>
</table>

- અહીં આપેલ જોડકણાનું ગાન કરાવવું.
- આ જોડકણાનું અભિનય સાથે ગાન કરાવવું.
- અભિનય માટે બધાં જ બાળકો જોડાય એ મુજબ આયોજન કરવું.
- આવાં અન્ય ગીત કે જોડકણાંનો સંગ્રહ કરી તેને સમૂહમાં ગવડાવવાનું રાખવું.
- જોડકણાનું ગાન કર્યા પછી તે અંગે ચર્ચા કરવા સ્થાનિક બોલીનો પણ ઉપયોગ કરવો.
- ચર્ચા દરમિયાન સ્થાનિક બોલીના શબ્દોમાં જવાબ આપે તો તેનો સ્વીકાર કરવાનું રાખવું.

- **બાળગીતઃ એકડો સાવ સળેકડો (પુનરાવર્તન)**
- **જુદી પડતી વસ્તુ શોધો. (IL - 3.5)**

**સામગ્રીઃ** ત્રણ સમાન હોય અને એક જુદી હોય તેવી ચાર વસ્તુઓ, જેમકે ત્રણ સફરજન અને એક દાડમ, ત્રણ ત્રિકોણ આકાર અને એક ચોરસ આકાર, ત્રણ પ્રાણીઓનાં ચિત્રો અને એક પક્ષીનું ચિત્ર વગેરે. બાળકોને ચાર વસ્તુઓ કે ચાર ચિત્રો એવાં આપવાં કે જેમાં ત્રણ વસ્તુઓ સમાન કે સમાન જૂથની હોય અને ચોથી વસ્તુ જુદી પડે તેવી હોય. બાળકોને જુદી પડતી વસ્તુ શોધવા કહો.

**પ્રવૃત્તિઃ 22 રેતી / માટીમાં આંગળીથી લીટા કરવા. (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 23 'ગ' મૂળાક્ષરથી શરૂ થતા શબ્દો બોલાવવા. (EC - 3.5b)**

| | |
|---|---|
| ગળણી | ગજાનન |
| ગણેશ | ગણપતિ |
| ગજરાજ | ગધેડું |

- **જોડકણાંઃ વાર્તા રે વાર્તા (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 24 રમતઃ ગાંડો હાથી (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 25 બે મિત્રોઃ વાર્તા કથન (પુનરાવર્તન)**

• • •

# સપ્તાહ: ૬

| ક્રમ | ક્ષેત્ર | સમય | પ્રવૃત્તિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દિવસ 1 | દિવસ 2 | દિવસ 3 | દિવસ 4 | દિવસ 5 | દિવસ 6 |
| 1 | સર્કલ ટાઇમ, આવકાર, હાજરી | 15 min | બે મિત્રો જૂથ બનાવી વર્ગમાં આવે અને એકબીજાનું નામ કહે.<br>શિક્ષક કોઈ સંખ્યા બોલે અને બાળકો તેટલી તાળી પાડે, ચપટી વગાડે. | | | | | |
| 2 | વર્ગખંડ મુક્તરમત | 30 min | વિવિધ પક્ષીઓનાં ચિત્રોનું અવલોકન કરાવવું અને તેનું ઘરઆંગણાનાં પક્ષીઓ, પાણીકાંઠાનાં પક્ષીઓ, નાનાં પક્ષીઓ, મોટાં પક્ષીઓ એમ વિવિધ રીતે વર્ગીકરણ કરાવવું. | | | | | |
| 3 | ગણિત, પર્યાવરણ | 30 min | (1) પ્રાણીઓનાં અંગોની ગણતરી<br>• બાળગીતઃ આ વાત કદી ન ભુલાય<br>• ચાલો, કદની સરખામણી કરીએ | (6) બાળગીતઃ એક મારી ઢીંગલી<br>• સમાન આકાર કદ અને રંગ આધારે જૂથનિર્માણ | (11) ચિત્રોનું અવલોકન (વર્કશીટ-20)<br>• બાળગીતઃ આ વાત કદી ન ભુલાય<br>• કૂદો, ઠેકો અને વળો | (16) શબ્દઘંટી<br>• બાળગીતઃ એક મારી ઢીંગલી<br>• પેટર્ન બનાવો અને તેનો વિસ્તાર કરો. | (21) ઉખાણાં<br>• આ વાત કદી ન ભુલાય<br>• તરે કે ડૂબે | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 4 | સર્જનાત્મક પ્રવૃત્તિ | 30 min | (2) કોલાઝ વર્ક (વર્કશીટ-18) માછલીનું ચિત્ર | (7) અંગૂઠાના છાપકામથી બનતાં ચિત્રો | (12) કોલાઝવર્ક માછલીનું ચિત્ર | (17) અંગૂઠાની છાપથી બનતાં ચિત્રો | (22) કોલાઝવર્ક કેરીનું ચિત્ર | |
| નાસ્તો | | | | | | | | |
| 5 | ભાષા | 30 min | (3) કયો શબ્દ ભૂંસાયો?<br>• જોડકણાગાનઃ અમે છીએ પંખીડાં | (8) જે ચિત્રના નામમાં 'ક' આવતો હોય તેવાં ચિત્રોમાં રંગ પૂરો. (વર્ગશીટ-19)<br>• જોડકણાગાનઃ ખાટાં મીઠાં મધુરાં ફળ | (13) અક્ષરોમાંથી બાળકોનાં નામ બનાવવાં.<br>• જોડકણાગાનઃ અમે છીએ પંખીડાં | (18) જે ચિત્રના નામમાં 'ર' આવતો હોય તેવાં ચિત્રોમાં રંગ પૂરો. (વર્ગશીટ-21)<br>• જોડકણાગાનઃ ખાટાં મીઠાં મધુરાં ફળ | (23) કેમ બનાવશો ક્રમિક વર્ણન<br>• જોડકણાગાનઃ અમે છીએ પંખીડાં | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 6 | મેદાનની રમત | 30 min | (4) તાંડવનૃત્ય | (9) કાંડું કોણી, કમર | (14) તાંડવનૃત્ય | (19) કાંડું કોણી, કમર | (24) તાંડવનૃત્ય | |
| 7 | વાર્તા | 15 min | (5) ઊંટ અને શિયાળ | (10) કીડી અને કબૂતર | (15) ઊંટ અને શિયાળ | (20) કીડી અને કબૂતર | (25) ઊંટ અને શિયાળ | |
| 8 | વિદાય | 15 min | આખા દિવસની વાતચીત, શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા વાતચીત | | | | | |

## સપ્તાહ: 6

## દિવસ: 1

**પ્રવૃત્તિ: 1 પ્રાણીઓનાં અંગોની ગણતરી (IL 3, 1, 3.2, 2.86, HW - 3.6, 3.11, 3.12, 3.17)**

**વિગત:**

- શિક્ષકે બાળકોના અનુભવ અને ચિત્રોના નિદર્શન વડે આ પ્રવૃત્તિ કરાવવી.
  નીચે આપેલાં પ્રાણીઓનાં અંગોનું અવલોકન કરાવો.
  આપેલ જે તે અંગની સંખ્યા પૂછો.

| પ્રાણી | અંગ | સંખ્યા |
|---|---|---|
| ગાય | આંચળ | ૧ ૨<br>૩ ૪ |
| કૂતરો | પૂંછડી | ૧ ૨<br>૩ ૪ |
| ઘોડો | પગ | ૧ ૪<br>૨ ૩ |
| બકરી | કાન | ૧ ૩<br>૨ ૪ |
| બિલાડી | આંખ | ૩ ૨<br>૪ ૧ |
| સાપ | દાંત | ૨ ૧<br>૩ ૪ |

**પ્રવૃત્તિ: 1 બાળગીત (IL - 3.8 (a))**

## આ વાત કદી ન ભૂલાય...

આ વાત કદી ન ભૂલાય
રોજ રોજ નિશાળે જવાય
વડીલોની વાતો કાને ધરાય
ગુરુજીને નિત નમન કરાય... આ વાત કદી...
મહેમાનોને માન અપાય
નિશાળેથી સીધા ઘેર જવાય
બસમાં કોઈને ધક્કા ન મરાય
આખો દિવસ ટી.વી. ન જોવાય
રમત રમ્યા પછી હાથપગ ધોવાય
કોઈના પર પથ્થર ના નખાય... આ વાત કદી...
રસ્તા પર ડાબી બાજુએ ચલાય
પારકી ચીજ કદી ઘરમાં ન લવાય
ભણવામાં ધ્યાન અપાય... આ વાત કદી...
આ વાત કદી ન ભૂલાય...

- **ચાલો, કદની સરખામણી કરીએ.**

**સામગ્રી:** જુદા જુદા કદની એક જ જૂથની વસ્તુઓ જેવી કે પેન્સિલ, ફૂટપટ્ટી, ફળો, શાકભાજી, ચમચીઓ, તપેલીઓ, વાટકીઓ, વાટકા, રબર, સંચા, ચોપડીઓ વગેરે

આપેલ સામગ્રીમાંથી કોઈ એક જ જૂથની વસ્તુઓ લઈ સૌથી મોટી, સૌથી લાંબી કે સૌથી નાની કે સૌથી ટૂંકી વસ્તુ શોધવા કહો, આવી સરખામણી કદની રીતે પણ કરો. જેમકે દડા કરતાં સફરજન મોટું છે.

**પ્રવૃત્તિ: 2 કોલાઝવર્ક (HW - 3.18b) (વર્કશીટ-18)**

**સામગ્રી:** માછલીનું ચિત્ર, રંગીન કાગળના ટુકડા, ગુંદર અથવા ફેવિકોલ.

**પદ્ધતિ:** રંગીન કાગળનાં નાના ટુકડા ચોંટાડી કોલાઝવર્ક તૈયાર કરવું.

**પ્રવૃત્તિ: 3 કયો શબ્દ ભૂંસાયો? (EC - 3.8b)**

- પાટિયા પર એક વાક્ય લખવું. આ વાક્યને વારંવાર વંચાવવું. ત્યારબાદ વાક્યમાંથી કોઈ એક શબ્દ ભૂંસી નાખવો અને બાળકોને પૂછવું કે કયો શબ્દ ભૂંસી નાખ્યો?

જેમ કે:

(૧) મારી પાસે ચાર પેન છે.

(૨) પેલા ઝાડ પર પંખીઓ છે.

(૩) મારા દાદાનું નામ રમેશભાઈ છે.

(૪) હું કાલે અમદાવાદ જઈશ.

- **જોડકણાનું ગાન કરાવવું. (EC - 3.2)**

અમે છીએ પંખીડા,
ગાઈએ મીઠાં ગીતડાં,
કાનને બદલે મીંડાં,
મૂકીએ અમે ઈંડાં.

**પ્રવૃત્તિ: 4 તાંડવનૃત્યની રમત રમાડવી.**

❖ બધાં જ બાળકો વર્તુળમાં છે. તે દરેક પોતપોતાની કમર પર બંને હાથ રાખશે.

પછી તેઓ શિક્ષક કહે કે તુરંત એક બીજા ઉપર પગના પંજા મૂકી બીજાને આઉટ કરશે. જેની ઉપર પગનો પંજો પડશે તે આઉટ ગણાશે.

જેમ જેમ બાળકો આઉટ થાય, તેમ તેમ તેઓ વર્તુળ બહાર જશે.

અંદર રહેલાં બાળકો એકબીજા ઉપર પંજા અડકાવવા પ્રયાસ કરશે.

**પ્રવૃત્તિ: 5 વાર્તાકથન (EC - 3.8a)**

## ઊંટ અને શિયાળ

ઊંટ અને શિયાળ ભાઈબંધ હતા. એક દિવસ ઊંટ બોલ્યું કે 'શિયાળભાઈ આજે તો શેરડી ખાવાની ઈચ્છા છે.' શિયાળ બોલ્યું 'હા, ચાલો નદીની પેલે પાર એક શેરડીનું ખેતર છે, પણ હું તો પાણીમાં તરી શકતો નથી તો પછી હું કેવી રીતે શેરડી ખાવા આવી શકું.'

'તું ચિંતા ન કર, હું છું ને તને લઈ જઈશ નદીની પેલે પાર' ઊંટ ભોળાભાવથી બોલ્યું.

આમ, શિયાળ ઊંટની પીઠ પર સવાર થઈને નદી પાર કરવા માંડ્યું, રસ્તામાં શિયાળ બોલ્યું 'મને તો ડર લાગે છે, હું પડી જઈશ તો?'

ઊંટ કહે 'ચિંતા ન કર, હું તને પડવા નહિ દઉં.'

નદી પાર કરીને જ બંનેએ ખેતરમાં ધીરેથી જઈને જોયું તો ખેતરનો માલિક આરામથી ઊંઘી રહ્યો હતો.

'ચાલો છાનામાના શેરડી ખાઈ લઈએ.' બંને બોલ્યા.

ઊંટ શેરડી ખાતું હતું ત્યાં તો શિયાળ બોલ્યું 'મારું તો પેટ ભરાઈ ગયું છે, હવે મને ગીત ગાવાનું મન થાય છે.' ઊંટે તેને આમ કરવાની ના પાડી, પણ શિયાળ માન્યું નહિ અને તેણે ગાવા માંડ્યું, તેનો અવાજ સાંભળી ખેતરનો માલિક જાગી ગયો અને બંનેની પાછળ લાકડી લઈને ભાગ્યો. શિયાળ તો જીવ લઈને ભાગ્યો, પણ ઊંટ ભાગી ન શક્યું તેથી તેણે ખેડૂતનો માર ખાવો પડ્યો. માર ખાઈને પાછા ફરેલા ઊંટને જોતાં જ શિયાળ બોલ્યું 'સોરી, ઊંટભાઈ ખાધા પછી મને ગાવાની આદત છે.'

ઊંટભાઈ તો કશું ન બોલ્યા, તેમણે ચૂપચાપ શિયાળને પોતાની પીઠ પર બેસાડી લીધું અને નદી પાર કરવા માંડ્યું. નદીની વચ્ચે આવીને ઊંટ બોલ્યું 'મને તો આળોટવાની ઈચ્છા થાય છે.'

શિયાળ બોલ્યું કે 'એવું ન કરતા, નહિ તો હું ડૂબી જઈશ.' પણ ઊંટભાઈએ તો ધ્યાન આપ્યું નહિ અને પાણીમાં આળોટવા માંડ્યા જેથી શિયાળભાઈ તો ડૂબવા માંડ્યા. તેમને ડૂબતા જોઈ ઊંટ બોલ્યું 'સોરી, શિયાળભાઈ, મને ખાધા પછી આળોટવાની આદત છે.'

આમ, ઊંટે બદલો લઈ લીધો.

## દિવસઃ 2

**પ્રવૃત્તિઃ 6 બાળગીતઃ (IL 3.9)**

### એક મારી ઢીંગલીને

એક મારી ઢીંગલીને એવી સજાવું,
બે એના કાનમાં બુટ્ટી પહેરાવું,
ત્રણ એની નથડીમાં હીરા જડાવું,
ચાર એના હાથમાં ચૂડી પહેરાવું,
પાંચ એની આંગળીમાં વીંટી પહેરાવું,
છ એની વેણીમાં ફૂલો ગૂંથાવું,
સાત એની ચૂંદડીમાં રંગો પૂરાવું,
આઠ એની ઘાઘરીમાં મોર ચીતરાવું,
નવ એની ઝાંઝરીમાં ઘૂઘરી મેલાવું,
દસ દશેરાએ ગરબે ઘુમાવું...

- **સમાન આકાર, કદ અને રંગ આધારે જૂથ નિર્માણ (IL - 3.5)**

**સામગ્રીઃ** બ્લોક્સ, બટન, મણકા, મોતી, દાણા, વીંટીઓ, રમકડાં વગેરે.

**પદ્ધતિઃ** આપેલ વસ્તુઓનું આકાર, કદ અને રંગના આધારે વર્ગીકરણ કરાવવું.

**પ્રવૃત્તિઃ 7 અંગૂઠાના છાપકામથી બનતાં ચિત્રો (IL - 3.27)**

**સામગ્રીઃ** કાગળ, રંગ, સ્ટેમ્પ પેડ

**પદ્ધતિઃ** બાળકોને કોરા કાગળ આપી સ્ટેમ્પપેડમાં અંગૂઠો બોળી કાગળ પર છાપ પડાવવી. છાપ પર વિવિધ રીતે લીટીઓ ઉમેરી ચિત્રો બનાવવાં.

**પ્રવૃત્તિઃ 8 જે ચિત્રના નામમાં 'ક' આવતો હોય તેવાં ચિત્રોમાં રંગ પૂરો. (EC - 3.8a, HW - 3.18c)** (વર્કશીટ-19)

- **જોડકણું (EC - 3.2)**

### મીઠાં મધુરાં ફળ!

ખાટાંમીઠાં મધુરાં ફળ!
ખાવાથી મળે બુદ્ધિ-બળ!
કેળું, કેરી ને સીતાફળ
ખાવાથી મળે બુદ્ધિ-બળ!
ફળો ખાઓ સાંજ-સવાર
ભણવા માટે થાઓ તૈયાર

## પ્રવૃત્તિ: 9 રમતઃ કાંડું, કોણી, કમર (HW - 3.16)

❖ તમામ બાળકો વર્તુળના પાટા પર ઊભાં હશે.

શિક્ષક 'કાંડું' બોલે તો, દરેક બાળક કાંડું પકડશે. શિક્ષક 'કોણી' બોલે તો બધાં કોણી પકડશે અને શિક્ષક 'કમર' બોલે તો બધાં કમર પકડશે.

ખૂબ ઝડપથી કાંડું - કોણી - કમર એમ વારાફરતી બોલવું.

કેટલીકવાર શિક્ષકે કાંડું બોલી પોતાની કોણી અથવા કોણી બોલી કમર - એમ ઊંધું કાર્ય કરવું.

જે બાળકો શિક્ષકે બોલેલા શબ્દ પ્રમાણે ન કરે તે આઉટ થશે.

આઉટ થનાર પોતાની જગ્યા પર જ બેસશે.

(આવી જ રીતે આ રમતનું નામ આકાશ, પાતાળ, પૃથ્વી રાખીને પણ રમાડી શકાય)

## પ્રવૃત્તિ: 10 વાર્તાકથન (EC - 3.8a)

### કીડી અને કબૂતર

એક કીડી અને એક કબૂતર મિત્રો હતાં. એકવાર એક શિકારી આવ્યો અને કબૂતરને તીર મારવા જતો હતો. તે સમયે કીડીએ શિકારીને ચટકો ભર્યો. શિકારીનું નિશાન ચુકાઈ ગયું. એક દિવસ કીડી પાણીમાં તણાતી હતી. કબૂતરે ઝાડનું પાંદડું ફેંક્યું. કીડી તેના પર ચડી ગઈ અને બચી ગઈ.

### દિવસ: 3

## પ્રવૃત્તિ: 11 ચિત્રનું અવલોકન (HW - 3.5) (વર્કશીટ-20)

**વર્કશીટ-20માં આપેલ ચિત્રનું અવલોકન કરી ચર્ચા કરો.**

**શિયાળાની ઋતુની વાતચીત અને પોશાકનું નિદર્શન કરવું.**

**નમૂનાના પ્રશ્નો:**

- ખૂબ ઠંડી પડે એને કઈ ઋતુ કહેવાય?
- ઠંડીથી બચવા માણસ શું શું કરે?
- ઠંડીની ઋતુમાં કયાં કયાં કપડાં પહેરીએ છીએ?

**ઉનાળાની ઋતુની વાતચીત અને ખોરાકની ચર્ચા.**

**નમૂનાના પ્રશ્નો:**

- આપણે સુતરાઉ કપડાં ક્યારે પહેરીએ છીએ?
- ખૂબ ગરમી પડે એને કઈ ઋતુ કહેવાય?
- ગરમીથી બચવા આપણે બીજું શું કરીએ?

- બાળગીતઃ આ વાત કદી ન ભુલાય (પુનરાવર્તન) (IL - 3.8a)
- કૂદો, ઠેકો અને વળો. (HW - 3.4)

બાળકોને વર્તુળાકારે ઊભાં રાખો. શિક્ષક મધ્યમાં ઊભા રહી બાળકોને વિવિધ ક્રિયા કરવા કહેશે. જેમકે કૂદો... ઠેકો... બાળકો પહેલાં કૂદશે અને પછી જગ્યા પરથી ઠેકશે. આ ક્રિયાઓના ક્રમ બદલતા જવા અને પ્રવૃત્તિ ચાલુ રાખવી. જેમ કે ઠેકો... કૂદો..., ડાબી બાજુ વાળો, કૂદો વગેરે.

**પ્રવૃત્તિઃ 12 કોલાઝવર્ક (પુનરાવર્તન)**

**બાળકોને કાગળ આપી તેમને માછલીનું ચિત્ર દોરવા અને તેમાં રંગીન કાગળના ટૂકડા ચોટાડવા કહેવું.**

**પ્રવૃત્તિઃ 13 અક્ષરોમાંથી બાળકોનાં નામ બનાવો. (EC - 3.8b)**

- ❖ વર્ગના કોઈ એક બાળકનું નામ કાગળ પર લખી બાળકોને બતાવવું અને વંચાવવું.
- ❖ હવે તેના અક્ષરો કાપી જુદા કરી દેવા. બાળકો પાસે અક્ષરો જોડાવી નામ બનાવડાવવું. આ પ્રવૃત્તિ વર્ગનાં ઘણાં બધાં બાળકો માટે કરવી.

- જોડકણુંઃ અમે છીએ પંખીડાં (પુનરાવર્તન) (EC - 3.2)

**પ્રવૃત્તિઃ 14 રમતઃ તાંડવનૃત્ય (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 15 વાર્તાઃ ઊંટ અને શિયાળ (પુનરાવર્તન)**

## દિવસઃ 4

**પ્રવૃત્તિઃ 16 રમત - શબ્દઘંટી (HW - 3.16)**

**પદ્ધતિઃ** બાળકોને વર્તુળમાં ઊભાં રાખવાં. એક બાળક કેરી બોલશે. બીજું કેરી અને સફરજન બોલશે. ત્રીજું બાળક કેરી, સફરજન અને બોર એમ આગળ બોલતાં શબ્દઘંટી આગળ વધશે. શબ્દઘંટીમાં બોલાયેલા શબ્દો બોર્ડ પર લખવા.

- બાળગીતઃ એક મારી ઢીંગલીને (પુનરાવર્તન)
- પેટર્ન બનાવો અને તેનો વિસ્તાર કરો. (IL - 3.27)

**સામગ્રીઃ** પાંદડાં, સળીઓ વગેરે.

બાળકોને પાંદડાં, સળીઓ, મણકા, દીવાસળી જેવી વિવિધ વસ્તુઓ આપી વિવિધ પ્રકારની પેટર્ન બનાવવા કહો, જેમકે દીવાસળીમાંથી એક ઊભી સળી, બે આડી સળી, એક ઊભી સળી, બે આડી સળી..., પાંદડું - સળી - પાંદડું - સળી, એક પાંદડું - બે સળી, એક પાંદડું બે સળી..., બે લાલ મણકા, ચાર લીલા મણકા વગેરે...

**પ્રવૃત્તિઃ 17 અંગૂઠાના છાપકામથી બનતાં ચિત્રો. (પુનરાવર્તન) (HW - 3.18c)**

**પ્રવૃત્તિઃ 18 જે શબ્દમાં 'ર' આવતો હોય તેવાં ચિત્રોમાં રંગ પૂરો. (EC - 3.8a) (વર્કશીટ-21)**

- ગીતઃ ખાટાં મીઠાં મધુરાં ફળ (પુનરાવર્તન) (EC - 3.2)

**પ્રવૃત્તિઃ 19 રમતઃ કાંડું, કોણી, કમર (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 20 વાર્તાઃ કીડી કબૂતર (પુનરાવર્તન)**

## દિવસ: 5

**પ્રવૃત્તિ: 21 બાળકોને અભિનય સાથે ઉખાણાં ગવડાવવાં અને ઉખાણાનો જવાબ મેળવવો અથવા કહેવો. (IL - 3.8a)**

1

ચૂં... ચૂં... ચૂં... કરું છું.
ઘરમાં બધે ફરું છું.
બિલ્લી દેખીને ડરું છું.
બોલો, હું કોણ છું?

2

ઝાડે... ઝાડે... કૂદું છું.
માણસ જેવું રૂપ છે.
હુપા... હુપ... કરું છું.
બોલો, હું કોણ છું?

3

તબડક... તબડક... દોડું છું.
ચણા-ઘાસ ખાઉં છું.
વરઘોડામાં નાચું છું.
બોલો, હું કોણ છું?

- ગાન દરમિયાન ધ્યાનમાં રાખવાની બાબતો.

  સૌ પ્રથમ બધાં બાળકોને મોટેથી શ્રવણ અને અનુગાન કરાવવું.

  ઉખાણાનું અભિનય સાથે ગાન કરાવવું.

  ઉખાણામાં આવતાં પ્રાણીઓનો પરિચય બાળકોને કરાવવો.

- **બાળગીત: આ વાત કદી ન ભુલાય (પુનરાવર્તન) (EC - 3.3)**
- **તરે કે ડૂબે (IL - 3.8b)**

**સામગ્રી:** ડોલ, પાણી, પાણીમાં ડૂબે કે તરે તેવી વિવિધ વસ્તુઓ, જેમ કે પાંદડાં, ગ્લાસ, પથ્થર, પ્લાસ્ટિકનો મગ વગેરે

**પદ્ધતિ:** બાળકોનાં નાનાં નાનાં જૂથ બનાવી અર્ધવર્તુળમાં બેસાડી તેમને પાણી ભરેલ ડોલ કે મગ આપો. હવે તેમાં વિવિધ વસ્તુઓ નાખવી. તે તરે છે કે ડૂબે છે, તેનું અવલોકન કરાવો.

**પ્રવૃત્તિ: 22 કોલાઝવર્ક (પુનરાવર્તન)**

**બાળકોને કાગળ આપી કેરીનું ચિત્ર દોરવા કહેવું અને તેમાં રંગીન કાગળના ટુકડા ચોંટાડવા કહેવું.**

**પ્રવૃત્તિ: 23 લીંબુ શરબત કેવી રીતે બનાવશો. (ક્રમિક વર્ણન) (EC - 3.6b)**

- બાળકોને વિવિધ ક્રિયાઓ કેમ થાય તે પૂછવું જેમ કે... શરબત બનાવવા માટે શું કરવું.
- શાક કેવી રીતે બનાવવું.
- સુખડી કેવી રીતે બનાવવી.
- શીરો કેવી રીતે બનાવવો.

- **જોડકણું: અમે છીએ પંખીડાં (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 24 રમત: તાંડવનૃત્ય (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 25 વાર્તા: ઊંટ અને શિયાળ (પુનરાવર્તન)**

● ● ●

# સપ્તાહ: ૭

| ક્રમ | ક્ષેત્ર | સમય | પ્રવૃત્તિ દિવસ 1 | દિવસ 2 | દિવસ 3 | દિવસ 4 | દિવસ 5 | દિવસ 6 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | સર્કલ ટાઇમ, આવકાર, હાજરી | 15 min | બાળકો હસવાનો, રડવાનો, બૂમો પાડવાનો કે ગુસ્સે થવાનો અભિનય કરતાં વર્ગમાં આવે.<br>શિક્ષક બાળકોના સ્વાસ્થ્ય અને સ્વચ્છતાની ચકાસણી કરશે. | | | | | |
| 2 | વર્ગખંડ મુક્તરમત | 30 min | વર્ગખંડમાં રહેલ પ્લાસ્ટિક બ્લૉકમાંથી સમાન સંખ્યાના બ્લોક ગોઠવવા, વિવિધ આકાર બનાવવા, રંગ મૂજબ વર્ગીકરણ કરવું, પેટર્ન બનાવવી. | | | | | |
| 3 | ગણિત, પર્યાવરણ | 30 min | (1) શાકભાજીનું વર્ગીકરણ<br>• બાળગીતઃ ગોળુડો ઘાટ<br>• શિક્ષકની સૂચના મુજબ તરાહ નિર્માણ | (6) છોડ, વેલા, ઝાડ અને કંદમૂળની ઓળખ<br>• બાળગીતઃ એક જાડો પાડો લીમડો<br>• ચુંબકની પ્રવૃત્તિઓ | (11) શાકભાજીનો ઉપયોગ કરતી વખતે શું ધ્યાનમાં રાખશો?<br>• બાળગીતઃ ગોળુડો ઘાટ<br>• ફીણના પાણીના પરપોટા બનાવવા | (16) ખજાનાની શોધ<br>• બાળગીતઃ એક જાડો પાડો લીમડો<br>• શું ઓગળે? શું ન ઓગળે? | (21) બાળગીતઃ ગોળુડો ઘાટ<br>• ગીતના આધારે આકાર ઓળખો | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 4 | સર્જનાત્મક પ્રવૃત્તિ | 30 min | (2) વર્તુળ, ચોરસ, ત્રિકોણ અને લંબચોરસમાં મીંડાં કરવાં (વર્કશીટ-22) | (7) બાટલીમાં પાણી, રેતી કે વસ્તુઓ ભરવી | (12) પાંદડાંનું તોરણ બનાવવું | (17) બાટલીમાં પાણી, રેતી કે વસ્તુઓ ભરવી | (22) મણકા પરોવી માળા બનાવવી | |
| | | | નાસ્તો | | | | | |
| 5 | ભાષા | 30 min | (3) હસ્તલિખિત અંક (ચોપડી) બનાવવો.<br>• જોડકણાગાનઃ પાંચ પાપડ | (8) પ્રાસવાળા શબ્દો બોલાવવા. જેમ કે જાર, કાર, બાર<br>• જોડકણાગાનઃ વારતા રે વારતા | (13) જોડકણું પાંચ પાપડ<br>• કાનાવાળા મૂળાક્ષરો જોડી શબ્દો બોલવા | (18) પ્રાસવાળા શબ્દો બોલાવવા જેમ કે કડી, ચડી, પડી<br>• જોડકણાગાનઃ વારતા રે વારતા | (23) શુભેચ્છા કાર્ડ બનાવવું<br>• જોડકણું: પાંચ પાપડ | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 6 | મેદાનની રમત | 30 min | (4) ઈટિયો રે પીટિયો | (9) કેટલા રે કેટલા | (14) ઈટિયો રે પીટિયો | (19) કેટલા રે કેટલા | (24) ઈટિયો રે પીટિયો | |
| 7 | વાર્તા | 15 min | (5) બીકણ સસલી | (10) બહાદુર ચકલી | (15) બીકણ સસલી | (20) બહાદુર ચકલી | (25) બીકણ સસલી | |
| 8 | વિદાય | 15 min | આખા દિવસની વાતચીત, શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા વાતચીત | | | | | |

## સપ્તાહઃ 7

## દિવસઃ 1

**પ્રવૃત્તિઃ 1** **શાકભાજીનું વર્ગીકરણ (જૂથકાર્ય) (IL - 3.5)**

**સામગ્રીઃ** ફળ અને શાકભાજી

વર્ગની કુલ સંખ્યાનાં ત્રણ જૂથ પાડો. દરેક જૂથમાં જુદાં-જુદાં ફળ કે શાકભાજી મૂકી તેના કદ, આકાર અને રંગ પ્રમાણે વર્ગીકરણ કરવાની પ્રવૃત્તિ કરાવવી.

- બાળગીત

### ગોળુડો ઘાટ

ગોળુડો ઘાટ ભાઈ ગોળુડો ઘાટ...
સૂરજદાદાનો ભાઈ ગોળુડો ઘાટ...
પૂનમના ચાંદાનો ગોળુડો ઘાટ...
આજુ બાજુ... ચારેબાજુ ગોળુડો ઘાટ...
ગોળુડો ઘાટ...
પીળી - પીળી નારંગીનો ગોળુડો ઘાટ...
રમવાના દડાનો ગોળુડો ઘાટ...
આજુબાજુ - ચારેબાજુ ગોળુડો ઘાટ...
ગોળુડો ઘાટ...
આપણી આ પૃથ્વીનો ગોળુડો ઘાટ...
ભાઈલાના મોઢાનો ગોળુડો ઘાટ...
આજુબાજુ - ચારેબાજુ ગોળુડો ઘાટ...
ગોળુડો ઘાટ...
આજુબાજુ - ચારેબાજુ...
મમ્મીના અંબોડાનો ગોળુડો ઘાટ...
મમ્મીની બંગડીનો ગોળુડો ઘાટ...
આજુબાજુ - ચારેબાજુ ગોળુડો ઘાટ...
ગોળુડો ઘાટ...
આજુબાજુ - ચારેબાજુ...

- **શિક્ષકની સૂચના મુજબ તરાહનું નિર્માણ (IL - 3.27)**

**સામગ્રીઃ** મોતી, પાંદડાં, મણકા, ફૂલ વગેરે

**પદ્ધતિઃ** બાળકોને નાનાં નાનાં જૂથમાં બેસાડો, તેમને મોતી, પાંદડાં, મણકા, ફૂલ વગેરે વસ્તુઓ આપો. હવે પેટર્ન બનાવવા કહો, જેમ કે હવે પહેલાં પાંદડું ગોઠવો, હવે ફૂલ ગોઠવો. હવે મણકો ગોઠવો. પાંદડાં પહેલાં મોતી ગોઠવો. આ રીતે વિવિધ પેટર્ન બનાવડાવો.

**પ્રવૃત્તિઃ 2 વર્તુળ, ચોરસ, ત્રિકોણ અને લંબચોરસમાં મીંડાં કરવાં. (HW - 3.18c) (વર્કશીટ-22)**

**પ્રવૃત્તિઃ 3 હસ્તલિખિત અંક (ચોપડી) બનાવો. (HW - 3.6)**

- બાળકો પાસે સમૂહમાં ફળ, શાકભાજી, પ્રાણી, પક્ષી કે વાહનોના ચિત્રોની પોથી તૈયાર કરાવવી.

  આ અંકમાં ચિત્ર, કાગળકામ પણ ઉમેરી શકાય.

- **જોડકણાગાન (EC - 3.2)**

પાંચ પાપડ કાચા,

પાંચ પાપડ પાકા,

પાકા પાકા આપો કાકા

કાચા મેલો પાછા

**પ્રવૃત્તિઃ 4 ઈંટિયો રે પીટિયો...ની રમત રમાડવી. (HW - 3.16)**

- બાળકો બે-ત્રણ મીટર દૂર દોરેલા બે પાટા પર બે ટીમ બનાવી ઊભાં રહેશે.

  આ બે પાટાની પાછળ થોડાક દૂર બંને તરફ પણ એક-એક પાટો દોરવો. (દૂરનો પાટો)

  શિક્ષક ''ઈંટિયો રે પીટિયો'' એમ બોલશે.

  બાળકો પૂછશે ''કોને રે પીટિયો''

  શિક્ષક કોઈ પણ એક બાળકનું નામ લેશે. જે બાળકનું નામ બોલાયું તેને અડકવા બીજી ટીમનાં બાળકો દોડશે.

  બચાવનાર બાળકો, જેનું નામ બોલાયું હોય એ બાળકને બચાવીને દૂરનો પાટો ક્રોસ કરાવશે.

  જો દૂરનો પાટો ક્રોસ કરતાં પહેલાં સામેની ટીમનાં બાળકો નામ બોલાયેલા બાળકને અડકી જાય તો તે આઉટ થશે.

  ફરીવાર બધાં જ બાળકો પોતપોતાની ટીમના પાટા પર ઊભાં રહેશે.

  શિક્ષક ફરીથી રમત શરૂ કરશે.

## પ્રવૃત્તિઃ 5 વાર્તાકથન

# બીકણ સસલી

એક હતી સસલી, બહુ બીકણ તે બહુ બીકણ!
મે'ગાજે ને બીએ. વીજ ચમકે ને બીએ.
ઝાડ ડોલે ને બીએ. વા વાય ને બીએ.
પાંખ હલે ને બીએ. ચાંચ હલે ને બીએ.
પંડ હલે ને બીએ. પૂંછ હલે ને બીએ.
આમ જોઈને બીએ. તેમ જોઈને બીએ.
ઊંચે જોઈને બીએ. નીચે જોઈને બીએ.
બહુ બીકણ તે બહુ બીકણ.
વા વાયો ને પાન ઊડ્યાં, સસલીબાઈ ધ્રૂજી ઊઠ્યાં.
એક પાન પીઠે પડ્યું, સસલીબાઈ નાસી છૂટ્યાં.
''ભાગો રે ભાઈ, ભાગો !''
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!''
પગ લઈને નાઠાં જાય,
કાન લઈને ભાગ્યા જાય,
પૂછંડી લઈને નાસી જાય,
જાત લઈને નાસી જાય.
કૂતરો પૂછેઃ ''કાં સસલીબાઈ! ક્યાં ચાલ્યાં?''
''ભાગો રે ભાઈ, ભાગો!
દટ્ટણ આવ્યું, પટટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!''
કુત્તો ભાગ્યો સસલી સાથ,
કુત્તી એની છે સંગાથ.
શિયાળ પૂછેઃ ''કાં સસલીબાઈ! ક્યાં ચાલ્યાં?''
''ભાગો રે ભાઈ, ભાગો!
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!''
શિયાળ ભાગ્યો સસલી સાથ,
શિયાળ એની છે સંગાથ.
આઘેઆઘે દોડ્યાં જાય,
ગધ્ધો પૂછેઃ ''કાં સસલીબાઈ! ક્યાં ચાલ્યાં?''
''ભાગો રે ભાઈ, ભાગો!''
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!''
ગધ્ધો ભાગ્યો સસલી સાથ,
ગધ્ધી એની છે સંગાથ.
આગળ જતાં ઘોડો મળ્યો.
ઘોડો પૂછેઃ કાં સસલીબાઈ! ક્યાં ચાલ્યાં?
ભાગો રે ભાઈ, ભાગો!''
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!''
ઘોડો ભાગ્યો સસલી સાથ,
ઘોડી તેની છે સંગાથ,
ભાગ્યાં ભાગ્યાં ચાલ્યાં જાય,
સસલી-કુત્તો-ઘોડો-શિયાળ
આઘે આઘે ઊંટ હતું,
લાંબી ડોકે ચરતું હતું,
રૂડો જોઈ રૂપાળો સંગ,

પૂછ્યું ઊંટે આણી રંગઃ
''ક્યાં ભાગ્યાં, ઓ સસલીબાઈ?''
ક્યાં ભાગ્યાં છો કુત્તાભાઈ!
ઘોડાભાઈ ને ગધ્ધાભાઈ!
સસલી બોલીઃ
ભાગો રે ભાઈ, ભાગો!''
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!''
લાંબી ડોકે મોટે પગલે
ઊંટ ભાગ્યો સસલી - પગલે.
વન ને વગડો વટી ગયાં,
ડુંગર-નદીને તરી ગયાં,
ભાગતાં ભાગતાં બપોર થયા.
રસ્તે સામે હાથી મળ્યો,
સૂંઢ ફેરવતો ઊભો રહ્યો.
''ક્યાં ચાલ્યાં છો સૌ ગભરાઈ?
બીકે હૈયું થડકે કેમ?
હાથે-પગે પાણી કેમ?''
સસલી વળતી વાણી વદી,
હાથીભાઈની હિંમત હરીઃ
''ભાગો રે ભાઈ, ભાગો!
ભાગો રે ભાઈ, ભાગો!''
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!''
હાથી ભાગ્યો, હાથણી ભાગી,
સસલીબાઈની ટોળી ઝાઝી...
ત્રાડ દેતો સામો મળ્યો,
આંખ કાઢી આડો ફર્યો.
''ક્યાં ભાગ્યાં છો સસલીબાઈ?
શી માંડી છે આ ભવાઈ!
કુત્તા, ગધ્ધા, ઘોડાભાઈ, હાથી,
ઊંટ ને શિયાળભાઈ!
ક્યાં ભાગ્યાં છો ત્રાહિ ત્રાહિ?''
સસલી બોલીઃ ''ભાગો રે ભાઈ, ભાગો!
ભાગો રે ભાઈ, ભાગો!''
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!''
સિંહ ત્રાડ મારી ઊભો,
સસલી સામે રોષ કીધોઃ
''ક્યાં છે તારું દટ્ટણ - પટ્ટણ?''
ક્યાં છે તારું આભ પડ્યું?
ક્યાં છે તારી કેડ ભાંગી?
ભાગો નહિ, ભાઈ ભાગો નહિ!''
ચાલ્યાં પાછાં સિંહ સાથેઃ
સસલી, ગધ્ધો, ઘોડો, સાથે;
પાછા ફરતાં ધ્રૂજે પગ -
સિંહ પાછળ ભરે ડગ!
આવી સસલી વાડા પાસઃ ત્યાં પડ્યું છે થોડું ઘાસ,
ઘાસ પાસે પીપળપાન
સસલી બોલી એ છે આભ!''
ત્રાડ નાંખી સિંહે કહ્યું: ''આવાંને શું કહેવું રહ્યું?''
સસલી, તારી બીકણ જાત,
સૌની તેં છે લીધી લાજ!''
સસલી શરમે નીચું જુએ,
ઘોડો - હાથી લાજી મરે.

### દિવસ: 2

**પ્રવૃત્તિ: 6 છોડ, વેલા, ઝાડ અને કંદમૂળની ઓળખ. (IL - 3.2)**

❖ શાકના જુદા જુદા પ્રકાર - છોડ, વેલા, ઝાડ અને કંદમૂળ પર ચર્ચા કરવી.
શાકભાજીમાંથી બનતી વિવિધ વાનગી પર ચર્ચા કરવી.
શાકભાજીનો ઉપયોગ કરતાં પહેલાં રાખવાની કાળજી અને તેના ઉપયોગનું મહત્ત્વ

- **બાળગીત:**

### એક જાડો પાડો લીમડો

એક જાડો પાડો લીમડો (૨)
જો લંગડી રમવા આવે તો,
મજા પડે ભાઈ મજા પડે (૨) એક જાડો.
પેલા ટમટમ કરતા તારલિયા
જો પતંગિયાં થઈ આવે તો,
મજા પડે ભાઈ મજા પડે. (૨) એક જાડો
પેલી આંબાડાળે કોયલડી,
જો ગીત મધુરાં ગાય તો,
મજા પડે ભાઈ મજા પડે. (૨) એક જાડો.
પેલા ઝાડ પર બેઠો વાંદરો,
જો હૂપ હૂપ કરતો આવે તો,
મજા પડે ભાઈ મજા પડે (૨) એક જાડો.
પેલો બંસી બજાવતો કાનુડો
જો મિસરી ખાવા આવે તો,
મજા પડે ભાઈ મજા પડે. (૨) એક જાડો.

- **ચુંબકની પ્રવૃત્તિ (IL - 3.5)**

**સામગ્રી:** ચુંબક, ટાંકણી, રબર, કાગળ, સંચો વગેરે.

**પદ્ધતિ:** બાળકોને વર્તુળમાં બેસાડો અને તેમને થોડી ટાંકણીઓ આપો. સાથે રબર, કાગળ વગેરે પણ બહાર રખાવો. હવે બાળકોને ચુંબક આપી કઈ વસ્તુ ચુંબક સાથે ચોંટી જાય છે અને કઈ વસ્તુ ચોંટતી નથી તે શોધાવો.

**પ્રવૃત્તિ: 7 કાચની બાટલીમાં પાણી, રેતી કે વસ્તુઓ ભરવી.**

**સામગ્રી:** કાચની બાટલી, પાણી, રેતી, વસ્તુઓ જેમકે ઘઉં, ચોખા, દાળ વગેરે.

**પદ્ધતિ:** કાચની બાટલી કે પાણીની બોટલમાં પાણી, રેતી, ઘઉં, ચોખા કે દાળ જેવી વિવિધ વસ્તુઓ ભરાવવી.

**પ્રવૃત્તિ: 8 પ્રાસવાળા શબ્દો બોલાવવા (EC - 3.7)**

જેમ કે બાર, ચાર, કાર, સાર, હાર, વાર, પાક, નાક, શાક, કાલ, બાલ, ચાલ, વાલ, ખાલ

- જોડકણું

## વારતા રે વારતા

વારતા રે વારતા, ભાભો ઢોર ચારતા,
ચપટી બોર લાવતા
છોકરાં સમજાવતા
એક છોકરો રીસાણો.
કોઠી પાછળ સંતાણો
કોઠી પડી આડી,
છોકરાએ ચીસ પાડી,
અરરર..... માડી.....

### પ્રવૃત્તિ: 9 રમત: કેટલા રે કેટલા

- બાળકોને ગોળાકારમાં ઊભાં રાખવાં
  શિક્ષક કેટલા રે કેટલા બોલશે
  બાળકો વર્તુળાકારે ફરતાં રહી 'તમે કહો એટલા' બોલશે
  ત્યારબાદ શિક્ષક બે થી ચાર સુધીનો કોઈ અંક બોલશે, બાળકો તે પ્રમાણે જૂથ બનાવશે.
  જે બાળક રહી જાય તે બાદ થશે આ રીતે રમત ચાલશે.

### પ્રવૃત્તિ: 10 વાર્તાકથન: (EC - 3.8a)

## બહાદુર ચકલી

ચકલીબાઈ રાજાને ઘેર જવા નીકળ્યાં. રસ્તે મળ્યો કૂકડો. કૂકડો પૂછે, 'ચકીબેન! ક્યાં ચાલ્યાં?'

ચકી બોલી:

રાજાને ઘેર જાવાજી દાડમ દાણા ખાવાજી, ફુવારામાં નાહવાજી રાણીને ખોળે બેસવાજી.

કૂકડાને રાજાની બીક લાગતી હતી તેથી પૂછ્યું, 'તમને રાજાની બીક નથી લાગતી?'

ચકીબેન બોલ્યાં:

બીએ મોટા પાડા બીએ મોટા હાથી, હું નાની ચકલી હું શીદને બીઉં?

કૂકડાએ ખુશ થઈને કલગી આપી. આગળ જતાં મોર મળ્યો. મોર કહે - 'ચકીબહેન! ક્યાં ચાલ્યાં?

ચકી બોલી:

રાજાને ઘેર જાવાજી, દાડામ દાણા ખાવાજી, ફુવારામાં નાહવાજી, રાણીને ખોળે બેસવાજી.

મોરે, ચકીને કહ્યું: 'તને રાજાની બીક નહીં લાગે?'

ચકીબેન બોલ્યાં:

બીએ મોટા પાડા, બીએ મોટા હાથી, હું નાની ચકલી હું શીદને બીઉં?

મોરે ખુશ થઈને પીંછાં આપ્યાં.

ચકીબહેન રાજાના મહેલે આવ્યાં. સિપાઈએ ચકીબહેનને રોકી લીધાં. સિપાઈ કહે, 'ચાલી જા, નહીં તો તલવાર મારીશ.' પણ બહાદુર ચકીબાઈ એમ કંઈ બીએ? ઊડીને સિપાઈની પાઘડી પર બેઠાં. સિપાઈ તો ભડકીને ભાગી ગયો. ચકીબહેન ફ...ર...ર...ર કરી મહેલમાં ગયાં. રાજારાણી કહેઃ 'આવો ચકીબાઈ, અમારા ખોળામાં બેસી દાડમના દાણા ખાવ અને ફુવારામાં નહાવ!'

ચકીબહેને તો દાણા ખાધા, મન ભરીને નાહ્યાં, ખાધું-પીધું ને મજા કરી!

## દિવસઃ 3

**પ્રવૃત્તિઃ 11 શાકભાજીનો ઉપયોગ કરતી વખતે શું ધ્યાનમાં રાખશો? (IL - 3.2, EC - 3.12)**

તેમાં ઈયળ - જીવાત ન હોય તે જોવું.

શાક બનાવતાં પહેલાં શાકભાજી ધોવાં.

- **ગીતઃ ગોળુડો ઘાટ (પુનરાવર્તન) (HW - 3.3)**
- **ફીણના પાણીના પરપોટા બનાવવા.**

**સામગ્રીઃ** સાબુ, પાવડર, શેમ્પૂ, પાણી, વાયર

**પદ્ધતિઃ** સાબુ, પાવડર અને શેમ્પૂને પાણીમાં નાખી તેને બરાબર હલાવો. હવે પાણીમાં ભૂંગળી નાખી ફૂંક મારી પરપોટા બનાવડાવો. હવે બાળકને અવલોકન કરાવો કે પરપોટાને અડતાં શું થાય છે. બાળકોને આ પ્રવૃત્તિ ઘરે કરવા પણ કહો. ઘરે પ્રવૃત્તિ કરવા માટે વડીલોની મદદ લેવા કહો.

**પ્રવૃત્તિઃ 12 પાંદડાંનું તોરણ બનાવવું**

**સામગ્રીઃ** આંબો, આસોપાલવ, લાલ કરેણ જેવી વનસ્પતિનાં પાંદડાંમાંથી તોરણ બનાવવાં.

**પદ્ધતિઃ** ઉપરના જેવી વનસ્પિતના પાંદડાઓના એક-એક, બે-બે અથવા ત્રણ-ત્રણ દોરીની જોડીમાં રાખીને તોરણ બનાવવું.

**પ્રવૃત્તિઃ 13 જોડકણુંઃ પાંચ પાપડ કાચા (પુનરાવર્તન)**

- **કાનાવાળા મૂળાક્ષર જોડી શબ્દો બોલવા. (EC - 3.7, 3.8a)**

જેમ કે એક બાળક 'રા' બોલે

બીજો બાળક 'ધા' બોલે      એમ

ત્રીજો બાળક રાધા બોલે

એમ, તારા, મારા, ધારા વગેરે શબ્દો બોલાવવા.

**પ્રવૃત્તિઃ 14 રમતઃ ઈટિયો રે પીટિયો..... (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 15 વાર્તાઃ બીકણ સસલી (પુનરાવર્તન)**

## દિવસઃ 4

**પ્રવૃત્તિઃ 16 રમતઃ ખજાનાની શોધ (IL - 3.8a)**

**સામગ્રીઃ** ફળો, ફળનાં ચિત્રો

**પદ્ધતિ:** વર્ગમાં ખજાના શોધની રમત રમાડી વિવિધ ફળો ક્યાં રાખ્યાં હતાં, તેની પ્રશ્નોતરી કરો.

- **બાળગીત: એક જાડો પાડો લીમડો (પુનરાવર્તન)**
- **શું ઓગળે? શું ન ઓગળે? (IL - 3.8b)**

**સામગ્રી:** પાણી, મીઠું, ખાંડ, રેતી, સોડા, લોટ, તેલ, પેટ્રોલ વગેરે.

**પદ્ધતિ:** એક ગ્લાસ લઈ તેમાં થોડું પાણી ભરો. હવે તેમાં થોડી ખાંડ નાખી પાણીને ચમચીથી હલાવો. ખાંડ ઓગળી જાય છે કે નહીં તેનું અવલોકન કરાવો. આ રીતે દર વખતે ગ્લાસમાં નવું પાણી લઈ વિવિધ વસ્તુઓને પાણીમાં નાખી ચમચી વડે હલાવી ઓગાળવા પ્રયાસ કરો અને કઈ વસ્તુ ઓગળે છે અને કઈ નહીં, તે શોધાવો પ્રવાહીની બાબતમાં બન્ને વસ્તુઓ એક બીજામાં ભળી જાય છે કે જુદી રહે છે તે શોધાવો.

**પ્રવૃત્તિ: 17 કાચની બાટલીમાં પાણી, રેતી કે વસ્તુઓ ભરવી. (પુનરાવર્તન) (HW - 3.18b)**

**પ્રવૃત્તિ: 18 પ્રાસવાળા શબ્દો બોલાવવા (EC - 3.7)**

જેમ કે: કડી, ચડી, પડી, રડી, સડી, નડી, કદી, સદી, નદી, હરી, ભરી, પરી, તરી, સરી વગેરે.

- **જોડકણું: વારતા રે વારતા (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 19 રમત: કેટલા રે કેટલા (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 20 વાર્તા: બહાદુર ચકલી (પુનરાવર્તન)**

## દિવસ: 5

**પ્રવૃત્તિ: 21 બાળગીત: ગોળુડો ઘાટ**

- **ગીતનાં આધારે આકાર ઓળખો. (IL - 3.5)**

**સામગ્રી:** વર્તુળ, ચોરસ, ત્રિકોણ અને લંબચોરસના ટુકડા.

**પદ્ધતિ:** બાળકોને વિવિધ આકારના ટુકડા આપી રાખવા. જે આકાર વિશે ગીત ગવાય તે આકાર બાળક હાથમાં લઈ હાથ હલાવશે અને ગીત ગાશે.

**પ્રવૃત્તિ: 22 મણકા પરોવી માળા બનાવવી. (HW - 3.6, 3.18a)**

**સામગ્રી:** મણકા, દોરી

**પદ્ધતિ:** દોરીમાં મણકા પરોવી તેની માળા બનાવવી.

**પ્રવૃત્તિ: 23 શુભેચ્છા કાર્ડ બનાવવાં. (EC - 3.8b)**

- જન્મદિવસ, તહેવારનાં કાર્ડ બનાવવાં

- **જોડકણું: પાંચ પાપડ... (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 24 રમત: ઈટિયો રે પીટિયો..... (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 25 વાર્તા: બીકણ સસલી (પુનરાવર્તન)**

• • •

# સપ્તાહ: ૮

| ક્રમ | ક્ષેત્ર | સમય | પ્રવૃત્તિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દિવસ 1 | દિવસ 2 | દિવસ 3 | દિવસ 4 | દિવસ 5 | દિવસ 6 |
| 1 | સર્કલ ટાઇમ, આવકાર, હાજરી | 15 min | ગાલ પર ટપલી મારતાં મારતાં વર્ગમાં આવવું.<br>ખભા, કાંડા અને કમરની હળવી કસરત કરાવવી. | | | | | |
| 2 | વર્ગખંડ મુક્તરમત | 30 min | બાળકોને 1 થી 10 સુધીનાં સંખ્યાકાર્ડ આપી વર્ગમાં રહેલ વિવિધ વસ્તુઓને સંખ્યાકાર્ડ મુજબ ગોઠવવા કહો. | | | | | |
| 3 | ગણિત, પર્યાવરણ | 30 min | (1) જોડકાં જોડો: (વાહનો - પૈડાં) (વર્કશીટ-23)<br>• બાળગીત: એક એક ચકલી ચણતી'તી<br>• કોણ ક્યાં છે ? નજીક - દૂરની પ્રવૃત્તિ | (6) બાળગીત: સાઈકલ મારી સરરર જાય<br>• બાળગીત: વહેલી સવારે ઊઠવું ગમે<br>• ખાલી-ભરેલું પરિચય | (11) ટેલિફોન બનાવવો<br>• બાળગીત: એક એક ચકલી ચણતી'તી<br>• જુદી - જુદી વસ્તુની લંબાઈની સરખામણી | (16) બાળગીત: સાઈકલ મારી સરર જાય<br>• બાળગીત: વહેલી સવારે ઊઠવું ગમે<br>• જુદાં - જુદાં પાત્રોની ગુંજાશની સરખામણી | (21) વાર્તા: સંચાની શોધ.<br>• બાળગીત: એક એક ચકલી ચણતી'તી<br>• વર્ગીકરણ | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 4 | સર્જનાત્મક પ્રવૃત્તિ | 30 min | (2) કાગળની હોડી બનાવવી | (7) કાગળનું વિમાન બનાવવું | (12) કાગળનું ફૂલ બનાવવું | (17) કાગળનો દેડકો બનાવવો | (22) કાગળની કાતર બનાવવી | |
| | નાસ્તો | | | | | | | |
| 5 | ભાષા | 30 min | (3) ઉખાણાં<br>• જોડકણાગાન: પમ પમ પમ પમ પિપૂડી વાગે | (8) પ્રથમ અક્ષર સમાન રહે તેવા શબ્દો બોલાવવા જેમ કે કાન, કાચ, કાલ, કાપ<br>• જોડકણાગાન: ન્હાય નદીમાં ન્હાય | (13) જોડકણાગાન પમપમપમ પિપૂડી વાગે<br>• અંતે 'ક' આવતો હોય તેવા શબ્દો બોલાવવા. | (18) પ્રથમ અક્ષર સમાન રહે તેવા શબ્દો બોલાવવા જેમ કે વાઘ<br>• જોડકણું: ન્હાય નદીમાં ન્હાય | (23) ટપકાં જોડી ચિત્ર બનાવો (ફળો) (વર્કશીટ-24)<br>• જોડકણાગાન: પમપમપમ પિપૂડી વાગે | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 6 | મેદાનની રમત | 30 min | (4) કલર-કલર | (9) નદી કે પર્વત | (14) કલર-કલર | (19) નદી કે પર્વત | (24) કલર-કલર | |
| 7 | વાર્તા | 15 min | (5) વાંદરો અને મગર | (10) લાલચુ કૂતરો | (15) વાંદરો અને મગર | (20) લાલચુ કૂતરો | (25) વાંદરો અને મગર | |
| 8 | વિદાય | 15 min | આખા દિવસની વાતચીત, શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા વાતચીત | | | | | |

## સપ્તાહ: 8

## દિવસ: 1

**પ્રવૃત્તિ: 1 જોડકાં જોડો. (IL - 3.11) (વર્કશીટ-23)**

જુદાં જુદાં વાહનોને કેટલાં પૈડાં છે? તે સંખ્યા પર ◯ કરો.

- **બાળગીત: (IL - 3.11)**

### ચણતી ચકલી

એક એક ચકલી ચણતી'તી,
ચકલી એકલી ચણતી'તી... એક...
એક આવી ગઈ ને થઈ ગઈ બે... એક... બે...
બે બે ચકલીઓ ચણતી'તી,
એક આવી ગઈ ને થઈ ગઈ ત્રણ... એ... બે... ત્રણ
ત્રણ ત્રણ ચકલીઓ ચણતી'તી,
એક આવી ગઈ ને થઈ ગઈ ચાર... એક... બે... ત્રણ... ચાર
ચાર ચાર ચકલીઓ ચણતી'તી,
એક આવી ગઈ ને થઈ ગઈ પાંચ... એક... બે... ત્રણ... ચાર... પાંચ
પાંચ પાંચ ચકલીઓ ચણતી'તી,
ઘઉંના દાણા ગણતી'તી,
ગણતી'તી ને ભણતી'તી,
પાંચ પાંચ ચકલીઓ ચણતી'તી,
પાંચ પાંચ ચકલીઓ ચણતી'તી.

❖ સરવાળાનાં આવાં અન્ય ગીત / વાર્તા મેળવી ગવડાવવાં.

- **કોણ ક્યાં છે? (નજીક - દૂરની પ્રવૃત્તિ) (IL - 3.1)**

**સામગ્રી:** વર્ગમાં પ્રાપ્ત હોય તેવી સામગ્રી

**પદ્ધતિ:** એક બાળકને પાટિયા પાસે ઊભું રાખો અને બીજા બાળકને પાટિયાની સામેની દીવાલ પાસે ઊભું રાખો. હવે ચર્ચા કરો કે પહેલું બાળક કેવી રીતે પાટિયાની નજીક છે અને બીજું બાળક કેવી રીતે પાટિયાથી દૂર છે. આ રીતે વર્ગની વિવિધ વસ્તુઓ પાસે વર્ગનાં વિવિધ બાળકોને વારાફરતી ઊભાં રાખી નજીક - દૂરનો પરિચય આપવો.

**પ્રવૃત્તિ: 2 કાગળની હોડી બનાવવી.**

**સામગ્રી:** કાગળ

**પદ્ધતિ:** કાગળને વાળીને હોડી બનાવવી

## પ્રવૃત્તિ: 3 ઉખાણાં (IL - 3.8a)

(૧) ઉનાળે ઊલટું ધરે
ચોમાસે ભરાય
એ આવે સુખ ઊપજે
તે સમજાવો ભાઈ

**સરોવર**

(૨) જળનાં ફૂલ છે જે
તળાવોમાં થાતાં
શિવલિંગ પર ચઢે
થાય ધોળાં ને રાતાં

**કમળ**

(૩) રાતા રાતા રતનજી
ને પેટમાં રાખે પાણા
વળી ગામે ગામે થાય
એને ખાય રંક ને રાણા!

**બોર**

- જોડકણું (EC - 3.7)

### જોડકણું

પમ પમ પમ પમ પિપૂડી વાગે
ડમ ડમ ડમ ડમ ડમરું વાગે,
બંસી કનૈયાની વાગે ત્યારે,
છમ છમ છમ છમ ગોપીઓ નાચે

## પ્રવૃત્તિ: 4 રમત: કલર કલર

બાળકોને મેદાનમાં લઈ જઈ ઊભાં રાખવાં. એક બાળક દાવ લેશે. દાવ લેનારું બાળક રંગનું નામ બોલશે. (દા.ત. પીળો, બીજાં બધાં બાળકો પીળો રંગ શોધીને પીળા રંગને અડવા જવા માટેનો પ્રયત્ન કરશે. જે બાળકોને પીળો રંગ નહીં મળ્યો હોય તેને દાવ લેનારું બાળક પકડવા જશે.)

બાળક અન્ય રંગોના નામ પણ બોલી શકે છે.

## પ્રવૃત્તિ: 5 વાર્તા

### વાંદરો અને મગર

એક નદી કાંઠે જાંબુડાનું મોટું ઝાડ હતું.

જાંબુડાના ઝાડ પર દરરોજ એક વાંદરો જાંબુ ખાવા આવતો. નદીના ઊંડા પાણીમાં એક મોટો મગર રહેતો હતો. વાંદરા અને મગરની ભાઈબંધી થઈ. વાંદરો રોજ રોજ મગરને પાકાં જાંબુ ખવડાવે.

મગર એક વાર થોડાં જાંબુ મગરી માટે લઈ ગયો. મગરીને જાંબુ બહુ ભાવ્યાં. મગરી જાંબુ ખાતાં ખાતાં મગરને કહે - રોજ આવાં મીઠાં જાંબું ખાનારા વાંદરાનું કાળજું કેવું મીઠું હશે! તમે એને લઈ આવો તો હું તેનું કાળજું ખાઉં!

મગર કહે - તે હવે મારો ભાઈબંધ થયો છે. ભાઈબંધ સાથે મારાથી દગો કેમ થાય?

મગરીએ જીદ કરી કહ્યું - જો તમે કાળજું નહિ લાવી આપો તો હું મારો જીવ આપી દઈશ. ના છુટકે મગર વાંદરાને મગરી પાસે લાવવા તૈયાર થયો. બીજે દિવસે મગર જાંબુના ઝાડ નીચે આવ્યો. વાંદરાએ આપેલાં મીઠાં જાંબુ ખાધા પછી મગર બોલ્યો - વાંદરાભાઈ, મારી મગરી તમને ઘેર જમવા માટે બોલાવે છે. મારી પીઠ પર બેસી જાઓ અને મારા મહેમાન થાઓ.

વાહ! ચાલો, તમારો આટલો પ્રેમ છે તો... ના કેમ પડાય! એમ કહેતો વાંદરો કૂદીને મગરની પીઠ પર બેસી ગયો.

મગર પાણીમાં આગળ સરકવા લાગ્યો. બંને વાતોએ વળગ્યા. અડધે રસ્તે જ ભોળા મગરે મગરીના મનની વાત વાંદરાને કરી દીધી.

મગરની વાત સાંભળી વાંદરાના હોશ ઊડી ગયા. થોડી વારે સ્વસ્થ થતાં મગરીથી બચવાનો ઉપાય શોધી કાઢ્યો.

વાંદરો કહે - મગરભાઈ! તમે પણ ખરા છો! તમારે આ વાત મને પહેલેથી જ કહેવી હતી ને! મારું કાળજું તો હું ઝાડ પર મૂકીને આવ્યો છું. ચાલો, પાછા જઈ કાળજું લઈ આવીએ!

મગર વાંદરાની વાત સાચી માની પાછો કિનારા તરફ વળી ગયો. કિનારો આવતાં વાંદરો એક મોટો કૂદકો મારી ઝાડ પર પહોંચી ગયો. પછી કહે - મૂરખ મગર! કાળજું તે કંઈ ઝાડ પર મુકાતું હશે? તું તો દગાખોર છે! ભાઈબંધને દગો દેવા તૈયાર થયો? જા હવે કદી જાંબુ ખાવા મારી પાસે આવતો નહિ અને મારે પણ જાંબુ ખાવાં નથી એમ કહી વાંદરો ત્યાંથી બીજે રહેવા જતો રહ્યો.

## દિવસ: 2

### પ્રવૃત્તિ: 6 ગીત: (EC - 3.8a)

### સાઈકલ મારી સ... ર... ર... ર... જાય

સાઈકલ મારી સ... ર... ર... ર... જાય
ટ્રિન ટ્રિન ટોકરી વગાડતી જાય
ડોશીમા ડોશીમા આઘાં ખસો
નહીંતર વચ્ચે આવી જશો...
સાઈકલ મારી સ... ર... ર... ર... જાય
દૂધવાળા દૂધવાળા આઘા ખસો
નહીંતર વચ્ચે આવી જશો... સાઈકલ મારી
સાઈકલ મારી સ... ર... ર... ર... જાય
ટ્રિન ટ્રિન ટોકરી વગાડતી જાય
પોલીસવાળા પોલીસવાળા આઘા ખસો
નહીંતર વચ્ચે આવી જશો.
સાઈકલ મારી સ... ર... ર... ર... જાય

આ બાળગીતના આધારે ચર્ચા કરો.

(૧) તમે ક્યારેય સાઈકલ ચલાવી છે?
(૨) તમે ક્યારેય સાઈકલ પર બેઠા છો?
(૩) તમારી સાઈકલનાં પૈડાં કેટલાં છે?
(૪) સાઈકલની ઘંટડીનો અવાજ કાઢો.
(૫) સાઈકલના ટાયરમાં હવા શેના વડે ભરવામાં આવે છે?

- ગીતઃ

## વહેલી સવારે

વહેલી સવારે ઊઠવું ગમે (૨)
વહેલી સવારે ફરવું ગમે (૨)
કલરવ કરતાં પંખી જાગ્યાં,
જાગી જાગીને ચણવા લાગ્યાં (૨)
બાલુડાંઓ દોડી - દોડીને,
શાળાભણી ને ઊડવા લાગ્યાં (૨)
વહેલી સવારે ઊઠવું ગમે...
વહેલી સવારે ફરવું ગમે...
શાળાએ જતાં બાલુડાઓ,
જાણે મઝાનાં પતંગિયાઓ
પતંગિયાને વર્ગેવર્ગે ફરવું ગમે
વહેલી સવારે ઊઠવું ગમે...
વહેલી સવારે ફરવું ગમે...
ગુરુજીની વાર્તા સાંભળીને,
તેની સંગે નાચવું ગમે
બાલુડાંને ફરવું ગમે
વહેલી સવારે ઊઠવું ગમે...
વહેલી સવારે ફરવું ગમે...

- ખાલી - ભરેલું (પરિચય) (IL - 3.23)

**સામગ્રીઃ** બે ખાલી પાત્ર અથવા બે ખાલી બોટલ, પાણી

**પદ્ધતિઃ** બે ખાલી વાસણ અથવા બે ખાલી પાણીની બોટલ લો. હવે તેમાંથી એકમાં પાણી ભરો અને બીજાને ખાલી રાખો. હવે બાળકોને પૂછો કે કયું પાત્ર ભરેલું અને કયું પાત્ર ખાલી છે. બન્ને પાત્ર પર ખાલી અને 'ભરેલું' લખેલી ચિઠ્ઠી પણ ચોંટાડો. ખાલી અને ભરેલાની ચર્ચા કરો.

**પ્રવૃત્તિઃ 7 કાગળનું વિમાન બનાવવું. (HW 3.18c, 3.18a)**

**સામગ્રીઃ** કાગળ

**પદ્ધતિઃ** કાગળની ગડી વાળી વિમાન બનાવવું.

**પ્રવૃત્તિઃ 8 પહેલો અક્ષર સમાન રહે તેવા શબ્દો બોલાવવા. (EC - 3.8a)**

જેમ કે,
- કાન, કાજ, કાલ, કાપ
- ગામ, ગાન, ગાજ, ગાલ
- પાન, પાક, પાઠ પાસ

- **જોડકણાગાનઃ**

ન્હાય નદીમાં ન્હાય,
છોકરો ન્હાય નદીમાં ન્હાય
તરે, ડૂબકી ખાય,
છોકરો ન્હાય નદીમાં ન્હાય.

**પ્રવૃત્તિઃ 9 રમતઃ નદી - પર્વત**

બાળકોને મેદાનમાં લઈ જવાં અથવા તો વર્ગમાં પણ રમાડી શકાય. શિક્ષક ભોંયતળિયે એક મોટું વર્તુળ દોરશે. તેની કિનારી પર બાળકોને ઊભાં રાખશે અને સૂચના આપશે કે હું જ્યારે 'નદી' શબ્દ બોલીશ ત્યારે બધાં બાળકોએ કૂદકો મારીને વર્તુળના અંદરના ભાગમાં જવું અને જ્યારે 'પવન' શબ્દ બોલીશ ત્યારે કૂદકો મારીને વર્તુળની બહાર જવું, જે બાળક સૂચનાનું પાલન નહીં કરી શકે તે આઉટ ગણાશે.

**પ્રવૃત્તિઃ 10 વાર્તા**

## લાલચુ કૂતરો

એક કૂતરો હતો. તે ભારે લાલચુ અને ઝઘડાખોર હતો. તે ઘણી વખત પોતાનાથી નબળા કૂતરા પાસેથી ખાવાનું પડાવી લેતો હતો. એક દિવસ તેને એક રોટલો મળ્યો ને તે રાજી રાજી થઈ ગયો. તેણે રોટલો મોંમાં લીધો. તેને થયું, 'થોડે દૂર જઈને નિરાંતે રોટલો ખાઈશ.' તે ભાગ્યો અને દોડતો દોડતો ગામના છેવાડે પહોંચી ગયો. ત્યાં નદી વહેતી હતી.

વધુ સલામત જગાએ પહોંચવા તે નદી ઓળંગીને સામેના કિનારે જવા તૈયાર થયો. કૂતરાની નજર નદીના પાણીમાં ગઈ. તેણે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું. પ્રતિબિંબ જોઈને તેને લાગ્યું કે નીચે બીજો કૂતરો ઊભો છે અને તેના મોંમાં પણ રોટલો છે.

બીજા કૂતરાના મોમાં રોટલાને જોઈને તેને લાલચ થઈ આવી કે 'લાવ આ કૂતરાનો પણ રોટલો પડાવી લઉં તો મને બે રોટલા ખાવા મળે.' એવું વિચારી બીજા કૂતરાને બિવડાવવા માટે ભસવા તેણે પોતાનુ મોં ખોલ્યું. પણ જેવું તેણે મોં ખોલ્યું કે તરત તેના મોંમાં જે રોટલો હતો તે નદીના ઊંડા પાણીમાં પડી ગયો.

કૂતરાને ભાન થયું, 'આ તો મેં ખોટું કર્યું. બીજાનો રોટલો ઝૂંટવવા જતાં મેં મારો રોટલો પણ ગુમાવ્યો.'

**દિવસઃ 3**

**પ્રવૃત્તિઃ 11 ટેલિફોન બનાવવો. (HW - 3.18a)**

**સામગ્રીઃ** પ્લાસ્ટિક અથવા કાગળના બે કપ, દોરી, સોય

**પદ્ધતિઃ** બે કપને તળિયે કાણું પાડી બે તળિયા વચ્ચે આવે અને કપમાં અંદર બાજુ ગાંઠ વાળે તેવી રીતે કાણું પાડી દોરી પરોવવી અને પછી બે બાળકોને એક બોલે બીજો સાંભળે તેવી પ્રવૃત્તિ કરાવવી.

**ટેલિફોન બનાવવાની પ્રવૃત્તિ બાદ નીચેના જેવા પ્રશ્નો પૂછવા.**

- તમે વાયરવાળા ફોન જોયા છે?
- તમે કેવા કેવા ફોન જોયા છે?
- તમે ગીત સાંભળવા શેનો શેનો ઉપયોગ કરો છો?

- **બાળગીતઃ એક - એક ચકલી... (પુનરાવર્તન)**
- **જુદી જુદી વસ્તુની લંબાઈની સરખામણી (IL - 3.21)**

**સામગ્રીઃ** જુદી જુદી લંબાઈનો દોરો.

એક ચાર્ટનો ટુકડો લઈ તેના નીચેના ભાગે એક આડી લીટી દોરો. હવે દોરાના વિવિધ લંબાઈના ટુકડા લઈ તેને લીટીની ઉપર લાંબાથી ટૂંકાના ક્રમમાં ગોઠવો.

**પ્રવૃત્તિઃ 12 કાગળનું ફૂલ બનાવવું (HW - 3.18c, 3.18a)**

**સામગ્રીઃ** કાગળ, કાતર

**પદ્ધતિઃ** કાગળને કાપીને તેનું ફૂલ બનાવવું

કાગળને વાળીને તેનું ફૂલ બનાવવું.

**પ્રવૃત્તિઃ 13 જોડકણુંઃ પમ પમ પમ પિપૂડી (પુનરાવર્તન)**

- **અંતે 'ક' આવતો હોય તેવા શબ્દો બોલાવવા. (EC - 3.8a)**

પાક, શાક, નાક, થાક, તાસક, નાટક, ફાટક, વગેરે.

**પ્રવૃત્તિઃ 14 રમતઃ કલર કલર (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 15 વાંદરો અને મગર (પુનરાવર્તન)**

## દિવસઃ 4

**પ્રવૃત્તિઃ 16 બાળગીતઃ સાઈકલ મારી સરરર... (પુનરાવર્તન)**

- **ગીતઃ વહેલી સવારે ઊઠવું ગમે. (પુનરાવર્તન)**
- **જુદાં જુદાં પાત્રોની ગુંજાશની સરખામણી (IL - 3.23)**

**સામગ્રીઃ** જુદા જુદા માપની બે તપેલીઓ, ૪ ગ્લાસ, રંગીન પાણી.

**પદ્ધતિઃ** જુદા જુદા માપની બે તપેલી લો. તેના પર ૧ અને ૨ એમ ચિઠ્ઠીઓ (સ્ટીકર) લગાવો. હવે બન્ને તપેલીને વારાફરતી ગ્લાસ વડે રંગીન પાણીથી પૂરેપૂરી ભરો. કઈ તપેલીમાં કેટલા ગ્લાસ પાણી સમાયું તેની ચર્ચા કરો.

**પ્રવૃત્તિઃ 17 કાગળનો દેડકો બનાવવો. (HW - 3.18c, 3.18a)**

**સામગ્રીઃ** કાગળ

**પદ્ધતિઃ** કાગળની ગડી વાળીને તેનો દેડકો બનાવવો.

**પ્રવૃત્તિઃ 18 પ્રથમ અક્ષર સમાન રહે તેવા શબ્દો બોલાવવા. (EC - 3.8b)**

જેમ કે - વાઘ, વાદળ, વાવાઝોડું, વાલી, વાજું

- **જોડકણું: ન્હાય નદીમાં ન્હાય... (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 19 રમત: નદી કે પર્વત (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 20 વાર્તા: લાલચુ કૂતરો (પુનરાવર્તન)**

**દિવસ: 5**

**પ્રવૃત્તિ: 21 વાર્તા**

## સંચાની શોધ

ચતુરસિંહ રાજા. એમના નામે જ આ નગર. નગરને સૌ ચતુરનગર કહે. લોકોની સુવિધા માટે ચતુરસિંહ દેખરેખ રાખે.

એક દિવસની વાત છે.

ચતુરસિંહ દરબાર ભરીને બેઠા હતા. એમની આસપાસ પ્રધાનો અને સલાહકાર બેઠા હતા.

બાજુના રાજ્યનો એક વેપારી રાજા સાથે વાતચીત કરતો હતો. રાજાને વાતચીત નોંધવા જેવી લાગી. રાજાએ પ્રધાનજીને આ વાત નોંધી લેવા સૂચના આપી. રાજાનો પ્રધાન બાજુમાં જ બેઠો હતો. રાજાના કહેવાથી પ્રધાન લખવા ગયો, ત્યાં પેન્સિલની અણી તૂટી ગઈ. આ જોઈ પ્રધાન રાજાજીને ધીરેથી કહે.

તૂટી મારી અણી,
ઉપયોગી હતી ઘણી
અણી કાઢતાં લાગે વાર,
ન ગમ્યું મને આ લગાર.

પેન્સિલની અણી તૂટતાં રાજાએ પેલા વેપારીને થોડીવાર થોભવાની વાત કરી. પેન્સિલને છોલવા પ્રધાને ચાકરોને બોલાવ્યા. ચાકર વિવિધ વસ્તુઓ સાથે આવી પહોંચ્યા.

ચાકર ભાલો લઈને આવ્યો હતો. આ જોઈ રાજા કહે:

સુનો સુનો પ્રધાનજી,
આ તે શું શું લાવ્યા જી?
કેમ કરતાં આ કામ હવે થાય?
પેન્સિલથી કેમ હવે લખી શકાય?

રાજાની મૂંઝવણ સાંભળી પ્રધાનજી રાજાને કહે,

સુનો સુનો રાજાજી,
આ સૌ ઓજાર લાવ્યા જી,
એનાથી પેન્સિલ છોલાશે,
પછી એનાથી લખાશે.

રાજાજી તો આ ચાકરને ઓજારથી પેન્સિલ છોલતા જોઈ રહ્યા.

પેન્સિલ હતી નાની. ઓજાર હતાં મોટાં.

કોઈને ઓજાર વાગ્યું. કોઈને ઈજા થઈ.

કોઈએ પેન્સિલ તોડી. કોઈના હાથમાં પેન્સિલ તૂટી

કેટલાકના હાથે પેન્સિલ છૂટી.

આ બધું જોઈ રાજાને સમજાયું કે પેન્સિલ છોલવામાં કેટલી મુશ્કેલી પડે છે. આવેલ વેપારીની વિગતો પ્રધાનજીએ નોંધી લીધી.

થોડા દિવસ પસાર થયા. રાજાના મનમાંથી પેન્સિલ છોલવાની વાત નીકળતી ન હતી. રાજાએ આખા નગરમાં જાહેરાત કરી. જે પેન્સિલ છોલવાનું મશીન બનાવશે એને પાંચ સોનામહોરનું ઇનામ મળશે.

પાંચ સોનામહોરની વાતની લીધે અનેક લોકો આ કામમાં લાગી ગયા. નગરમાં રહેતાં નાનાં-મોટાં, મહિલાઓ પુરુષો અને બાળકો આ મશીન શોધવા લાગી ગયાં.

કાનજી અને બીજાએ ભેગા થઈ રાજાને બતાવવા બે નવાં મશીન પસંદ કર્યાં. એક મશીનમાં પેન્સિલ મૂકી દેવાની. આ પછી એ પેન્સિલ મૂકી હોય તે બૉક્સ ગોળ ગોળ ફેરવવાનું. આમ કરવાથી પેન્સિલ છોલી શકાતી હતી. બીજા મશીનમાં ધાતુની પટ્ટી તી. આ પટ્ટી વડે પેન્સિલ છોલી શકાતી હતી. આ બંનેમાં પેન્સિલ તૂટી જતી. ધાતુની પટ્ટી હાથમાં વાગવાનો ડર હતો.

રાજાને એકેય મશીન ન ગમ્યું. આ બે મશીન બધા જોઈ શકે એ માટે રાજાએ પ્રદર્શનનું આયોજન કર્યું.

નગરના બધા લોકોએ આ મશીન જોયું. મોટા મશીનને ફેરવવામાં બે-ત્રણ માણસોની જરૂર પડતી. ધાતુની પટ્ટી તો બધાંને વાગવાનો, ઈજા થવાનો કે નુકસાનનો ડર હતો. સર્વેએ રાજાજીને આ વાત કરી.

લોકોની વાત સાંભળી રાજાજી કહે,

સુનો સુનો પ્રધાનજી,<br>
આ લોકો શું લાવ્યાજી?<br>
તૂટે પેન્સિલ એ ના ચાલે જી,<br>
લાગે એ તો ખરાબ જી.

આ સાંભળી પ્રધાન કહે...

સુનો સુનો રાજાજી,<br>
આ મશીન ભલે આવ્યા જી.<br>
આમાંથી જ નવું બનશે જી,<br>
પેન્સિલ તરત છોલશે જી.

આમ ને આમ સાંજ પડી. રાજા, પ્રધાન અને નગરજનો સૌ પોતપોતાના ઘરે ગયા.

આ બધાં સાથે વાલુ પણ ઘેર ગયો. રાતે ઊંઘમાં વાલુને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એને નાનું બૉક્સ જેવું મશીન દેખાયું. આ મશીન ઉપર ધાતુની પટ્ટી લગાવેલી હતી. આ મશીનમાં પેન્સિલ નાખીને ગોળ ફેરવતાં પેન્સિલ છોલી શકાઈ, આવું સ્વપ્ન જોઈ વાલુએ એવું જ નાનું મશીન બનાવ્યું.

બીજા દિવસે સવાર થઈ.

વાલુ એના મશીન સાથે રાજા પાસે પહોંચ્યો.

વાલુ રાજાને કહે...

સુનો સુનો રાજાજી,

મશીન તો બનાવ્યું જી

એમાં પેન્સિલ છોલાય જી,

સૌને મજા આવશે જી.

રાજાએ આ મશીન જોયું. એમાં પેન્સિલ નાખી. ગોળ ફરેવી. પેન્સિલ છોલાતી હતી. હા, પેન્સિલમાં સારી ધાર આવતી ન હતી. છતાં વિચાર સારો હતો. આ મશીન જોઈ રાજા કહે...

સુનો સુનો પ્રધાનજી,

મશીન તો બનાવ્યું જી,

પટ્ટીની ધાર કરીએ જી,

પેન્સિલ તો જ છોલાશે જી,

વાલુએ પણ આ વાત સાંભળી.

રાજાએ આ મશીન ગમ્યું હતું. રાજા પાંચ સોનામહોરનું ઈનામ પણ આપવાના હતા. વાલુએ ખર્ચ કરીને પણ ધાર કઢાવવાનું નક્કી કર્યું હતું. વાલુ ધાર કઢાવવા દરજી પાસે ગયો. લાલુ દરજીને કહે,

સુનો સુનો ભાઈ દરજી,

ધાર કાઢો આને સારી જી,

ઈનામ આપશે રાજાજી,

ભાગ આપશે વાલુજી.

દરજી કહે 'મારું મશીન કપડાં સીવે. મારું મશીન ધાર ના કાઢે.' તમે લુહાર પાસે જાવ. વાલુ ધાર કઢાવવા લુહાર પાસે ગયો. વાલુ લુહારને કહે,

સુનો સુનો લુહાર જી

ધાર કાઢો આને સારી જી,

ઈનામ આપશે રાજાજી,

ભાગ આપશે વાલુજી.

આ સાંભળી લુહારે વાલુનું મશીન હાથમાં લઈ પટ્ટીને ધાર કાઢી આપી. ધાતુની પટ્ટીને ધાર કઢાવી વાલુ રાજા પાસે પહોંચ્યો. રાજાએ એને પાંચ સોનામહોર આપી.

વાલુ સીધો ગયો દરજી પાસે. દરજીને એણે લુહાર જોડે મોકલવા બદલ એક સોનામહોર ભેટ આપી. લુહારને ધાર કાઢી આપવા બદલ એક સોનામહોર ભેટમાં આપી. વધેલી સોનામહોર લઈ લાલુ ઘરે ગયો.

**ઘરગથ્થું મશીનની વાતચીત, ચર્ચા અને પ્રદર્શન**

- બાળગીત: એક - એક ચકલી ચણતી'તી (પુનરાવર્તન)
- વર્ગીકરણ: **(IL - 3.5)**

**સામગ્રી:** એક જ પ્રકારની જુદા જુદા રંગની વસ્તુઓ જેમ કે બટન, મણકા, મોતી, રમકડાં વગેરે

બાળકોને એક જ પ્રકારની વસ્તુઓ આપી રંગ મૂજબ વર્ગીકરણ કરાવો. આ જ રીતે એક જ રંગની વસ્તુઓમાંથી જુદી જુદી વસ્તુઓને અલગ કરાવો. આ ઉપરાંત જુદા જુદા રંગની ટ્રે લઈ તેમાં તે જ રંગની વસ્તુઓ મુકાવો.

**પ્રવૃત્તિઃ 22 કાગળની કાતર બનાવવી. (HW - 3.18c, 3.18a)**

**સામગ્રીઃ** કાગળ

❖ કાગળની ગડી વાળીને તેમાંથી કાતર બનાવવી.

**પ્રવૃત્તિઃ 23 વર્કશીટઃ ટપકાં જોડી ફળનાં ચિત્ર બનાવો. (વર્કશીટ-24)**

- **જોડકણાગાનઃ પમ પમ પમ પમ પિપૂડી વાગે (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 24 રમતઃ કલર કલર કયો કલર (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 25 વાર્તાઃ વાંદરો અને મગર (પુનરાવર્તન)**

● ● ●

# સપ્તાહ: ૯

| ક્રમ | ક્ષેત્ર | સમય | પ્રવૃત્તિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દિવસ 1 | દિવસ 2 | દિવસ 3 | દિવસ 4 | દિવસ 5 | દિવસ 6 |
| 1 | સર્કલ ટાઇમ, આવકાર, હાજરી | 15 min | બાળકો કૂદકા મારતાં-મારતાં વર્ગમાં આવે.<br>આંખ અને ડોકની હળવી કસરત કરાવવી. | | | | | |
| 2 | વર્ગખંડ મુક્તરમત | 30 min | બાળકોને વિવિધ ચિત્રો અને તેનાં શબ્દકાર્ડ આપી જોડી બનાવવાની પ્રવૃત્તિ કરાવવી. | | | | | |
| 3 | ગણિત, પર્યાવરણ | 30 min | (1) ઘરગથ્થુ મશીનની વાતચીત ચર્ચા/પ્રવૃત્તિ<br>• બાળગીત: ચાંદોસૂરજ રમતા'તા સરખામણી<br>• વધારે - ઓછું સમાન (જથ્થો) | (6) રમત: રીંગણ-બટાકા<br>• બાળગીત: ધોળા ધોળા બગલા<br>• સરખામણી<br>• શાકભાજીનાં ચિત્રોમાં આંગળી વડે છાપકામ (વર્કશીટ-25) | (11) તમે ખાતા હોય તેવાં શાકભાજીમાં રંગ પૂરો. (વર્કશીટ-27)<br>• બાળગીત: ચાંદોસૂરજ રમતાતા'તા<br>• સમાન વસ્તુઓ શોધો | (16) મુલાકાત દ્વારા શાકભાજી પરિચય<br>• બાળગીત: ધોળા ધોળા બગલા<br>• વિવિધ મૂર્ત વસ્તુઓમાંથી અંક નિર્માણ | (21) શિયાળાની ૠતુની વાતચીત અને પ્રદર્શન<br>• બાળગીત: ચાંદોસૂરજ રમતા'તા<br>• ઉંધા ક્રમમાં સંખ્યાઓ બોલાવવી. | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 4 | સર્જનાત્મક પ્રવૃત્તિ | 30 min | (2) ભીના ચોકથી તળિયા પર રંગ પૂરવા | (7) ભીના ચોકથી તળિયા પર રંગ પૂરવા | (12) ભીના ચોકથી તળિયા પર રંગ પૂરવા | (17) શાકભાજીનો અધૂરો ભાગ જોડો (વર્કશીટ-28) | (22) ભીના ચોકથી તળિયા પર રંગ પૂરવા | |
| | | | નાસ્તો | | | | | |
| 5 | ભાષા | 30 min | (3) પ્રાસવાળા શબ્દો જયેશ જમે - રાધા રમે<br>• જોડકણાગાન: ચાંદાપોળી | (8) મૂળાક્ષરમાં રંગ પૂરો. (વર્કશીટ-26)<br>• જોડકણાગાન: ચોરી કરવા ચાલ્યા ચોર | (13) (વ, ર, સ, દ) થી શરૂ થતા શબ્દો બોલાવવા<br>• જોડકણાગાન: ચાંદાપોળી | (18) ચિત્ર આધારિત વાતચીત (બગીચો) (વર્કશીટ-29)<br>• જોડકણાગાન: ચોરી કરવા ચાલ્યા ચોર | (23) 'સ' થી શરૂ થતા શબ્દો બોલાવવા<br>• જોડકણાગાન: (બાળગીત) ચાંદાપોળી | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 6 | મેદાનની રમત | 30 min | (4) લંગડી | (9) ઘડિયાળ | (14) લંગડી | (19) ઘડિયાળ | (24) લંગડી | |
| 7 | વાર્તા | 15 min | (5) સિંહ અને ઉંદર | (10) વાઘ આવ્યો રે વાઘ | (15) સિંહ અને ઉંદર | (20) વાઘ આવ્યો રે વાઘ | (25) સિંહ અને ઉંદર | |
| 8 | વિદાય | 15 min | આખા દિવસની વાતચીત, શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા વાતચીત | | | | | |

## સપ્તાહ: 9

## દિવસ: 1

**પ્રવૃત્તિ: 1 ઘરગથ્થુ મશીનની વાતચીત. (IL - 3.30)**

- ઘરમાં જોવા મળતાં મશીન જેવાં પંખો, ટીવી, મોબાઇલ, ઇસ્ત્રી, વૉશિંગ મશીન, મીક્ષર જેવાં મશીન વિશે બાળકો સાથે વાતચીત કરવી.

- **બાળગીત:**

### ચાંદો સૂરજ રમતા'તા

અમે ચાંદો સૂરજ રમતા'તા, રમતાં રમતાં કોડી જડી
કોડીનાં મેં ચીભડાં લીધાં, ચીભડે મને બી દીધાં,
બી બધાં મેં વાડમાં નાખ્યાં, વાડે મને વેલો આપ્યો,
વેલો મેં ગાયને નીર્યો, ગાયે મને દૂધ આપ્યું,
દૂધ મેં મોરને પાયું, મોરે મને પીછું આપ્યું,
પીછું મેં બાદશાહને આપ્યું, બાદશાહે મને ઘોડો આપ્યો,
ઘોડો મેં બાવળિયે બાધ્યો, બાવળે મને શૂળ આપી,
શૂળ મેં ટીંબે ખોસી, ટીંબે મને માટી આપી,
માટી મેં કુંભારને આપી, કુંભારે મને ઘડો આપ્યો,
ઘડો મેં કૂવાને આપ્યો, કૂવાએ મને પાણી આપ્યું,
પાણી મેં છોડને પાયું, છોડે મને ફૂલ આપ્યાં,
ફૂલ મેં પૂજારીને આપ્યાં, પૂજારીએ મને પ્રસાદ આપ્યો,
પ્રસાદ મેં બાને આપ્યો, બાએ મને લાડવો આપ્યો,
એ લાડવો હું ખાઈ ગયો ને આવડો મોટો થઈ ગયો.

- **સરખામણી: વધારે - ઓછું, સમાન (જથ્થો) (IL - 3.5, 3.22)**

**સામગ્રી:** જુદા જુદા જથ્થામાં અનાજ અને કઠોળ

**પદ્ધતિ:** બાળકોને ચોખા, ઘઉં, તુવેરદાળ, લોટ વગેરેની ઢગલીઓનું અવલોકન કરાવો અને ઓળખાવો કે કઈ ઢગલી મોટી છે. આ જ રીતે નાના-મોટા કે સમાન જથ્થામાં રહેલ વસ્તુની સરખામણી કરાવો.

**પ્રવૃત્તિ: 2 ભીના ચૉકથી તળિયા પર રંગ પૂરવા**

**સામગ્રી:** રંગીન ચૉક

**પદ્ધતિ:** વર્ગના તળિયા પર ચૉક વડે ચિત્ર દોરવું. ચિત્રમાં ભીના ચૉક વડે રંગ પૂરવા.
તળિયા પર રંગોળી દોરી તેમાં બાળકો પાસે રંગ પૂરાવવા.

**પ્રવૃત્તિઃ 3 પ્રાસવાળા શબ્દોથી બનતાં વાક્યો બોલાવવાં. (EC - 3.7)**

જેમકે... જયેશ જમે

રાધા રમે

- **જોડકણું:**

ચાંદા પોળી,
ઘીમાં ઝબોળી
ઘીના પડ્યા સાંસા,
માસીના વર તે માસા.

**પ્રવૃત્તિઃ 4 લંગડી**

**પદ્ધતિઃ** શિક્ષક બધાં બાળકોને ગોળાકારમાં બેસાડશે.

એક બાળક ગોળની વચ્ચે દાવ લેશે બીજા ત્રણ બાળકોને ઊભાં કરવામાં આવશે. હવે જે બાળક લંગડીનો દાવ લે છે. તે લંગડી લેતાં-લેતાં બીજા બાળકોને પકડવા જશે.

**પ્રવૃત્તિઃ 5 વાર્તા**

## ઉંદર અને સિંહ

એક જંગલમાં સિંહ રહેતો હતો.

ઉનાળાના દિવસો હતા. આકરો તાપ હતો. સિંહ ગરમીથી અકળાઈ ગયો હતો. તે ઝાડના છાંયે બેસી ઊંઘતો હતો. એવામાં એક ઉંદર ત્યાં આવી ચડ્યો. સિંહને ઊંઘતો જોઈ તે તેના શરીર પર દોડાદોડી કરવા લાગ્યો. સિંહના શરીર પર તે રમવા લાગ્યો.

ઉંદર સિંહની કેશવાળી પકડી ઝૂલા ખાતો હતો. ત્યાં તેની પૂંછડી સિંહના કાનમાં ભરાઈ. તેથી સિંહની ઊંઘ ઊડી ગઈ. તેણે 'હાક... છી!' કરી છીંક ખાતાં ખાતાં ઉંદરની પૂંછડી પોતાના પંજાથી દબાવી દીધી.

ઉંદર ખૂબ ડરી ગયો. તે કરગરીને બોલ્યો - સિંહદાદા! આપ જંગલના રાજા છો. મારો એક ગુનો માફ કરી મને છોડી દો. જરૂર પડશે ત્યારે હું એનો બદલો વાળી આપીશ!

સિંહ એ સાંભળી હસી પડ્યો અને બોલ્યો - ઉંદરડા! નાનકડા જીવડા જેવો તું વળી મને શી મદદ કરવાનો?

ઉંદરે હાથ જોડી ફરી વિનંતી કરી - સિંહદાદા, એક વખત મને જીવતદાન આપો. તમારો ઉપકાર જિંદગીભર યાદ રાખીશ. આટલું બોલતાં ઉંદરની આંખમાં આંસુ આવી ગયાં. નાનકડા ઉંદરને રડતો જોઈ સિંહને દયા આવી. તેણે ઉંદરને જવા દીધો.

થોડાક દિવસો પછી સિંહને પકડવા શિકારીઓ જંગલમાં ઘૂસી ગયા. તેમણે સિંહને પકડવા જાળ પાથરી. પછી જાળને સૂકાં પાંદડાંથી ઢાંકી દીધી. સિંહ ત્યાંથી ચાલવા ગયો. પણ તે શિકારીઓએ પાથરેલી જાળમાં ફસાઈ ગયો. શિકારીઓએ તેને જાળમાં બરાબરનો બાંધીને ઝાડની ડાળીએ લટકાવી દીધો. પછી તેઓ તે સિંહને લઈ જવા માટે એક મોટું પાંજરું લેવા ગયા. સિંહે જાળમાંથી છૂટવા ઘણાં ફાંફાં માર્યાં, પણ કંઈ વળ્યું નહિ! થાકીને સિંહે ગર્જના કરવા માંડી.

નાનકડા ઉંદરે સિંહની આ ગર્જનાઓ સાંભળી. તે સિંહનો અવાજ ઓળખી ગયો. તરત જ તે સિંહ પાસે દોડી આવ્યો. આવીને જુએ તો સિંહદાદા ઝાડ ઉપર જાળમાં બંધાયેલા હતા.

ઉંદર બોલ્યો - સિંહદાદા, ધીરજ રાખજો. શિકારીઓ તમને લેવા આવે તે પહેલાં જ હું જાળ કાપી નાખીશ ને તમને બંધનમાંથી છોડાવી દઈશ! એમ કહી ઉંદર ઝાડ પર સડસડાટ ચડી ગયો. પોતાના તીણા દાંતથી જાળ કાપવા માંડી. કટ... કટ... કટ... જોતજોતામાં તીણા દાંત વડે આખી જાળ કોતરી કાઢી.

જાળ કપાતાં સિંહ ભફાંગ અવાજ સાથે જમીન પર પડ્યો. છુટકારાનો દમ લેતાં તે બોલ્યો - મિત્ર, તારો ખૂબ આભાર. મેં મારી ખોટી મોટાઈમાં ફુલાઈને તને નાનો માની તારી પરવા કરી ન હતી, પણ હવે મને તેનો પસ્તાવો થાય છે.

સિંહની વાત સાંભળી ઉંદરને સંતોષ થયો કે ભલે પોતે નાનો રહ્યો, પણ પોતાના પર થયેલા ઉપકારનો બદલો તે બરાબર વાળી શક્યો હતો.

## દિવસ: 2

## પ્રવૃત્તિ: 6 રમત પ્રવૃત્તિ

- ❖ રીંગણ અને બટાકું - બાળકોને વર્તુળમાં ઊભાં રાખવાં. રીંગણ કહે એટલે હાથ ઊંચા કરી જોડીને ઊભા રહેવું અને બટાકું કહે એટલે ઠીંગું બની બેસી જવું.

- **બાળગીત:**

### ધોળા ધોળા બગલા તમે ક્યાં ચાલ્યા?

ધોળા ધોળા બગલા તમે ક્યાં ચાલ્યા?
અમે નદીકિનારે જઈએ,
ઝટપટ માછલાં પકડી લઈએ,
એવા ધોળા ધોળા અમે બગલા રે છઈએ...
ધોળા ધોળા હંસલા તમે ક્યાં ચાલ્યા...?
અમે માનસરોવર જઈએ,
સાચાં મોતી વીણી લઈએ,
એવા ધોળા ધોળા અમે હંસલા રે છઈએ...
ધોળાં ધોળાં સસલાં તમે ક્યાં ચાલ્યાં?
અમે બાગબગીચે જઈએ,
ફૂલને-પાંદડાં ચૂંટી ખાઈએ,
એવાં ધોળાં ધોળાં અમે સસલાં રે છઈએ...

- **સરખામણી (હલકું - ભારે): વજન (IL - 3.5)**

**સામગ્રી:** રૂનો દડો, પ્લાસ્ટિકનો દડો, ટેનિસ દડો, મેચિસ બોલ

**પદ્ધતિ:** બાળકોને એક જ સરખા કદના જુદા જુદા પ્રકારના દડા આપી તેના વજનની-સરખામણી કરાવો. બાળકો પાસે નક્કી કરાવો કે કયો દડો સૌથી ભારે છે અને કયો દડો સૌથી હલકો છે.

- શાકભાજીનાં ચિત્રોમાં આંગળી વડે છાપકામ કરો. (IL - 3.27) (વર્કશીટ-25)

**પ્રવૃત્તિ: 7** ભીના ચોકથી તળિયા પર રંગ પૂરવા. (પુનરાવર્તન)

**પ્રવૃત્તિ: 8** વર્કશીટ: મૂળાક્ષરમાં રંગ પૂરો. (વર્કશીટ-26)

- જોડકણું

ચોરી કરવા ચાલ્યા ચોર
સોની પોળમાં થતો શોર
સિપાઈ મળ્યા સામા,
બાના ભાઈ તે મામા
મામા લાવે છૂક છૂક ગાડી
બાને માટે લાવે સાડી
સાડીના રંગ પાકા
બાપના ભાઈ તે કાકા
કાકા કાકા કારેલાં
કાકીએ વઘારેલાં
કાકી પડ્યાં રોઈ
બાપાની બેન તે ફોઈ
ફોઈ ફૂલડાં લાવે છે.
ફુઆને વધાવે છે,
ફુઆ ગયા કાશી
બાનાં બેન તે માશી.

**પ્રવૃત્તિ: 9** **ઘડિયાળ (HW - 3.5)**

❖ વર્ગની વચ્ચે મોટી ઘડિયાળ દોરવી. ઘડિયાળમાં ગુજરાતીમાં ૧ થી ૧૨ અંક લખવા. વર્ગના ચાર-ચાર બાળકોને દાવમાં લાવવા. પછી શિક્ષકે પૂછવું કે કેટલાં રે કેટલાં બાળકો કહે તમે કહો એટલાં. શિક્ષક કહે, ચાર તો બાળકોનું જૂથ ચાર અંકની પાસે ભેગું ઊભું રહે. આમ, ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ કહેવું. અહીં, દિવસ-રાત શાળાનો સમય વગેરે પણ બોલી શકાય.

❖ સૂવાનો સમય-રમવાનો સમય

❖ આવવાનો સમય-નાહવાનો સમય પણ પૂછવો અને દિનચર્યાને પણ ધ્યાને લેવી.

❖ આમ, રમત પરથી સમયના પરિચય તરફ જવું.

પ્રવૃત્તિ: 10 વાર્તાકથન

## વાઘ આવ્યો રે વાઘ આવ્યો

સુરપુરા નામે એક ગામ હતું. ગામના લોકો ખેતી અને પશુપાલન કરી પોતાનું ગુજરાન ચલાવતા. તેમની વચ્ચે સંપ ઘણો. એક જણ મુશ્કેલીમાં આવે તો બીજા બધા તેની બાજુમાં ઊભા રહી જાય અને મદદ કરે. બધા એકબીજાના સાથ સહકારમાં જીવન ગુજારે.

એક વખત ગામ લોકો પર એક આફત આવી પડી. એક વાઘ ફરતો ફરતો આ ગામની સીમમાં આવી ચડ્યો. આ ગામ લોકોનાં ઘેટાં-બકરાંનો શિકાર સહેલાઈથી મળવા લાગ્યો એટલે વાઘ તો પેંધો પડી ગયો. ગામ લોકો તો મુશ્કેલીમાં મુકાઈ ગયા. રોજેરોજ તેમનાં બે-ચાર ઘેટાં-બકરાં ઓછાં થાય અને વાઘ કોઈ કોઈ વખત માણસો પર પણ હુમલો કરી બેસે તેવું પણ થતું હતું.

ગામ લોકો બાહોસ હતા તેમણે વાઘનો બરાબર મુકાબલો કરવાનું નક્કી કર્યું. એક જુવાન કહે: આપણે એવું કરીએ કે આપણામાંથી જે કોઈ વાઘને દૂરથી આવતો જુએ તેણે બુમરાણ મચાવવી કે 'વાઘ આવ્યો રે વાઘ આવ્યો, ભાઈ ધાજો રે ભાઈ ધાજો' આ બુમરાણ સાંભળી બધાંએ લાકડી લઈ દોડવું અને સાથે મળીને વાઘને મારીને ભગાવી દેવો. બસ, તે દિવસથી એકબીજાની મદદથી વાઘનું સંકટ ઓછું થઈ ગયું.

ગામમાં દિનુ નામનો એક છોકરો ભારે અવળચંડો! તેને તો આમ રાડારાડી થાય અને બધા લોકો હાંફળાફાંફળા થઈ દોડી આવે એ જોઈને ગમ્મત થવા લાગી. તેને ઘણી વખત વિચાર થતો કે લાવને હું બધાને ખોટેખોટા દોડાવું અને ગમ્મત જોઉં. એક દિવસ તેને સાચે જ અવળી બુદ્ધિ સૂઝી. વાઘ નહોતો છતાં બૂમાબૂમ કરી મૂકી 'વાઘ આવ્યો રે ભાઈ વાઘ આવ્યો. ધાજો રે ભાઈ ધાજો.' આ સાંભળીને ગામ લોકો લાકડી લઈને ઝટપટ દોડી આવ્યા, પણ જુએ તો વાઘ ક્યાંય નહિ. દીનુ, જુઓ મેં તમને કેવા ઉલ્લુ બનાવ્યા! એણે આવું એક વાર નહિ પણ ત્રણ-ચાર વખત કર્યું એટલે લોકો પણ સમજી ગયા કે દિનુ પર ભરોસો મૂકવા જેવું નથી.

થોડા દિવસ પછી એવું બન્યું કે દિનુ સીમમાં એકલો જ હતો અને પોતાનાં ઘેંટા-બકરાં ચરાવતો હતો. ત્યારે તેણે ખરેખર દૂરથી વાઘને આવતાં જોયો. છોકરો તો વાઘને જોઈને ખૂબ ડરી ગયો અને બૂમાબૂમ કરી મૂકી: 'વાઘ આવ્યો રે વાઘ આવ્યો. ધાજો રે ભાઈ ધાજો.' ગામ લોકોએ આ સાંભળ્યું પણ તેમને થયું કે આ છોકરાને આવી ખોટી બુમરાણ કરવાની ટેવ જ છે. આપણે કંઈ એમ મદદે દોડી જવાની અને એની ઠેકડીનો ભોગ બનવાની જરૂર નથી. આમ, વિચારી દિનુની મદદ કરવા કોઈ ન ગયું.

વાઘે તો તરાપ મારી બે-ચાર ઘેટાં-બકરાંનો તો શિકાર કર્યો જ. પણ સાથેસાથે દિનુ પર પણ હુમલો કરી તેનો પગ તોડી નાખ્યો! વિકરાળ વાઘની સામે દિનુ બિચારો કંઈ ન કરી શક્યો અને રડીને બેસી રહ્યો.

આમ, દિનુને પોતાને અટકચાળાં કરવાનું ભારે પડી ગયું!

દિવસ: 3

પ્રવૃત્તિ: 11 વર્કશીટ (IL - 3.2) (વર્કશીટ-27)

સામગ્રી: **વર્કશીટ, રંગ**

વિગત: **તમે ખાતાં હોવ તેવાં શાકભાજીમાં રંગ પૂરો.**

- બાળગીત: ચાંદોસૂરજ રમતા'તા (પુનરાવર્તન)

- **સમાન વસ્તુઓ શોધો.**

**સામગ્રીઃ** વર્ગમાં પ્રાપ્ત વસ્તુઓ જેવી કે ચૉક, પેન્સિલ, રબર, સંચો, ચોપડીઓ, દફતર વગેરે.

શિક્ષક બાળકોને કોઈ એક વસ્તુ બતાવશે અને બાળકને વર્ગમાંથી તેવી વસ્તુ બતાવવા કહેશે. બાળક વસ્તુ બતાવશે અને ગણશે શિક્ષક તે સંખ્યા પાટિયા પર લખશે. શિક્ષક જુદા જુદા બાળક પાસે જુદી જુદી વસ્તુ શોધાવશે અને ગણાવશે.

**પ્રવૃત્તિઃ 12 ભીના ચૉકથી તળિયા પર રંગ પુરાવવા (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 13 વ, ર, સ, દ થી બનતા શબ્દો બાળકો બોલે અને શિક્ષક બોર્ડ પર લખે.**

| | | |
|---|---|---|
| | 'વ' | |
| વર્ગ | વજન | પવન |
| વધ | વરખ | કવન |
| જવ | વલણ | કલરવ |
| | 'ર' | |
| ભર | રમત | અરજણ |
| કર | બરફ | કરસન |
| દર | હરણ | અજગર |
| રમ | ભરણ | ભરત |
| | 'સ' | |
| સરસ | વરસ | નસલ |
| રસ | તરસ | મસલ |
| ખસ | દમ | અસલ |
| | 'દ' | |
| દસ | વદન | સદન |
| દક્ષ | મદદ | મદદ |
| વદ | કદમ | |
| દર | | |

- **જોડકણુંઃ ચાંદા પોળી (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 14 રમતઃ લંગડી (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 15 વાર્તાઃ સિંહ અને ઉંદર (પુનરાવર્તન)**

## દિવસઃ 4

**પ્રવૃત્તિઃ 16 મુલાકાત દ્વારા શાકભાજી પરિચય (IL - 3.2)**

(૧) શાકભાજીના ફેરિયા કે શાકભાજીની દુકાનની મુલાકાત કરાવવી અને શાકભાજીનો પરિચય આપવો.

(૨) ચિત્રોની મદદથી શાકભાજીના રંગ, કદ મુજબ વાતચીત કરવી.

(૩) દરેક બાળક એક શાકભાજી કે તેનું ચિત્ર લઈ તેના વિશે બે થી ત્રણ વાક્યો બોલે.

(૪) શાકભાજીનાં નામ બોલવાં - બાળકોને બે જૂથમાં વહેંચવાં અને બંને જૂથમાં એક - એક બાળકને પોતાની જગ્યા પર ઊભાં કરવાં. ઊભાં થયેલાં બાળકોને સૂચના આપવી કે વારાફરતી ઝડપથી એક એક શાકનું નામ બોલે. તે વખતે બેઠેલાં બાળકો તેમને મદદ કરશે. એક વખત બોલાયેલું નામ ફરી વખત ન બોલાવું જોઈએ.

- **બાળગીતઃ ધોળા ધોળા બગલા (પુનરાવર્તન) (IL - 3.15)**
- **વિવિધ મૂર્ત વસ્તુઓમાંથી અંક નિર્માણ**

**સામગ્રીઃ** અનાજના દાણા, બટન, દાળ, કાંકરા, ફૂલ, મણકા, પાંદડાં વગેરે.

બાળકોને કોઈ એક પ્રકારની વસ્તુઓથી કાગળ કે ભોંયતળિયા પર ૦, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ ના અંકો તૈયાર કરાવો. શરૂઆતમાં કાગળ કે ભોંયતળિયા પર અંકો લખી આપો અને તેના પર બાળક પાસે વિવિધ સામગ્રી ગોઠવાવી અંકો તૈયાર કરાવો, ત્યારબાદ બાળકોને જાતે જ અંકો તૈયાર કરવા દો. બાળકો ૦, ૧, ૨, ૩, ૪, ૫... ૯ એમ ક્રમમાં અંકો તૈયાર કરે તેમ કરો.

**પ્રવૃત્તિઃ 17 શાકભાજીનો અધૂરો ભાગ જોડો. (વર્કશીટ-28)**

**પ્રવૃત્તિઃ 18 બગીચાના ચિત્ર આધારિત વાતચીત કરો. (વર્કશીટ-29)**

**પદ્ધતિઃ** બાળકોને ધ્યાનથી બે કે ત્રણ મિનિટ અવલોકન કરવા કહેવું.

**ચિત્ર બતાવીને નીચેના જેવા પ્રશ્ન પૂછવા.**

**પ્રશ્નોઃ-**

૧. આ ચિત્રમાં શું શું દેખાય છે?

૨. આ ચિત્રમાં બાળકો શું કરે છે?

૩. તમને કઈ રમત રમવી ગમે છે?

૪. ઘરમાં તમારી સાથે કોણ રમે છે?

૫. તમારા ઘરે રમવા કોણ-કોણ આવે છે?

૬. તમે રમવા ક્યાં જાઓ છો?

- **જોડકણુંઃ ચોરી કરવા ચાલ્યો ચોર (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 19 રમતઃ ઘડિયાળ (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 20 વાર્તાઃ વાઘ આવ્યો રે વાઘ (પુનરાવર્તન)**

## દિવસઃ 5

**પ્રવૃત્તિઃ 21 શિયાળાની ઋતુ વિશે વાતચીત**

- **બાળગીતઃ ચાંદો સૂરજ રમતાં'તા (પુનરાવર્તન)**
- **ઊલટા ક્રમમાં સંખ્યા બોલાવવી. (IL - 3.10)**

**સામગ્રીઃ** ટોપલી, ૯ ની સંખ્યામાં ફળ કે શાકભાજી

સૌપ્રથમ એક ખાલી ટોપલી લઈ બાળકોને પૂછો કે ટોપલીમાં કેટલી વસ્તુ છે? આ રીતે શૂન્યની વાત કરો. હવે એક - એક વસ્તુ ઉમેરતા જાઓ અને પૂછતા જાઓ કે ટોપલીમાં કેટલી વસ્તુ છે? આ રીતે કુલ ૯ વસ્તુઓ ટોપલીમાં મૂકો. હવે વારાફરતી એક - એક વસ્તુ ટોપલીમાંથી લેતા જાઓ અને પૂછો કે ટોપલીમાં કેટલી વસ્તુ રહી? આ રીતે સમગ્ર ટોપલી ખાલી થઈ જાય ત્યાં સુધી ૯ થી ૦ ના ક્રમમાં ગણતરી કરાવો.

**પ્રવૃત્તિઃ 22 ભીના ચોકથી તળિયા પર રંગ પૂરવા (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 23 'સ' થી શરૂ થતા શબ્દો બોલાવવા.**

| | |
|---|---|
| સગડી | સૂરજ |
| સસલું | સાબર |
| સવાર | સાવજ |

- **બાળગીતઃ ચાંદા પોળી**

**પ્રવૃત્તિઃ 24 રમતઃ લંગડી (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 25 વાર્તાઃ સિંહ અને ઉંદર (પુનરાવર્તન)**

● ● ●

# સપ્તાહ: ૧૦

| ક્રમ | ક્ષેત્ર | સમય | પ્રવૃત્તિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દિવસ 1 | દિવસ 2 | દિવસ 3 | દિવસ 4 | દિવસ 5 | દિવસ 6 |
| 1 | સર્કલ ટાઈમ, આવકાર, હાજરી | 15 min | બાળકો કદમતાલ કરતાં કરતાં વર્ગમાં આવે.<br>ગમતા તહેવાર વિશે મુક્ત ચર્ચા કરાવવી. | | | | | |
| 2 | વર્ગખંડ મુક્તરમત | 30 min | આપણી આસપાસ જોવા મળતાં વિવિધ સાધનોનાં ચિત્રો, જેમ કે પંખો, મિક્ષ્ચર, ફ્રીજ, એસી, પાણીની મોટર વગેરે બતાવી તે કેવી રીતે કામ કરે છે તે વિશે ચર્ચા કરવી. | | | | | |
| 3 | ગણિત, પર્યાવરણ | 30 min | (1) વરસાદના ચિત્રનું વર્ણન (વર્કશીટ-30)<br>• બાળગીત: બટુકભાઈ કેવડા હતા રે<br>• ફળો વિશે જાણીએ - ચર્ચા | (6) ઉનાળાની ઋતુ અંગે વાતચીત<br>• બાળગીત: પશા પટેલના ખેતરમાં<br>• બીજની સંખ્યા મુજબ ફળોનું વર્ગીકરણ (વર્કશીટ-31) | (11) ગીત - સ્વસ્થ રહો, મસ્ત રહોનું ગાન અને પ્રશ્નોત્તરી<br>• બાળગીત: બટુકભાઈ કેવડા હતા રે<br>• શાકભાજી વિશે જાણીએ ચર્ચા | (16) ચોમાસાની ઋતુ અંગે વાતચીત<br>• બાળગીત: પશા પટેલના ખેતરમાં<br>• જમીનની બહાર જમીનની અંદર થતાં શાકભાજી - ચર્ચા | (21) અભિનય કરાવવો<br>• બાળગીત: બટુકભાઈ કેવડા હતા રે<br>• પ્રાણીઓ વિશે જાણીએ - ચર્ચા | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 4 | સર્જનાત્મક પ્રવૃત્તિ | 30 min | (2) રંગોળી બનાવવી વર્ગ સુશોભન | (7) ચીટકકામ | (12) રંગોળી બનાવવી. વર્ગ સુશોભન | (17) રંગપૂરણી | (22) રંગોળી બનાવવી, વર્ગ સુશોભન | |
| | | | **નાસ્તો** | | | | | |
| 5 | ભાષા | 30 min | (3) સરખા શબ્દો પર ◯ કરો.<br>• જોડકણાગાન: જિરાફની તો ડોક લાંબી | (8) ચિત્રવાર્તાનાં ચિત્રોને યોગ્ય ક્રમમાં ગોઠવો (વર્કશીટ-32)<br>• જોડકણાગાન: પાપા પડિયા | (13) ચિત્રના આધારે અક્ષર/ધ્વનિની ઓળખ (વર્કશીટ-33)<br>• જોડકણાગાન: જિરાફની તો ડોક લાંબી | (18) પાણી જ પાણી<br>• જોડકણાગાન: પાપા પડિયા | (23) પાણીની ઉપયોગિતા<br>• જોડકણાગાન: જિરાફની તો ડોક લાંબી | સપ્તાહની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન |
| 6 | મેદાનની રમત | 30 min | (4) પકડદાવ | (9) વાઘનો પંજો | (14) પકડદાવ | (19) વાઘનો પંજો | (24) પકડદાવ | |
| 7 | વાર્તા | 15 min | (5) મધમાખી | (10) ચકો અને ચકી | (15) મધમાખી | (20) ચકો અને ચકી | (25) મધમાખી | |
| 8 | વિદાય | 15 min | આખા દિવસની વાતચીત, શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા/વાતચીત | | | | | |

## સપ્તાહ: 10

## દિવસ: 1

**પ્રવૃત્તિ: 1** **ચિત્રનું વર્ણન કરો. (EC - 3.5b)** (વર્કશીટ-30)

ગીતમાં આવતી વિવિધ ક્રિયાઓના અભિનય સાથે ગીત કરાવો.

### બટુકભાઈ કેવડા હતા રે

બટુકભાઈ કેવડા હતા રે (૨)
બટુકભાઈ આવડા હતા રે (૨)
બટુકભાઈ કેમ કરી પાણી પીતા'તા
બટુકભાઈ ગટક... ગટક,
બટુકભાઈ ગટક ગટક પાણી પીતા'તા... બટુકભાઈ
બટુકભાઈ કેમ કરી ખાણું ખાતા'તા
બટુકભાઈ ભચડ ભચડ,
બટુકભાઈ ભચડ ભચડ ખાણું ખાતા'તા... બટુકભાઈ
બટુકભાઈ કેમ કરી કચરો કાઢતા'તા
બટુકભાઈ આમ કરી,
બટુકભાઈ આમ કરી કચરો કાઢતા'તા... બટુકભાઈ
બટુકભાઈ કેમ કરી કપડાં ધોતા'તા
બટુકભાઈ આમ કરી,
બટુકભાઈ આમ કરી કપડાં ધોતા'તા... બટુકભાઈ

- **ફળો વિશે જાણીએ (IL - 3.2)**

**સામગ્રી:** ફળોનો ચાર્ટ, ચાર્ટપેપર

બાળકોને ફળોનાં જોડકણાં ગવડાવો કે ઉખાણાં પૂછો. જેમ કે, રાતા રાતા રતનજીને પેટમાં જાણે પાણા, સ્વાદે એ તો ખાટાં-મીઠાં, ખાય રંક ને રાણા. (જવાબ: બોર)

હવે બાળકોને પ્રશ્ન પૂછો કે તમે કયાં કયાં ફળ ખાધાં છે? તમને સૌથી વધુ ગમતું ફળ કયું છે? ત્યાર બાદ બાળકો પાસે તેમને ગમતા ફળનું ચિત્ર દોરાવો. બાળકોને વિવિધ ફળ ખાવા પ્રોત્સાહિત કરો. ફળ ખાવાથી થતા ફાયદા જણાવો. ફળના માસ્ક બનાવી બાળકોને પહેરાવો.

**પ્રવૃત્તિ: 2** **રંગોળી બનાવવી તથા વર્ગ સુશોભન (HW - 3.3)**

**સામગ્રી:** કાગળ, પેન્સિલ, સ્કેચપેન, ક્રેયોન, રંગો

- કાગળ પર રંગોળી દોરી તેમાં રંગ પૂરવા
- ભોંયતળિયા પર રંગોળી દોરી તેમાં રંગ પૂરવા.

**પ્રવૃત્તિ: 3 સરખા શબ્દો પર ◯ કરો. (EC - 3.7)**

| | | | | |
|---|---|---|---|---|
| પગ | જગ | પગ | ઘર | ખલ |
| કાન | ગાય | છાલ | બાગ | કાન |
| ચકી | પરી | છબી | ચકી | મઢી |
| ગીતા | મીરા | સીમા | લીલા | ગીતા |

- **જોડકણું:**

જિરાફની તો ડોક લાંબી

ટૂંકા એના કાન

ઊંચા ઊંચા ઝાડ પરથી,

તોડી ખાતું પાન.

**પ્રવૃત્તિ: 4 પકડદાવ:**

શિક્ષક બાળકોને મેદાનમાં લઈ જઈ, એક બાળકને દાવ લેવાનું કહેશે. દાવ લેનાર બાળક બીજાં બાળકોને પકડવા જશે. જે બાળકને પકડશે તે આઉટ થઈ જશે.

**પ્રવૃત્તિ: 5 વાર્તાકથન**

## મધમાખી

એક મોટું ઝાડ હતું. એ ઝાડ ઉપર એટલી બધી કેરીઓ થતી કે વાત જ ના પૂછો! કેરીની સુગંધ એટલી મીઠી આવતી હતી કે બધાં બાળકો ઝાડને વીંટળાઈને જ રહેતાં. એ ઝાડ પર પક્ષીઓ રહેતાં અને મીઠું મીઠું ગાતાં. એ ઝાડ પર એક મોટો મધપૂડો હતો. એમાં બે મધમાખીઓ રહેતી હતી. એકનું નામ હતું બંટી અને બીજીનું નામ હતું બબલી, બંને હંમેશાં સાથે જ રહેતાં હતાં. બંને એકબીજા સાથે હળીમળીને રહેતાં હતાં. બંને રોજ સવારે સરસ મજાનાં ગીતો ગાતાં અને મધ એકઠું કરતાં. એમનું ગીત જાદુઈ હતું. એ જેવાં ગીત ગાય તેવું ફૂલ ખીલી જતું અને ઢગલાબંધ મધ આપતું.

એક દિવસ એક રાક્ષસ એ જંગલમાં આવ્યો. એણે આ ગીત સાંભળ્યું, એને થયું ‘‘આ મધમાખી ખૂબ જ સરસ ગાય છે. હું એને મારા રાક્ષસોના ગામમાં લઈ જાઉં. એ ગીત ગાશે અને ઢગલાબંધ મધ લાવશે. હું રોજ મધ રોટલા સાથે ખાઈશ અને જાડોપાડો થઈશ.’’ રાક્ષસ એક ફૂલમાં જાદુ કરીને ભરાઈ ગયો. જેવી બંટી મધમાખી અંદર પેઠી કે તરત જ રાક્ષસે એને પકડી લીધી. બબલી મધમાખી ફૂલની બહાર બેઠી-બેઠી બંટીની રાહ જોતી જ રહી. એ જાદુઈ ગીત ગાય તો ફૂલની પાંખડીઓ ખૂલે ખરી પણ બંટી બહાર ન આવે! બબલીને થયું કે કશુંક થયું લાગે છે. એણે ફૂલની પાંખડીઓ ખોલતાં જોયું કે એક નાનકડો રાક્ષસ બંટીને હાથમાં લઈને બેઠો છે. બબલી ખૂબ જ ગુસ્સે થઈ ગઈ. એ માખી મધમાખીની સેનાને બોલાવી લાવી. હજારો મધમાખીઓએ રાક્ષસ ઉપર હુમલો કર્યો. રાક્ષસ ગભરાઈને તાડ જેવો મોટો થઈ ગયો. મધમાખી તો એના શરીર ઉપર ચોંટી જ પડી. રાક્ષસના આખા શરીરે લાય બળવા લાગી. બધી મધમાખીઓ એકસાથે રાક્ષસના શરીરે ચોંટી પડી. રાક્ષસ ચીસો પાડતો-પાડતો ભાગી ગયો.

## દિવસ: 2

**પ્રવૃત્તિ: 6 ઉનાળા વિશે વાતચીત (HW - 3.5)**

❖ બાળકો સાથે નીચેના પ્રશ્નો પૂછી ચર્ચા કરવી.

- ઉનાળામાં શું શું થાય છે?
- ઉનાળામાં કેવાં કપડાં પહેરીએ છીએ?
- ઉનાળામાં શું પીવું ગમે છે?
- ઉનાળામાં ગરમી ન લાગે તે માટે શું કરીએ છીએ?
- ઝાડ નીચે ગરમી કેમ ઓછી લાગે?

- બાળગીત:

### પશા પટેલના ખેતરમાં

પશા પટેલના ખેતમાં તો, ખેતરમાં તો.
મજા મજા, ભાઈ, મજા મજા... પશા.
છાણનું તો ખાતર નાખ્યું.
હળથી ખેતર ખેડ્યું,
સારા સારા દાણા વાવ્યા,
મજા મજા, ભાઈ, મજા મજા... પશા.
ઝરમર ઝરમર મેહુલો આવશે,
ખેતર આખું લીલુંછમ થાશે,
મોટી મૂઠ શાં ડૂંડાં ફાટશે,
મજા મજા, ભાઈ, મજા મજા... પશા.
દાણા ખાવા પંખી આવશે,
ચકલી આવશે, ચીં ચીં કરશે,
કાગડો આવશે, કા કા કરશે,
ચાડિયો મોટા ડોળા બતાવશે,
મજા મજા ભાઈ, મજા મજા... પશા.

- **બીજની સંખ્યા મુજબ ફળોનું વર્ગીકરણ કરો. (IL - 3.5) (વર્કશીટ-31)**

**સામગ્રી:** જુદા જુદા પ્રકારનાં ફળ કે તેનાં ચિત્રો

બાળકોને વિવિધ ફળ કે ચિત્ર બતાવી તેમાં કેટલાં બીજ હોય તે પૂછો. જેમ કે, દ્રાક્ષ કે કેળામાં બીજ હોતાં નથી. બોર, જાંબુ કે કેરીમાં એક જ બીજ હોય છે. સફરજનમાં થોડાં બીજ હોય છે. જ્યારે તડબૂચ, ટેટી કે પપૈયામાં ઘણાંબધાં બીજ હોય છે.

**વર્ગશીટની સમજ:**

- ❖ બીજ ન હોય તેવા ફળ પર ◯ કરો.
- ❖ એક બીજ હોય તેવા ફળ પર □ કરો.
- ❖ ઓછા બીજ હોય તેવા ફળ પર △ કરો.
- ❖ વધુ બીજ હોય તેવા ફળ પર ▭ કરો.

**પ્રવૃત્તિ: 7** બાળકો પાસે ગોળ, ત્રિકોણ, ચોરસ, લંબચોરસ જેવા જુદા જુદા આકારો કપાવી ચોંટાડવાનું કહો.

**પ્રવૃત્તિ: 8** ચિત્રવાર્તાને યોગ્ય ક્રમમાં ગોઠવી વાર્તા કહેવી. (વર્કશીટ-32)

- **જોડકણું:**

પાપા પડિયા,<br>
ભાઈ સાથે લડિયા,<br>
થોડુંક રડિયા,<br>
આંસુડાં દડિયાં,<br>
ભાઈ ભરે બકી,<br>
જાણે ચકો-ચકી.

**પ્રવૃત્તિ: 9** વાઘનો પંજો (HW - 3.16)

**પદ્ધતિ:** એક બાળકના બંને હાથ સાથે રાખીને કોણીમાંથી રૂમાલ વડે બાંધી દેવા. આ બાળક હવે હાથના બે પંજા વડે વર્તુળમાંનાં બાળકોને અકડવા જશે. જેમને - જેમને તે અડકશે તેઓ આઉટ થશે.

**પ્રવૃત્તિ: 10** વાર્તાકથન

## ચકો અને ચકી

એક હતો ચકો અને એક હતી ચકી. ચકો લાવ્યો ચોખાનો દાણો અને ચકી લાવી મગનો દાણો. ચકીએ ચૂલા પર ખીચડી રાંધવા માટે મૂકી. ચકી બોલી, 'ચકા! તું ખીચડીનું ધ્યાન રાખજે. હું પાણી ભરી આવું.' ચકો કહે 'ભલે'. ચકી ગઈ એટલે ચકો તો રંધાઈ ગયેલી ખીચડી ખાઈ ગયો. એટલામાં ચકી પાણી ભરીને આવી. ચૂલા પાસે જઈને જુએ છે તો ખીચડીની તપેલી ખાલી! એણે ચકાને પૂછ્યું તો ચકો કહે, 'મને ખબર નથી, પણ રાજાનો કૂતરો આવ્યો હતો, એ ખાઈ ગયો હશે.'

ચકી તો ઊપડી રાજા પાસે. રાજાના દરબારમાં જઈને કહે, 'રાજાજી! રાજાજી આ તે કેવું? તમારો કૂતરો અમારી ખીચડી ખાઈ ગયો, એને સજા કરો.'

'રાજાએ તરત જ સિપાઈને મોકલીને કૂતરાને બોલાવ્યો, હકીકત પૂછી. કૂતરો કહે, 'હું તો ચકીના ઘરે ગયો જ નથી, ચકાને જ પૂછો. એ જ ખીચડી ખાઈ ગયો હશે.' રાજાએ તરત જ સિપાઈને મોકલ્યો, સિપાઈ તો ચકાને પકડી લાવ્યો. પૂછ્યું 'ચકા! સાચું બોલ, તેં ખીચડી ખાધી છે?' ચકાએ પહેલાં તો ના પાડી. રાજા કહે, 'આ ચકો ખોટું બોલે છે. એનું પેટ ચીરીને તપાસ કરો.'

ચકો તો ગભરાઈ ગયો. એણે પોતાનો ગુનો કબૂલી લીધો. રાજાએ એને સજા ફરમાવી કે તું જાતે જઈને ચોખા-મગ શોધી લાવીને ખીચડી બનાવ. ચકો ચોખા-મગ શોધી લાવ્યો. એ પછી બંનેએ ખીચડી રાંધી અને ખાધી.

## દિવસઃ 3

### પ્રવૃત્તિઃ 11 સ્વસ્થ રહો - મસ્ત રહો (HW - 3.1)

**વર્ગની શરૂઆતમાં 'સ્વસ્થ રહો - મસ્ત રહો' ગીત ગવડાવી પ્રશ્નો પૂછો.**

**સ્વસ્થ રહો - મસ્ત રહો**

સ્વસ્થ રહો - મસ્ત રહો
સવારે ઊઠો તો - મસ્ત રહો
બ્રશ કરો તો - મસ્ત રહો
દૂધ પીઓ તો - સ્વસ્થ રહો
સફાઈ કરો તો - મસ્ત રહો
રોટલી ખાઓ તો - સ્વસ્થ રહો
સવારે નહાઓ તો - મસ્ત રહો
સાબુ લગાવો તો - સ્વસ્થ રહો
રમત રમો તો - મસ્ત રહો
વાળ ઓળો તો સ્વસ્થ રહો.
નાચો કૂદો તો - મસ્ત રહો.

❖ તમે રોજિંદા કઈ કઈ ક્રિયાઓ કરો છો? (જરૂર પડે તો ગીતની ક્રિયાનાં નામ ફરી વાર કહેવાં)

- તમે બ્રશ કેવી રીતે કરો છો?
- તમે કેટલા વાગે ઉઠો છો?
- તમે દૂધ પીઓ છો? (હા, તો કેટલું?)
- તમે સફાઈ કરો છો? (હા, તો શેની શેની?)
- તમે કેટલી રોટલી ખાઓ છો?
- તમે સાબુ વાપરો છો? (ક્યારે ક્યારે?)

- બાળગીતઃ બટુકભાઈ કેવડા (પુનરાવર્તન)
- શાકભાજી વિશે જાણીએઃ ચર્ચા (IL - 3.2)

**સામગ્રીઃ** શાકભાજીના નમૂના, શાકભાજીનો ચાર્ટ

શાકભાજીનાં વિવિધ ઉખાણાં કે જોડકણાં ગવડાવો જેમ કે રાતા-રાતા રતનજી, ને ઉપર લીલાં પાન.

બાળકોને વિવિધ શાકભાજી કે તેનાં ચિત્રો બતાવી તેનાં નામ પૂછો. બાળકોએ ખાધાં હોય તેવાં શાકનાં નામ પૂછો. તમને મનપસંદ શાક વિશે પૂછો, શાકભાજીના ફાયદા જણાવો અને વિવિધ શાકભાજી ખાવા પ્રોત્સાહિત કરો.

**પ્રવૃત્તિ: 12 રંગોળી બનાવવી અને વર્ગ સુશોભન (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 13 ચિત્રના આધારે અક્ષર/ધ્વનિ ઓળખી શબ્દ બોલો. (EC - 3.8b)** (વર્કશીટ-33)

**સામગ્રી:** ચિત્રો અને અક્ષરકાર્ડ

**પદ્ધતિ:** વર્કશીટનાં ચિત્રો બતાવીને તેનાં નામ કહો. દરેક નામનો પહેલો અક્ષર બોલો અને બોલાવડાવો.

| ક્રમ | ચિત્ર | શબ્દ | મૂળાક્ષર |
|---|---|---|---|
| 1 | ગણપતિનું ચિત્ર બતાવીને | ગણપતિ | ગ |
| 2 | મરચાનું ચિત્ર બતાવીને | મરચું | મ |
| 3 | નગારાનું ચિત્ર બતાવીને | નગારું | ન |
| 4 | જલેબીનું ચિત્ર બતાવીને | જલેબી | જ |
| 5 | બતકનું ચિત્ર બતાવીને | બતક | બ |
| 6 | દડાનું ચિત્ર બતાવીને | દડો | દ |
| 7 | સસલાનું ચિત્ર બતાવીને | સસલું | સ |
| 8 | રથનું ચિત્ર બતાવીને | રથ | ર |
| 9 | વડનું ચિત્ર બતાવીને | વડ | વ |

- **જોડકણું:**

  **જિરાફની તો ડોક લાંબી (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 14 રમત: પકડદાવ (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 15 વાર્તાકથન: મધમાખી (પુનરાવર્તન)**

## દિવસ: 4

**પ્રવૃત્તિ: 16 ચોમાસાની ઋતુની વાતચીત અને સામગ્રીનું નિદર્શન**

**નમૂનાના પ્રશ્નો:**

- આપણે છત્રી ક્યારે ઓઢીએ છીએ?
- વરસાદ પડે એને કઈ ઋતુ કહેવાય?
- વરસાદથી બચવા આપણે શું શું કરીએ છીએ?
- ચોસામાની ઋતુમાં શું શું ખાવાની મજા આવે?

- **ગીત: પશા પટેલના (પુનરાવર્તન)**
- **જમીનની અંદર અને જમીનની બહાર થતાં શાકભાજીની ચર્ચા.**

બાળકોને વિવિધ શાકભાજી કે તેનાં ચિત્ર બતાવી તે જમીનની અંદર થાય કે જમીનની બહાર તે પૂછી બાળકને વિવિધ શાકભાજી નિયમિત ખાવા પ્રોત્સાહિત કરો.

**પ્રવૃત્તિ: 17 સર્જનાત્મક વિવિધ શાકભાજીના ચિત્રો દોરાવી તેમાં રંગ પુરાવો. (IL - 3.8c)**

**પ્રવૃત્તિ: 18 પાણી જ પાણી**

**સામગ્રી:** કાચનો પ્યાલો, સારું અને ડહોળું પાણી, ચૉક, લખોટી, કાગળ, પ્લાસ્ટિકનો મણકો.

(૧) બાળકોને 'કેટલે કેટલે પાણી'ની રમત રમાડવી.

**બાળકોને નીચેના પ્રશ્નો પૂછો.**

- તમારા ઘરમાં પીવાનું પાણી ક્યાંથી આવે છે?
- તમારા ઘરમાં પાણીનો કઈ-કઈ ક્રિયાઓમાં ઉપયોગ થાય છે?
- તમે રોજ કેટલા ગ્લાસ પાણી પીઓ છો?
- તમારા ઘરમાં પાણી ભરવા માટેનું મોટામાં મોટું સાધન કયું છે?
- કઈ ક્રિયા એવી છે જેમાં પાણીનો ઉપયોગ થતો નથી?

❖ બાળકોને વર્ગમાં નીચેની પ્રવૃત્તિઓ કરાવો. સ્વચ્છ અને ડહોળું પાણી દર્શાવવું.

(૨) ડોલમાં પાણી લઈ વર્ગની મોટી ચીજવસ્તુઓ (ચૉક, લખોટી, પ્લાસ્ટિકનો મણકો, કાગળનો ડૂચો, પેન્સિલ) ડોલમાં નાખીને બાળકોને બતાવો કે કઈ વસ્તુ ડૂબે છે અને કઈ વસ્તુ તરે છે? આ પ્રયોગ બાળકોને પણ કરવા માટેની તક આપવી.

(૩) બાળકોને નદી, તળાવ, કૂવો, વરસાદ, ચેકડેમ, ડંકી, નળ જેવા પાણીના સ્રોત વિશે પ્રશ્નોત્તરી સાથે સમજ આપો.

- **જોડકણાં: પા, પા, પડિયા (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 19 વાઘનો પંજો (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિ: 20 ચકો ચકી (પુનરાવર્તન)**

## દિવસ: 5

**પ્રવૃત્તિ: 21 અભિનય**

**વર્ગમાં બાળકોને એક એક સૂચના આપો. સૂચના આપ્યા બાદ બાળકો સમૂહમાં અભિનય કરશે.**

**ઉદા. છોડને પાણી પાવું**

- કપડાં ધોવાં
- વાસણ માંજવાં
- બાથરૂમ સફાઈ
- રંગકામ કરવું
- કચરાપોતાં કરવાં
- શીશીમાં પાણી ભરવું
- શીંગ ફોલવી

- **ગીત: બટુકભાઈ (પુનરાવર્તન) (IL - 3.2)**
- **પ્રાણીઓ વિશે જાણીએ: ચર્ચા**

**સામગ્રીઃ** પ્રાણીઓનાં ચિત્રો, ચાર્ટ કે રમકડાં આપો. તેમજ વિવિધ પ્રશ્નો પૂછો જેમ કે... ઘરની ચોકી કોણ કરે છે? આપણને દૂધ કોણ આપે છે? ઊન કયું પ્રાણી આપે છે? કુંભારને ઉપયોગી પ્રાણી કયું છે? આ રીતે વિવિધ પ્રશ્ન પૂછો. પાલતુ પ્રાણીઓ વિશે ચર્ચા કરો. બાળકોને સમજાવો કે પ્રાણીઓ આપણા માટે કેવી રીતે ઉપયોગી છે. પ્રાણીઓ પ્રત્યે દયાળુ બનવા તેમજ તેમને ખોરાક આપવા પ્રોત્સાહન આપો.

**પ્રવૃત્તિઃ 22 રંગોળી બનાવવી. (પુનરાવર્તન) (IL - 3.8c)**

**પ્રવૃત્તિઃ 23 પાણીની ઉપયોગિતા**

(૧) બાળકોને 'ડ્રાઉં ડ્રાંઉં અમે દેડકાજી' ગીત ગવડાવવું.

(૨) બાળકો સાથે પાણીના સ્રોત વિશે પ્રશ્નોત્તરી કરવી.

- તમે પાણી ક્યાંથી લાવો છો?
- પાણી ભરેલું ક્યાં ક્યાં જોયું છે?
- સૌથી વધારે પાણી ક્યાં હોય છે?

- **જોડકણુંઃ જિરાફની તો ડોક લાંબી (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 24 રમતઃ પકડદાવ (પુનરાવર્તન)**

**પ્રવૃત્તિઃ 25 વાર્તાઃ મધમાખી (પુનરાવર્તન)**

• • •

## મારી નોંધ



# વિદ્યા પ્રવેશ

## શિક્ષક આવૃત્તિ - ધોરણ ૧

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન


નિર્માણ

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર.
ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૫

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર